SDI
SUNNI DAWATE ISLAMI
WORLDWIDE ISLAMIC MOVEMENT

# પયગામાતે નૂરી

**મુસન્નિફ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**
(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

## અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,
Web.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૨૩૦ | આવૃત્તિ–૨ | પ્રત : ૩૫૦૦ |
| ૨૯–રજબુલ મુરજ્જબ | હિ.સ. ૧૪૩૮ | એપ્રિલ–૨૦૧૭ |

noorani art Mob. 9427464411

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ✍ **પ્રકાશકના બે બોલ..** | 03 |
| જુલ્મ અને અત્યાચાર કરવાથી રોકાઈ જાવ ! | 05 |
| ઈમામ અહમદ રઝાની કામયાબીનું રાઝ | 07 |
| અલ્લાહની રહમત તેના ગઝબથી વિશેષ છે ! | 09 |
| આપણી વાતોમાં અસર કેમ નથી ? | 12 |
| મહેનતની અઝમત તથા તેનું મહત્વ | 14 |
| નિરાશ થવું મોમિનને શોભા નથી દેતું | 17 |
| સફળતા તથા નિષ્ફળતાનું માપદંડ | 19 |
| મહબ્બતે રસૂલ જ સર્વ કાંઈ છે ! | 21 |
| કર્બલાના બનાવનો અતિ મહત્વનો સબક઼ : સબ્ર તથા અડગતા | 24 |
| શું આપણને નેકી કરીને ખુશી થાય છે ?! | 26 |
| ઈશ્ક઼ે રસૂલ જાને ઈમાન છે ! | 29 |
| સારાઓની સોહબત અપનાવો ! | 31 |
| ગામડાંઓ પર ધ્યાન કરવાની ખાસ જરૂરત છે ! | 33 |
| વાતોની નહીં કામની જરૂરત છે ! | 36 |
| મુસલમાનોની નાસમજી અને તેનો ઈલાજ | 38 |
| હમ ગરીબોંકે આક઼ા પે બેહદ દુરૂદ | 41 |
| યોગ્ય પરીક્ષણ (તપાસ) વિના ઈલાજ ફાયદામંદ નથી | 43 |
| નેક લોકોની સોહબતનું ઈનામ | 45 |
| નિરાશાઓનો ઈલાજ અલ્લાહ પર ભરોસો | 47 |
| આવો ! વાદીએ નૂરની તરફ..... | 49 |
| નબી ﷺની બેઅદબી ક઼ૌમોની તથા દેશોની તબાહીને નિમંત્રે છે | 52 |
| ખૂદગર્ઝી(સ્વાર્થીપણા)થી બચો ! | 54 |
| અમલોમાં ઈખ્લાસ બેહદ જરૂરી | 57 |
| દૌલતનો સહીહ ઉપયોગ કરો | 59 |
| બોલો નહીં ! કરીને બતાવો ! | 61 |
| દુઃખિયારી ઉમ્મતની પરેશાની દૂર કરો ! | 64 |
| મુસલમાનો ! ગમ ન કરો ! | 66 |
| નવા ઈસ્લામી વર્ષમાં આપણે શો મનસૂબો બનાવ્યો ? | 68 |
| મદ્રસાના ફારિગો સાથે કેટલીક વાતો ! | 71 |
| દુઆમાં અંબિયાએ કિરામની સુન્નત અપનાવો ! | 73 |
| મેં અમેરિકામાં શું જોયું ?! | 76 |
| અશરફિયાની ચળવળની ક્રાંતિકારી અસરો | 78 |
| યા અલ્લાહ ! અમને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ના સાચા ગુલામ બનાવી દે | 80 |
| નિષ્ફળતાનું મૂળ કારણ | 83 |

# પ્રાસંગિક બે બોલ

بسم اللہ الرحمن الرحیم

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ   اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આપના કર કમળમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી, દાઈએ કબીર, વક઼ારે અહલે સુન્નત, અતાએ મુફ્તીએ આ'ઝમે હિંદ **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી** مدظلہ العالی ના લખેલ વિવિધ સંજોગોમાં વિવિધ વિષયમાં દીનની પ્રતિ દા'વત આપતી નસીહતો, સોનેરી કથનોનો એક અણમોલ ખજાનો **'પયગામાતે નૂરી'** (ભાગ : ૧) નામથી અમો રજૂ કરતાં ખૂબ ખુશી અનુભવીએ છીએ.

અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી** مدظلہ العالی ની જાત એ ઓળખની મોહતાજ નથી. જેમણે પાછલા ૨૭ વરસથી (લગભગ) તો વિશ્વ વ્યાપી વિખ્યાત તેહરીક "સુન્ની દા'વતે ઈસ્લામી" થકી દેશભરમાં ઉપરાંત, યુ.કે., યુ.એસ.એ., દુબઈ, આફ્રિકા વગેરે દેશોમાં તબ્લીગી તર્બિયતી ઈજતેમાઓ યોજીને હજારો યુવાનોની જિંદગીમાં ઈસ્લામી ક્રાંતિ સર્જી છે તેમજ દીનો સુન્નિયતનો, મસ્લકે આ'લા હઝરતનો ડંકો વગાડયો છે. તેમજ તેહરીક હેઠળ ચાલતા પચાસેક ઉપરાંત દારુલ ઉલૂમો, તર્બિયતી સેન્ટરો, સ્કૂલો વગેરે સ્થાપીને ક઼ૌમની હર તરફથી ખિદમત અંજામ આપી રહેલ છે.

તેહરીરી (લેખનકાર્યના) મેદાનમાં પણ આપે અનેક કિતાબો બરકાતે

શરીઅત, બરકાતે સુન્નતે રસૂલુલ્લાહ ﷺ, બરકાતે શરીઅત બરાએ ખવાતીન, કૌમોં કી તબાહી કા સબબ, તોહફાએ નિકાહ, મા'મૂલાતે હરમૈન, ઈસ્લામિયાત (૧–૨), સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મવાઈઝે નૂરીયહ, ઈસ્લામી તા'લીમી નિસાબ, નૂરી અવરાદો વઝાઈફ, અસ્લાફ કા દૌરે તા'લિબે ઈલ્મી, મઆરિફે ઉસૂલે હદીષ.... વગેરે સંપાદિત કરી છે.

સુન્ની દા'વતે ઈસ્લામી (ઉર્દૂ મંથલી) મુંબઈ થકી આપ ખાસ પયગામ દરેક અંકમાં પ્રસિદ્ધ કરે છે. જેને વાંચી ચિંતન કરી આપણી અમલી જિંદગીમાં એને ઉતારવાની જરૂરત છે. એવા કેટલાક પયગામોનો સંગ્રહ અત્રે ગુજરાતી પોશાકમાં અમો રજૂ કરીએ છી જે ''બરકાતે ખ્વાજા'' (માસિક)માં ક્રમે ક્રમે પ્રસિદ્ધ થતા રહ્યા. ઉમ્મીદ છે એનાથી દીની જિંદગી જીવવાનો, દીની કામોનો પણ હોસલો નસીબ થશે.

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(ખલીફા : હુઝૂર તાજુશ્શરીઅહ્, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

*(તા. ૨૭–એપ્રિલ–૨૦૧૭, જુમ્આ, હિ.સ. ૧૪૩૮, ૧–શાબાનુલ મુઅઝ્ઝમ)*

## ★ મુઝ્દએ બખ્શિશ ★

દિલકી દુન્યાકો સજાઓ આકા અપની ઉલ્ફતમેં જિલાઓ આક઼ા
શૌકે દીદારમેં સોઉં જિસ શબ અપના દીદાર કરાઓ આક઼ા
મેરે દિલકી હૈ તમન્ના હર દમ અપના ઘર ઉસકો બનાઓ આક઼ા
ગમે દુન્યામેં ન આંસૂં નિકલે અપની ઉલ્ફતમેં રુલાઓ આક઼ા
હુબ્બે દુન્યાસે બચાના મુઝકો મુઝકો અપના હી બનાઓ આક઼ા
શબે મીલાદકે સદકે મુઝકો ફિરસે તય્બહ્મેં બુલાઓ આક઼ા
યાદ તય્બહ્કી ફિર સતાતી હૈ સદકે મુર્શિદકે બુલાઓ આક઼ા
મેરે મુર્શિદકો અતા હો રિફઅત ઉનકે રુત્બેકો બળ્હાઓ આક઼ા
જિત્ને મો'મિન હૈં પરેશાં દાતા સબકી બિગળીકો બનાઓ આક઼ા
આખરી દમ ભી અદા હો સુન્નત પીર કે દિન જો કઝા હો આક઼ા
મુઝકો ફિર દુશ્મનોંને ઘેરા હૈ અપને દામનમેં છુપાઓ આક઼ા
'શાકિરે રઝવી' હૈ આસી શાહા મુઝદા બખ્શિશકા સુનાઓ આક઼ા

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

# જુલ્મ અને અત્યાચાર કરવાથી રોકાઈ જાવ !

આજે થોડી દૌલત મળી જાય અથવા થોડા દિવસોનો અધિકાર અને નામના મળી જાય અથવા કોઈ ઉચ્ચ હોદ્દા પર બિરાજેલ વ્યક્તિથી નિકટતા પ્રાપ્ત થઈ જાય તો ગરીબ અને કમજોરો પર શક્તિવાન લોકો જુલ્મ કરવા લાગે છે અને એવા ભરમમાં રહેવા લાગે છે કે અમે જે ચાહીએ કરીએ, અમને કોઈ આંચ આવવાની નથી અને ન કોઈ અમારુ બગાડી શકે છે ! બલ્કે આ જાલિમો એટલા સખત દિલ થઈ જાય છે કે દરેક ગરીબની ઈજ્જત અને તેના માલ અને દૌલત વગેરેને પોતાના માટે હલાલ સમજવા લાગે છે. કાશ ! આ જાલિમો કુર્આને મુકદ્દસની રોશનીમાં પોતાના પરિણામથી ખબરદાર રહેતા તો જુલ્મનો દરવાજો પોતાના પર ક્યારેય ન ખોલતા. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ﷻ ઈર્શાદ ફર્માવે છે : અને ટૂંક સમયમાં **જાલિમોને ખબર પડી જશે** કે તેઓ કઈ તરફ ફરી રહ્યા છે !" *(સૂરએ શુઅરા : ૨૨)*

મોહસિને કાઈનાત હુઝૂર તાજદારે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, બેશક ! અલ્લાહ તઆલા જાલિમને મોહલત આપે છે ત્યાં સુધી કે જ્યારે તેને પકડે છે તો નથી છોડતો, પછી આપ ﷺએ આ આયતે કરીમા તિલાવત ફર્માવી : "અને એવી જ પકડ છે તારા રબની જ્યારે વસ્તીઓને પકડે છે તેમના જુલ્મ પર **બેશક ! તેની પકડ ખૂબ જ દર્દનાક સખ્ત છે."** *(સૂરએ હૂદ : ૧૦૨)*

તાજદારે કાઈનાત ﷺએ ફર્માવ્યું, "જે વ્યક્તિના ઝિમ્મામાં તેના મુસલમાન ભાઈનો હક્ક હોય, ઈજ્જત પ્રત્યે અથવા બીજી કોઈ ચીજ વસ્તુ હોય તેને જોઈએ કે આજે જ અદા કરી દે અથવા માફ કરાવી લે ત્યાર પહેલાં કે તે સમય આવે જ્યારે તેની પાસે ન કોઈ દિરહમ હશે

અને ન કોઈ દીનાર. જો તેનો અમલ સારો હશે તો તે તેના હક્કના પ્રમાણે લઈ લેવામાં આવશે અને જો તેની પાસે નેકી હશે તો બીજા આદમીના ગુનાહોમાંથી કોઈ ગુનોહ લઈ તેના પર નાખી દેવામાં આવશે. *(સહીહ બુખારી, ભાગ : ૧, પેજ : ૨૩)*

પ્યારા વાંચક મિત્રો ! જુલ્મ કરવાવાળો જ્યારે જુલ્મ કરે છે તો પોતાને શક્તિમાન અનુભવે છે અને તે એ ખયાલમાં રહે છે કે મારું કોઈ કાંઈ નથી બગાડી શક્તું અને બેખૌફ, નીડર બનીને જુલ્મમાં પરોવાયેલો રહે છે, આવા જ લોકોના માટે અલ્લાહ ﷻ એ કુર્આને મુકદસમાં ફર્માવ્યું, અને ક્યારે પણ ખુદાને બેખબર ન જાણવો જાલિમોના કાર્યોથી, તેઓને ઢીલ નથી આપતો પરંતુ એવા દિવસ માટે જેમાં આંખો ઉઘાડીને ઉઘાડી રહી જશે. *(ઈબ્રાહીમ : ૪૨)*

એ જ રીતે આકાએ કરીમ ﷺ એ જયારે હઝરત મઆઝ رحمۃ اللہ علیہ ને યમનની તરફ મોકલ્યા તો ફર્માવ્યું, **"મઝલૂમની બદ્દુઆથી બચવું કેમ કે તેના અને અલ્લાહ વચ્ચે કોઈ પર્દો નથી હોતો."** *(જામેઅ તિર્મિઝી)*

અને કેટલીક કિતાબોમાં છે : **અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, તે લોકો માટે મારો ગઝબ ખૂબ જ સખ્ત છે જે એવા લોકો પર જુલ્મ કરે છે જે મારા સિવાય કોઈ મદદગાર નથી ધરાવતા.**

ઉપરોક્ત કથનોથી આ વાત જાહેર થઈ કે જુલ્મ ખૂબ જ ખતરનાક અમલ છે. પ્યારા વાંચક મિત્રો ! રમઝાન મુબારક નજીક આવી રહી છે, એની મુબારક પળોમાં આપણો અને સૌનો ખાલિક અને માલિક ગુનહેગારોની તૌબા કબૂલ ફર્માવે છે, જેથી જો કોઈના દિલને તમારાથી તકલીફ પહોંચી હોય અથવા કોઈની ઉપર જુલ્મ થઈ ગયો હોય જાણી જોઈને અથવા ભૂલથી તો માફી માંગી લો, નહીં તો કયામતના દિવસે ખૂબ જ તકલીફ અને પરેશાનીમાં મૂકી દેશે.

અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં દુઆ છે કે મારાથી કોઈના દિલને તકલીફ પહોંચી હોય તો રહમતે આલમ ﷺ ના સદકામાં માફ ફર્માવી દે. (આમીન) *–(હવાલો : બરકાતે ખ્વાજા –માસિક, ઓગષ્ટ–૨૦૧૩)*

# ઈમામ અહમદ રઝાની કામયાબીનું રાઝ

માનવજાતની દરેક વ્યક્તિ કામયાબીને પસંદ કરે છે. અને નાકામીને પસંદ નથી કરતી. મુદર્રિસ પઢાઈમાં, ખતીબ તક઼રીરમાં, દાઈ દા'વત અને તબ્લીગમાં, વિદ્યાર્થી પરીક્ષામાં, વેપારી વેપારમાં, રાજકરણી રાજકરણમાં, દરેક માણસ કામયાબીને પસંદ કરે છે, કોઈપણ નાકામીને જોવાનું પસંદ નથી કરતું. ઉપરના દરેક વિભાગમાં કામયાબ પણ એ જ થાય છે જે પ્રમાણિક્તાની સાથે કુર્બાની આપે છે, મહેનત કરે છે અને પોતાના મક઼સદને નજર સામે રાખે છે.

આજે મુસ્લિમ ક઼ોમનો દરેક શખ્સ કામયાબીની આશા રાખે છે, પણ એવું લાગે છે કે કામયાબી આપણાથી નારાજ થઈ ગઈ છે ! અને આપણા દરવાજા પર પધારવા અને આપણા મુરઝાયેલ ચહેરાઓને મુસ્કુરાહત આપવા પણ તૈયાર નથી. હજારો કોશિશો, આયોજનો અને કેટલાય ચિંતન તથા વિચારણા બાદ પણ આપણે જ્યાં હતાં ત્યાં જ છીએ ! બલ્કે પાછળ જઈ રહ્યા છીએ, આગળ જવું તો ઘણી દૂરની વાત ! પરંતુ આ જમીન પર એવા પણ અલ્લાહના બંદા થયા છે જેમને કામયાબી શોધતી જ ન હતી પણ કામયાબી એમના ક઼દમ ચૂમતી હતી, એનું કારણ શું ?! સૌથી મોટુ કારણ એ હતું કે એ કામયાબીને કુર્આનમાં શોધતા હતા. કુર્આનમાં અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું : قَدْاَفْلَحَ مَنْ تَزَكّٰى۔وَذَكَرَاسْمَ رَبِّهٖ فَصَلّٰى ''બેશક ! પોતાના હેતુમાં કામયાબ થયો કે જે પાક થયો અને અલ્લાહનું નામ લઈ નમાઝ પઢી.'' *(સૂરએ આ'લા, આ. ૧૪–૧૫, કન્ઝુલ ઈમાન)*

શું આજે આપણુ મન પાક છે ? શું આજે આપણે નફ્સની મુખાલિફત (વિરોધ) કરીએ છીએ ? શું આપણે નફ્સના ગુલામ નથી બની ગયા ? શું આપણુ દિલ દુનિયાની મહોબ્બતમાં ડૂબેલુ નથી ? શું હસદ, ચુગલી આપણી આદત નથી બની ગઈ ?

નિરીક્ષણ કરશો તો જાણવા મળશે કે આજે આપણે નફ્સની ખરાબીઓના શિકાર થઈ ગયા છીએ. એવી જ રીતે સૂરએ મુઅમિનૂનની શરૂઆતની આયતોમાં કામયાબ મો'મિનની નિશાનીઓ આ રીતે બયાન કરવામાં આવી છે : "કામયાબ મો'મિન એ છે જેઓ પોતાની નમાઝોમાં આજીજી સાથે ગદગદ થાય છે, જેઓ કોઈ બેહૂદા વાતની તરફ ખેંચાતા નથી, ઝકાત આપવાનું કામ કરે છે, પોતાની શર્મગાહોની હિફાઝત કરે છે, પોતાની અમાનતો તથા પોતાની વાયદાની, પોતાની નમાઝોની સાચવણી કરે છે, આ જ લોકો વારિસ છે કે જેઓ ફિરદોસનો વારસો મેળવશે અને તેમાં હમેશાં રહેશે."

અફસોસ ! કૌમની બહુમતિ નિર્રથક તથા બેકાર કામોમાં ડૂબી ગઈ છે, ચાહે એ લોકો મઝહબી હોય, રાજકરણી હોય...વગેરે. (ઈલ્લા માશાઅલ્લાહ !) નજીકના ભૂતકાળની મહાન શખ્સિયત જેમને દુનિયા આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના નામથી જાણે છે, એમની જિંદગીની પળોને જો જોવામાં આવે અને એમની કામયાબીના રાઝને તલાશ કરવામાં આવે તો એ વાત ધોળા દિવસ જેમ જાહેર થશે કે એમનું દિલ દુનિયાની મહોબ્બતથી ખાલી હતું. અદાવત, હસદ, કીનો જેવા ખરાબ સંસ્કારોને આપના નજીક સ્થાન જ ન હતું, અને આપની જિંદગી બેકાર વાતોથી માઈલો દૂર હતી. દરેક કામને સમયની પાબંદી સાથે કરવું આપની જિંદગીનું એક ઉજ્જવળ પ્રકરણ છે. આપનું દિલ હુઝૂર ﷺની મહોબ્બતથી એવું લબરેઝ હતું કે અલ્લાહુ અકબર ! હુઝૂર ﷺના ઈશ્કમાં ડૂબેલા આપના અશ્આર સમજમાં આવે કે ન આવે સાંભળીને દિલ હુઝૂર ﷺના ઈશ્કમાં મચલવા લાગે છે ! એમનો ઈશ્ક હકીકી હતો. ફર્ઝો તથા વાજિબો જ નહીં પરંતુ સુન્નતો તથા મુસ્તહબોના પણ પાબંદ હતા. આપે કદી પણ નફ્સની ગુલામી નથી કરી પણ હમેશાં સુન્નતે રસૂલ ﷺને ધ્યાનમાં રાખી. એના જ મુજબ પોતાની જિંદગીની પળોને ગુજારી. નફ્સ કેટલો મોટો દુશ્મન છે ? નફ્સની તબાહકારીઓથી ચેતવતાં જાતે જ પોતાના એક શેઅરમાં ફર્માવે છે :–

''રઝા'' નફ્સ દુશ્મન હૈ દમ મેં ન આના
કહાં તુમને દેખે હૈં ચંદરાને વાલે

રસૂલ ﷺના ગુલામો નફ્સ જેવા દુશ્મનના બહેકાવામાં નથી આવતા, બલ્કે એનાથી હોશિયાર રહે છે, એનો વિરોધ કરતા રહે છે. આજે આ'લા હઝરતની સીરતના આ ઉજ્જવળ ચમકતા પાસાને નજરમાં રાખી આપણે પણ દુનિયાની મહોબ્બત અને નફ્સની ગુલામીને છોડી દઈએ તો કામયાબી આપણા કદમ ચૂમશે. (ઈન્શા અલ્લાહ !)

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુ. ૨૦૧૩,*
*બરકાતે ખ્વાજા –માસિક, જાન્યુઆરી–૨૦૧૩)*

## અલ્લાહની રહમત તેના ગઝબથી વિશેષ છે !

જો કે આપણા અમલો તો એના પાત્ર જ નથી કે જેના ભરોસા પર આપણે મગફેરતની અપેક્ષા કરી શકીએ પણ જ્યારે આ આયતે કરીમા પર નજર જાય છે તો બખ્શિશની ઉમ્મીદ બંધાય જાય છે. ઈર્શાદે બારી તઆલા છે : ''બેશક ! અલ્લાહ એને નથી બખ્શતો કે એની સાથે કુફ્ર કરવામાં આવે અને કુફ્રથી નીચે જે કાંઈ છે જેને ચાહે માફ કરી આપે છે.'' *(સૂરએ નિસાઅ, આયત : ૪૮, પારા : ૫)* બીજીવાર ઈર્શાદ છે : ''તમે ફર્માવો, હે મારા તે બંદાઓ જેમણે પોતાની જાનો પર જુલ્મ કર્યો, અલ્લાહની રહમતથી નિરાશ ન થાવ ! બેશક ! અલ્લાહ સર્વ ગુનાહ માફ કરી આપે છે.'' *(સૂરએ ઝુમર, આયત : ૫૩, પારા : ૨૪)*

નબી કરીમ ﷺ ફર્માવે છે કે અલ્લાહ તઆલાની સો રહમત છે એમાંથી એક રહમતને જિન તથા ઈન્સાન પર ચોપગાં તથા જમીનના જાનવરો બરાબર જમીનની વચ્ચે નાઝિલ કરી અને એના જ કારણે દરેક

ચીજ આપસમાં રહમ તથા મહેર (દયા) કરે છે અને નવ્વાણુ રહમતો જેને કયામતના દિવસે પોતાના બંદાઓ સમક્ષ પ્રદર્શિત કરશે તેને હશ્ર (હિસાબ કિતાબ)ના દિવસ માટે બાકી રાખી છે.

રિવાયત છે કે જ્યારે કયામતનો દિવસ થશે તો અલ્લાહ તઆલા એક લખાણ અર્શની નીચેથી બહાર પાડશે જેમાં લખ્યું હશે કે આજના દિવસે મારી રહમત મારા ગઝબથી વધીને છે અને હું સર્વ મહેરબાનોથી અધિક મહેરબાન છું. જન્નતમાં જેટલા માણસો મૌજૂદ છે એનાથી બમણી સંખ્યામાં માણસો દોઝખથી બહાર થઈ જાય.

આ હદીષમાં આવેલ છે કે કયામતના દિવસે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવશે કે દોઝખમાંથી એ લોકોને કાઢો જેમણે મને એક દિવસ યાદ કર્યો હોય અથવા એક સ્થળે મારાથી ડર્યા હોય.

એક હદીષમાં આવ્યું છે કે લોકો જ્યારે દોઝખમાં ભેગા થશે અને એમનામાં અમુક મુસલમાન પણ હશે. તો કાફિરો મુસલમાનોથી સવાલ કરશે કે શું તમે મુસલમાન ન હતા ? તેઓ કહેશે, હા ! મુસલમાન હતા. તેઓ કહેશે કે તમારો ઈસ્લામ કામ ન આવ્યો ! કેમ કે તમો પણ દોઝખમાં અમારી સાથે છો ! તેઓ કહેશે કે અમારા ગુનાહો ખૂબ હતા જેથી અમે અહીં સજા ભોગવવા આવ્યા. અલ્લાહ તઆલા તેમની વાતચીત સાંભળ શે અને હુકમ ફર્માવશે કે જેઓ મુસલમાન છે એમને દોઝખથી બહાર કાઢી લો ! તો સર્વને કાઢી લેવામાં આવશે. જ્યારે કાફિરો આ જોશે તો કહેશે, કાશ ! અમે પણ મુસલમાન હોત તો દોઝખથી કાઢી લેવામાં આવત.

એક હદીષમાં ઈર્શાદ છે કે અલ્લાહ તઆલા પોતાના મો'મિન બંદા પર તેની હેતાળ મા કરતાંય અધિક રહમ કરે છે.

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ ફર્માવે છે કે કયામતના દિવસે જેની નેકીઓ બુરાઈઓથી વધીને હશે તે વિના હિસાબે જન્નતમાં દાખલ થશે અને હુઝૂરે અક્દસ ﷺની સિફારિશ તે શખ્સના માટે હશે

જેણે પોતાને નફસના કારણે બર્બાદ થયો હશે અને એની પીઠ ગુનાહોના બોજથી ભારે હશે. બંદાએ જોઈએ કે અલ્લાહ તઆલાથી સારું ગુમાન રાખે.

હઝરત સઈદ બિન બિલાલ رضی اللہ عنہ ફર્માવે છે કે કયામતના દિવસે અલ્લાહ તઆલા બે ગુનેહગારોને માટે હુકમ આપશે કે દોઝખમાં લઈ જાવ ! એક ગુનહગાર તો હુકમ પામતાં જ દોઝખની તરફ દોડતો ચાલ્યો જશે અને બીજો રોકાતો રોકાતો પગો ઘસડતો જશે. તેમને ફરીવાર પાછા આવવાનો હુકમ થશે અને પહેલા માણસને પૂછવામાં આવશે કે તું દોડતો દોડતો કેમ દોઝખની તરફ ચાલ્યો ?! તે અર્ઝ કરશે, ઈલાહલ આલમીન ! આગલી નાફર્માનીથી તો એ થયું કે દોઝખમાં મોકલવામાં આવ્યો, જો અત્યારે પણ નાફર્માની કરીશ તો ન જાણે શું થશે ?! જ્યારે બીજાને અચકાતા અચકાતા જવા વિશે પૂછવામાં આવશે તો અર્ઝ કરશે, ઈલાહી ! મને તારાથી સારું ગુમાન હતું અને હું તને ઘણો જ રહીમ સમજુ છું. એ કારણે ધીરે ધીરે ડગલાં ભરતો હતો કે કદાચ તને રહમ આવી જાય ! તરત જ હુકમ થશે કે બંનેને બખ્શી આપ્યા.

એક હદીષમાં આવ્યું છે કે કયામતના દિવસે અર્શની નીચેથી એક પોકારનારો પોકારશે કે હે ઉમ્મતે મુહમ્મદિયહ્ (صلی اللہ علیہ وسلم) જે મારા હક્કો તમારા માથે હતા એ મેં તમોને માફ કર્યા. હવે તમારા આપસના હક્કો રહ્યા તેને આપસમાં એકબીજાને માફ કરી આપો ! અને મારી રહમતથી જન્નતમાં ચાલ્યા જાવ !

*(કાશાનાએ સાબરી, ફેબ્રુઆરી–૧૯૫૬,*
*બરકાતે ખ્વાજા –માસિક, સપ્ટેમ્બર–૨૦૧૩)*

# આપણી વાતોમાં અસર કેમ નથી ?

દીની તથા દઅવતી ઈદારા તથા ઈલ્મી સંસ્થાઓ તથા ચળવળો માજી કરતાં હાલમાં ખૂબ જ જોવા મળે છે. એ સૌમાં અધિક્તાનું કારણ મોડર્ન ટેક્નોલોજી, ઈલેક્ટ્રોનિક મીડિયાના થકી કોલેજો તથા સ્કૂલો વગેરેમાં વધી રહેલી બેહયાઈ છે, જેમાં મુસ્લિમ ઉમ્મત ડૂબેલી છે. માનવ વંશ ખાસ કરીને મુસ્લિમ ઉમ્મતને આ તબાહીથી બચાવવા ખાતર આ સંસ્થાઓ તથા ચળવળો અમલના મેદાનમાં આવેલ છે. પરંતુ સંસ્થાઓ અંજુમનો, તેહરીકોની આટલી અધિક્તા હોવા છતાં પરિણામ નામ પૂરતુ છે. જ્યારે કે ભૂતકાળમાં કેવળ અમુક જ પવિત્ર હસ્તીઓ હતી અને અમુક જ તેહરીકો તથા ઈદારા હતા પરંતું લોકોમાં ખૌફે ખુદા મૌજૂદ હતો. અમુક હદ સુધી મુસ્લિમ ઉમ્મત બુરાઈઓથી મેહફૂઝ હતી અને ત્યાં દૂર દૂર સુધી બેહયાઈ જેવી લઅનતનો સાયો પણ ન હતો. છેવટે માજી તથા હાલમાં ફરક શું છે ? આવો ! આપણે સૌ પરીક્ષણ કરીએ અને અસલ બીમારીને શોધી કાઢીઓ.

યાદ રાખશો કે કામયાબી તથા નાકામી અલ્લાહ ﷻની કુદરતના કબજા હેઠળ છે. તેણે વિશેષતઃ પોતાના પ્યારા મહબૂબ ﷺને દીનની ખિદમતના માટે પસંદ કર્યા અને ખાસ કરીને તેમને અને સામાન્યતઃ દરેકને આ પયગામ સંભળાવવા માટે ફર્માવ્યું : ''તમે ફર્માવી દો, જો તમે તમારા જીવની વાત છુપાવો કે જાહેર કરો, અલ્લાહ ﷻને સર્વ માલૂમ છે.'' *(સૂ. આલે ઈમરાન–૨૯)* આ આયતે કરીમામાં અલ્લાહ ﷻ માનવીને છુપા ઈરાદાઓ તથા નિય્યતોના વિશે ફર્માવી રહ્યો છે કે હે બંદાઓ ! તમે તમારો કદમ જે રાહે ખુદામાં ઉઠાવી રહ્યા છો અથવા તમારું કોઈ પણ કામ કોઈ નિય્યતથી કરી રહ્યા છો તે અમારાથી છુપુ નથી. માણસ તો કેવળ તમારી જીભ, તમારા કદમ, તમારો કલમ જુએ છે પણ હું તમારા દિલોની નિય્યતોને જોઉં છું. આ આયતથી માલૂમ થયું કે આપણે આપણી અંદર ઈખ્લાસનો જઝબો જાગૃત કરવો પડશે, અને કેવળ અને કેવળ અલ્લાહ ﷻ અને તેના પ્યારા હબીબ ﷺની રઝાની ખાતર

મુસ્લિમ ઉમ્મતની ભલાઈ ચાહવાના માટે કદમ ઉઠાવવા પડશે, ત્યારે જ આપણી વાતોમાં અસર પેદા થશે અને મુસ્લિમ ઉમ્મતમાં સુધારો આવશે. એટલા માટે કે ખ્યાતિ, નામના તથા માલ દૌલતના માટે જો આપણે કોઈ કામ કર્યુ તો દુનિયાના માણસોથી તો એ ગુપ્ત રહી શકે છે પણ અલ્લાહ ﷻથી છુપુ નથી રહી શકતું.

ભૂતકાળમાં આપણી તેહરીકો આપણા દાઈઓની વાતોમાં અસર એટલા માટે હતી કે તેઓ હમેશાં પોતાની નિય્યતો ચકાસતા રહેતા હતા, તેને દુરુસ્ત રાખતા હતા અને કદી પણ માલ તથા વાહ વાહની મહોબ્બતને પોતાના દિલમાં જગા આપતા ન હતા. તેઓ ઉપરોક્ત આયતે કરીમાને હમેશાં પોતાની નજરો સમક્ષ રાખતા હતા. તેઓ જાણતા હતા કે અલ્લાહ ﷻ આપણી નિય્યતોને જાણનાર છે. અને આજે આપણી વાતો તથા ચળવળોની જોઈએ તેવી અસર એટલા માટે નથી કે આપણે બેખબર છીએ, ગફલતની ચાદર ઓઢેલા છીએ અને માલ તથા વાહ વાહ તથા દુનિયાની મહોબ્બતમાં ડૂબેલા છીએ, એના લીધે આપણો તથા આપણી વાતોનો જે હાલ છે તે કોઈનાથી છુપો નથી. કાશ ! આપણે એવું વિચારીએ કે આપણે આ દુનિયાથી શું લઈ જવાનું છે, સર્વ અહીં જ તેવું ને તેવું રહી જશે, સાથે શું આવશે ? એ જ અમલો આપણી સાથે જશે જે ઈખ્લાસ (નિખાલસતા)થી કરવામાં આવ્યા હશે. હવે સવાલ એ છે કે આપણી અંદર ઈખ્લાસની ભાવના કેવી રીતે પેદા થશે ? ઈખ્લાસ એ કોઈ ચીજને બીજી ચીજની મિલાવટથી બચાવવાને કહે છે. દા.ત. શુધ્ધ દૂધ જેમાં પાણીની તદન ભેળસેળ ન હોય. કુર્આને કરીમમાં "ખાલિસ" (શુધ્ધ, ફક્ત) શબ્દ એ જ અર્થમાં આવ્યો છે : "બેશક ! તમારા માટે ચો પગાઓમાં દષ્ટિ હાંસલ થવાની જગા છે, અમે તમને પીવડાવીએ છીએ એ ચીજમાંથી જે એમના પેટમાં છે, છાણ તથા લોહીની વચમાંથી ખાલિસ (શુધ્ધ) ગળેથી સરળતાપૂર્વક ઉતરતુ પીનારાઓ માટે." *(સૂ. નહલ, આ. ૬૬)*

ઈખ્લાસની ભાવના પેદા કરવા માટે જરૂરી છે કે ખુદા પર ભરોસો કરીને કામ શરૂ કરવામાં આવે, એમાં રિયા (દેખાડો), પ્રદર્શન, નામના તથા લાલચ વગેરેની તદન ભેળસેળ ન હોય. જ્યારે આવું થશે તો તે

કરીમ આપણી કુર્બાનીઓ તથા મહેનતોને વ્યર્થ જવા દેશે નહીં અને આપણને પોતાની ખુશ્નુદીનું ઈનામ અતા ફર્માવશે. અત્રે એક સવાલ એ પણ પેદા થાય છે કે જો આપણે ઈખ્લાસની સાથે કામ કર્યુ અને આપણી દાવત પામેલાઓમાં કોઈ સુધારો પેદા ન થયો તો શું થશે ? આ સવાલનો જવાબ એ છે કે આવી સ્થિતિમાં આપણુ દિલ જરૂર સંતુષ્ઠ રહેશે કે અલ્લાહ ﷻ આપણી નિય્યતોને જાણે છે, તે જાણે છે કે આપણે કેવળ તેની જ રઝા અને તેના પ્યારા મહબૂબ ﷺની ખુશ્નુદીના માટે આ કામ કર્યું હતું. તે આપણને યકીનન ! બેહતર બદલો અતા કરશે. તમામ મુસલમાનોને, વિશેષતઃ દીનની દાવત આપનારાઓએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો આ શેઅર દિલમાં બેસાડવો જોઈએ કે :–

**કામ વો લે લીજીએ તુમકો જો રાઝી કરે**
**ઠીક હો નામે 'રઝા' તુમપે કરોળો દુરૂદ**

*(સુન્ની દાવતે ઈસ્લામી મંથલી–ડિસેમ્બર–૨૦૧૩,*
*બરકાતે ખ્વાજા –માસિક, ડિસેમ્બર–૨૦૧૩)*

## મહેનતની અઝમત તથા તેનું મહત્વ

દુનિયાનો કોઈપણ માનવી એવો નથી કે જે પરેશાનીઓમાં સંડોવાયેલ ન હોય. ઈતિહાસ બતાવે છે કે દુનિયાના સૌથી શ્રેષ્ઠ કામયાબ માનવોને પણ મહાન મહાન મુસીબતોના રણોને પાર પાડવા પડયાં છે. હકીકત એ છે કે કામયાબ તે જ થાય છે જેઓ પરેશાનીઓને સહન કરવાનો હોસલો ધરાવે છે. આ વાસ્તવિક્તાઓને લક્ષમાં રાખશો અને પોતાનું નિરીક્ષણ કરશો તો અંદાઝો થશે કે આપણામાંનો દરેક પોતપોતાની પરેશાનીઓની ફરિયાદ કરી રહ્યો છે અને તેને પોતાની કામયાબીઓના માર્ગમાં આડ સમજી બેઠો છે. જ્યારે કે આ મુશ્કેલીઓ જ છે જે માનવીને કામયાબથી કામયાબતર બનાવી દે છે. એટલા માટે

કુર્આને મુકદ્દસમાં ફર્માવવામાં આવ્યું છે : لَقَدْ خَلَقْنَا الْإِنْسَانَ فِيْ كَبَدٍ *(સૂરએ બલદ, આ. ૪)* كبد નો અર્થ છે દુઃખ, મુસીબત, એટલે કે દરેક માનવીને અમે દુઃખમાં પેદા કર્યો. હઝરત ઈબ્ને અબ્બાસ તથા હઝરત કતાદા رضی اللہ عنہما થી એ જ કૌલ મરવી છે. હઝરત અતાએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની તરફ નીચે પ્રમાણે ખુલાસાની નિસ્બત દર્શાવી છે કે અમે માનવીને તકલીફોમાં પેદા કર્યો. એટલે કે ગર્ભની હાલત, પછી જન્મ પછી દૂધ પીવાનો સમય, પછી રોજી કમાવી પછી જીવન અને છેવટે મરવાનું દુઃખ, એટલે કે તકલીફોમાં રાખ્યો.

હઝરત ઉમર બિન દીનારે કહ્યું, આ સર્વ દુઃખોમાં દાંત નીકળવાનુ પણ દુઃખ છે. આ મુશ્કેલીઓ તથા પરેશાનીઓ ઈન્સાન તથા અન્ય જાનવરોમાં સંયુક્તપણે છે છતાં કેવળ ઈન્સાનને એટલા માટે ખાસ કરવામાં આવ્યો કે માનવી બુદ્ધિ તથા સમજ ધરાવે છે, સંપૂર્ણ સમજની સાથે તકલીફોને સહન કરવી એ નાસમજીમાં સહન કરવા કરતાં અનેક ગણુ મુશ્કેલ કામ છે.

ઉપરોક્ત ખુલાસાથી એ વાત સમજમાં આવી કે પ્રથમ દિવસથી જ આપણે દુઃખ તથા મુસીબતોમાં સપડાયેલ છીએ. મહેનત તથા તકલીફ વેઠવી એ માનવીની વિશિષ્ટતા છે. માનવીને મહેનત કરવા માટે પેદા કરવામાં આવ્યો છે કેમ કે ખાલિકે કાઈનાતની સર્વ જમીન માનવીના માટે એક અમલનુ મેદાન છે. જમીનનો ખજાનો માનવ જ શોધી શકે છે અને એના માટે મહેનત તથા પરિશ્રમ જરૂરી છે કેમ કે જે ચીજ જમીનમાં છે તે આપણા માટે જ પેદા કરવામાં આવેલ છે, જેમ કે કુર્આને મુકદ્દસમાં અલ્લાહ ﷻ એ ઈર્શાદ ફર્માવ્યો, هُوَ الَّذِيْ خَلَقَ لَكُمْ مَّا فِي الْأَرْضِ جَمِيْعًا ''એ જ છે જેણે તમારા માટે જમીનની સર્વ ચીજોને પેદા કરી.''

યાદ રાખશો કે જિંદગી આપણી હસ્તીને ટકાવવા તથા સલામત રાખવાની જદ્દો જેહાદ તથા ખેંચતાણ (પરિશ્રમ)નું નામ છે, જિંદગીની મશગૂલિયત દરેક સજીવને મહેનત તથા પરિશ્રમની દા'વત આપે છે. દુનિયામાં આપણે જોઈએ છીએ કે જે વધુ મહેનત કરે છે તે તેના પરિણામો પોતાની નજરો સામે જુએ છે. આપણે ચાહીએ છીએ કે સંજોગો

બદલાય, આપણે પ્રગતિ કરીએ, બંને જહાનમાં ખુશી હાંસલ કરીએ, પરંતુ એના માટે આપણે કેટલી જદ્દો જેહદ કરીએ છીએ ? આપણે એના માટે આપણી રોજનીશીનું નિરીક્ષણ કરવું જોઈએ. આપણે એ કૌમોનો અભ્યાસ કરીએ જેઓ અત્યારે ચોતરફ કામયાબીનાં શિખરો સર કરી રહે છે તો જાણવા મળશે કે તેઓ આપણા કરતાં અધિક મહેનતી છે અને આપણે તેમના કરતાં કેટલાય અધિક અંશે સુસ્ત છીએ. હક઼ીક઼ત એ છે કે આપણા કરતાં આરામ પસંદ અન્ય કોઈ ક઼ૌમ નથી ! આપણે મહેનતથી ભાગીએ છીએ અને પરિશ્રમથી છટકવાનો માર્ગ અપનાવીએ છીએ જેથી આપણે કામયાબીથી અને કામયાબી આપણાથી દૂર છે. આપણી ગફલત તથા આળસની એ સ્થિતિ છે કે સંજોગોને સુધરવાની રાહ જોઈ રહ્યા છીએ, એ કેવી રીતે શક્ય છે ? કુર્આન આપણને મહેનત તથા પરિશ્રમની તરફ પ્રેરિત કરે છે અને જદ્દો જેહદની તા'લીમ આપે છે. નબી કરીમ ﷺની સીરતે પાક પણ આપણને એ જ દર્સ આપે છે કે આપણે કોશિશ કરીએ અને પરિણામ ખુદાના હવાલા કરીએ, પરંતુ આપણે વિના મહેનતે સર્વ કામયાબી હાંસલ કરવા ચાહીએ છીએ. જાહેર છે કે આવી સ્થિતિમાં તો કામયાબી આપણને સ્પર્શીને પણ નથી જઈ શકતી. આપણે સાવધાન તથા સાવચેત થઈ જઈએ, સંજોગોનું નિરીક્ષણ કરીએ, આપણી ક઼ૌમની પડતીનો અભ્યાસ કરીએ અને પછી એના પ્રમાણે આયોજન કરીએ, ત્યારબાદ અલ્લાહ પર ભરોસો કરીને પરિણામો તેને સુપરત કરી દઈએ, તો તમે જોશો કે ઈન્શાઅલ્લાહ ! સંજોગો એકદમ બદલાય જશે અને આપણને દિલી સુકૂન પણ હાંસલ થશે. અલ્લાહ ﷻ આપણને સૌને આક઼ાએ કરીમ ﷺના સદક઼ા તથા તુફૈલથી દારૈન (બંને જહાન)ના માટે ખૂબ જ પ્રમાણે દોડભાગ કરવાની તૌફીક઼ અતા ફર્માવે. આમીન બિજાહિન્નબીકરીમ ﷺ.

*–(હવાલો : બરકાતે ખ્વાજા –માસિક, માર્ચ–૨૦૧૪)*

# નિરાશ થવું મોમિનને શોભા નથી દેતું

આજે ચોતરફ માયૂસી (નિરાશા), બેબસી અને બેક઼રારી જોવા મળે છે. દરેક મુસલમાન પોતાના ભવિષ્યના વિચારમાં બેચૈન અને ગમગીન જોવા મળે છે. ઈલેક્ટ્રોનિક મિડીયા અને વર્તમાન પત્રો તથા મેગેઝિનોમાં ક્યાંય કોઈ પણ જગ્યાએ કોઈ આશાસ્પદ ખબર જોવા નથી મળતી. ક઼દમ ક઼દમ પર હોસલાને પસ્ત કરનાર આંધીઓ આપણો પીછો કરી રહી છે. એવું જણાય રહ્યું છે કે અભાનપણે મુસ્લિમ ઉમ્મત પોતાની પડતી તથા લાચારીને ક઼બૂલ કરી ચૂકી છે. અને મુસલમાન માયૂસીના ચુંગાલમાં અને અંધકારોમાં ફસાતો જઈ રહ્યો છે, ક્યારેક આર્થિક અધોગતિ તો ક્યારેક પોતાની જાહિલિયતને જોઈને, ક્યારેક ગૈરોના પ્લાનો અને એમના પ્રોપેગંડાઓથી પ્રભાવિત થઈને માયૂસ થઈ રહ્યો છે. હવે સવાલ એ પેદા થાય છે કે મુસલમાનોએ નિરાશ થવું જોઈએ ? શું મુસલમાનોની હાલત ભૂતકાળમાં આનાથી પણ અધિક ખરાબ ન હતી ? તો પછી એ કઈ ચીજ હતી જેણે સંજોગોને સુધાર્યા અને ખરાબ સંજોગો સારા સંજોગોમાં બદલાય ગયા, એક સમયના થીંગડ થાગડાવાળો પોશાક પહેરવાવાળા, ફાક઼ામાં જિંદગી ગુજારવાવાળા સર સામાનની અછતના લીધે આમ તેમ ભટકવાવાળા પોતાનું અને દુનિયાનું ભવિષ્ય સમારવાવાળા થઈ ગયા. આવો ! પહેલાં એક આયતે કરીમાનો શાને નુઝૂલ પઢીએ પછી સંજોગો કઈ રીતે સુધરશે એના પર વિચારણા કરીએ.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે કેટલાક મુશ્રિકો જેમણે પોતાની જિંદગીમાં અતિ પ્રમાણમાં ઝિના અને ક઼ત્લનું બજાર ગરમ કર્યું હતું. તેઓ હુઝૂર صلی اللہ علیہ وسلمની બારગાહમાં હાજર થયા અને અર્ઝ કરવા લાગ્યા કે આપ હુઝૂરે કરીમ صلی اللہ علیہ وسلم જે કાંઈ ફર્માવો છો અને જે દીન તરફ બોલાવો છો એ સારો છે, પરંતું અમે જેટલા ગુનાહ કરી ચૂકયા છીએ એની બખ્શિશ (માફી)ની કોઈ સ્થિતિ નજર નથી આવી રહી. શું આપ નબીએ કરીમ صلی اللہ علیہ وسلم એના કફ્ફારાથી અમને ખબરદાર કરી શકો છો ?!

મતલબ આ મુશ્રિકોના સવાલનો મક્સદ એ હતો કે જો અમો ઈસ્લામના દામનમાં આવી જઈશું તો આપણા પાછલા ગુનાહોનું શું થશે ? ઈસ્લામ લાવ્યા બાદ જો અમે પોતાના ગુનાહોની પૂછતાછથી નથી બચી શકતા અને એના બદલામાં અમને જહન્નમમાં દાખલ કરી દેવામાં આવે તો અમને પોતાના જૂના ધર્મને છોડવાથી શું ફાયદો ? હજુ આ મુશ્રિકોએ આ સવાલ કર્યો હતો એવામાં આ આયત નાઝિલ થઈ : "તમે ફર્માવો, હે મારા બંદાઓ ! જેમણે પોતાની જાનો પર જુલ્મ કર્યો, અલ્લાહની રહમતથી નિરાશ ન થાવ. બેશક ! અલ્લાહ બધા ગુનાહ માફ ફર્માવી દે છે. બેશક ! એ જ બખ્શવાવાળો મહેરબાન છે. *(અલ ઝુમર, આયત–૫૩, કન્ઝૂલ ઈમાન)*

જ્યારે કુફ્ર, શિર્ક, અને ઝિના તથા કત્લ કરવાવાળાના માટે તૌબા કર્યા બાદ રહમતે ઈલાહીની આ હાલત છે, તો ઈમાનવાળા લોકો પોતાની ગફલત અને ખરાબ કિરદારથી સાચી તૌબા કરી લે તો રહમાન અને રહીમ રબની રહમતનો શું કોઈ અંદાજ લગાડી શકે છે ?!

તૌબા કરી અલ્લાહની રહમતને પોતાની તરફ કરી લો જેથી કરમની વર્ષા જરૂર વરસશે, પરંતું આપણે પણ એના તરફ વળીએ. સંજોગોથી ગભરાય જવું અને માયૂસ થઈ જવું એ મોમિનનું કામ નથી. આપણે બદલાઈ જાશું તો હાલત ઈન્શાઅલ્લાહ ! આપોઆપ બદલાઈ જશે, પરંતું આપણી હાલત અને આપણી હરકતો એવું બતાવે છે કે આપણે ઈચ્છીએ છીએ કે જેવા આપણે હતા એવા જ રહીએ અને સંજોગો બદલાઈ જાય ! તો આવું શક્ય નથી. આપણે પોતાના ગુનાહોથી તૌબા કરવી પડશે, પોતાને બદલવા પડશે, એ ઉમ્મીદ પર કે અલ્લાહ કરીમની રહમત જરૂર આપણા પર સાયો કરશે. ઉપરની આયતે કરીમાના વિશે હુઝૂરે કરીમ ﷺ ઈર્શાદ ફર્માવે છે : "જો આ આયતના બદલામાં મને દુનિયા અને તેમાંની દૌલત આપી દેવામાં આવે તો હું એને પસંદ ન કરું." *(મુસ્નદે ઈમામ અહમદ, પેજ–૫૪)*

જાણવા એ મળ્યું કે આ આયતે કરીમા આપણને એ હોસલો આપે છે કે, મુસલમાનો ! માયૂસ ન થાવ ! તમે પોતાની જાતને બદલવાની કોશિશ કરો, રબની રહમત તમને બદલવા માટે તૈયાર છે.

*–(સુન્ની દાવતે ઈસ્લામી મંથલી–મુંબઈ, એપ્રિલ–૨૦૧૪,*

*બરકાતે ખ્વાજા –માસિક, એપ્રિલ–૨૦૧૪)*

# સફળતા તથા નિષ્ફળતાનું માપદંડ

આપણી જિંદગી એ એક પરીક્ષા છે. આ પરીક્ષામાં કામયાબ તથા સફળ તે જ થશે જેનો દામન નેકીઓથી ભરપુર હશે અને ગુનાહોના કીચડથી મહદઅંશે પાક હશે. નિષ્ફળ તથા નાકામ તે જ થશે જે ગુનાહોમાં ડૂબેલો હશે. જાણવા મળ્યું કે કામયાબી તથા નાકામીનું માપદંડ ઈન્સાનના અમલો છે. અલ્લાહ ﷻએ મૌત તથા જિંદગીનું સર્જન જ એટલા માટે કર્યું કે તે બંદાઓને અજમાવે કે કોણ સારો અમલ કરે છે. ખૂદ જ ફર્માવે છે :–

الَّذِیْ خَلَقَ الْمَوْتَ وَ الْحَیٰوۃَ لِیَبْلُوَكُمْ اَیُّكُمْ اَحْسَنُ عَمَلًا

''તે જેણે મૌત તથા જિંદગીને પેદા કરી કે તમારી પરખ થઈ જાય, તમારામાં કોનું કામ અધિક સારું છે ! અને તે જ ઈજ્જતવાળો બખ્શનાર છે.'' *(સૂરએ મુલ્ક, આયત : ૨)*

એનાથી ઉલ્ટુ આપણે આપણી જિંદગીનું નિરીક્ષણ કરીએ તો જાણવા મળશે કે આપણે કામયાબીનું માપદંડ જ બદલીને રાખી દીધું છે. આપણે કામયાબી એને સમજીએ છીએ જેની પાસે એશો આરામ મોજ મજાના સર્વ સામાનો મૌજૂદ હોય અને કોઈ દુનિયાવી નેઅમતની કોઈ કમી ન હોય. અફસોસ તો એ છે કે કામયાબીનો આ ખયાલ કોઈ વિના પઢેલા ગણેલા દુનિયાદારનો નથી બલ્કે હવે તો સમજદાર, બુદ્ધિશાળી અને કેટલાક અંશે દીનદારનો પણ આ જ ખયાલ બનતો જઈ રહ્યો છે. (ઈલ્લા માશા અલ્લાહ !)

દુનિયવી સામાન, આલીશાન તથા આરામદાયક ચીજોની પ્રાપ્તિ અને તેનો ઉપયોગ ન કાલે નાજાઈઝ હતો અને ન આજે છે, પરંતુ આપણે તેની પ્રાપ્તિના તરીકા પર વિચારણા કરવી પડશે. તદ્ઉપરાંત એ વાત પણ દિમાગમાં રાખવી પડશે કે ક્યાંક આપણા દિલમાં દુનિયાની મહોબ્બત એટલી વિશેષ તો નથી વસી ગઈ કે જેના કારણે આપણે નેકીઓથી દૂર થઈ રહ્યા છીએ અને આપણી અંદર સારા અમલો કરવાનો જઝબો ઠંડો પડી ગયો છે. આકાએ કરીમ ﷺના વિવિધ ઈર્શાદોથી

સ્પષ્ટ થાય છે કે સારા કિરદાર તથા અમલો જ આપણી ઓળખ બનતા હોય છે. પણ શું આજે આપણી ઓળખ સારા અમલો તથા કિરદાર છે ?! આપણે તો એ અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ની જિંદગી વાંચતા પણ નથી જેમના વજૂદ (અસ્તિત્વ) પર કનાઅત (જે મળે તેમાં રાજી)નો લિબાસ હોતો અને દિલમાં માલની લાલચના બદલે અમલોની લાલચ હોતી, જે એમની ઈજ્જત તથા સરબુલંદીનો સબબ હતો. અફસોસ ! આપણે તો માલની વિપુલતા ચાહીએ છીએ, ચાહે તે જાઈઝ તરીકાથી મળતો હોય કે નાજાઈઝ તરીકાથી. (ઈલ્લા માશા અલ્લાહ !)

આકાએ કરીમ ﷺથી એક સહાબીએ પૂછયું કે અમુક લોકો ગુનાહ કરે છે છતાં તેમના પર ઈનામો ઈકરામની વર્ષા થાય છે ! તો આકાએ કરીમ ﷺએ ફર્માવ્યું કે જ્યારે કોઈ એવા શખ્સને જુઓ તો અલ્લાહની પનાહ માગો ! ત્યાર બાદ હુઝૂર ﷺએ આ આયત તિલાવત કરી :–

فَلَمَّا نَسُوْا مَا ذُكِّرُوْا بِهٖ فَتَحْنَا عَلَيْهِمْ اَبْوَابَ كُلِّ شَيْءٍ حَتّٰى
اِذَا فَرِحُوْا بِمَآ اُوْتُوْا اَخَذْنٰهُمْ بَغْتَةً فَاِذَا هُمْ مُّبْلِسُوْنَ

''પછી જ્યારે તેમણે ભૂલાવી દીધી જે નસીહતો તેમને કરવામાં આવી હતી, અમે તેમના પર દરેક ચીજના દરવાજા ખોલી આપ્યા ત્યાં સુધી કે જ્યારે ખુશ થયા એના પર જે એમને મળ્યું તો અમે અચાનક તેમને પકડી લીધા.'' *(સૂરએ અન્આમ, આ. : ૪૪)*

નાજાઈઝ માર્ગે કમાવુ અને પુષ્કળ ગુનાહોના છતાં જો કોઈની પાસે દૌલતની ભરમાર હોય તો આ હદીષની રોશનીમાં આપણે તેને જોઈને પનાહ માગવી જોઈએ ! યાદ રાખશો કે દુનિયા દારુલ ઈબ્તેલા (પરીક્ષાનું ઘર) છે, અહીં દરેક દરેક કદમ પર ઈમ્તિહાન છે, એટલા માટે ઈમ્તિહાન તથા આજમાઈશને અલ્લાહનો અઝાબ ન સમજે, બલ્કે અલ્લાહનો કાનૂન સમજી હસતા ચહેરે તેનું સ્વાગત કરે અને દીનામાં અડગતા માટેની દુઆ કરે. કુર્આને કરીમના અભ્યાસથી જાણવા મળે છે કે લગભગ અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ને ઈમ્તેહાન તથા આજમાઈશના દૌરમાં થઈને પસાર થવું પડયું

છે, પરંતુ એ હાલતમાં પણ તેમણે શું કર્યું અને શું કહ્યું તેને આપણે દષ્ટિ સમક્ષ રાખવું જોઈએ. આક઼ાએ કરીમ ﷺના અમુક ઈર્શાદોના પ્રમાણે આ કસૌટી તથા આજમાઈશ પણ અજ્રનો ઝરીયો હોય છે. જેમ કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, مَنۡ یُّرِدِ اللّٰهُ خَیۡرًا یُّصِبۡ مِنۡهُ **"અલ્લાહ જેની સાથે ભલાઈનો ઈરાદો કરે છે તો એને આજઈમાશમાં નાખે છે."** *(બુખારી શરીફ)* આ આજમાઈશ શું છે ? આ આજમાઈશ ક્યારેક રોજીમાં તંગીના થકી થાય છે, ક્યારેક ઔલાદના થકી, કદીક બીમારીના થકી અને ક્યારેક ખૌફના થકી થાય છે. આ સંજોગોમાં આપણી જિમ્મેદારી છે કે આપણે એવા સંજોગોમાં સબ્રની ભીખ તથા દીન પર અડગતાની ખૈરાત માગીએ. જેના તરફથી મુસીબત આવી છે તેને દૂર પણ તે જ કરશે, ઈન્શાઅલ્લાહ ! પરવરદિગારે આલમ, આક઼ાએ કરીમ ﷺના સદક઼ા વ તુફૈલ આપણા સૌના હાલ પર કરમ ફર્માવે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મે–૨૦૧૪,*
*બરકાતે ખ્વાજા –માસિક, જુન–૨૦૧૪)*

## મહબ્બતે રસૂલ જ સર્વ કાંઈ છે !

ઉમ્મતે મુસ્લિમાની કામયાબી મહબ્બતે રસૂલ તથા ઈતાઅતે રસૂલ (રસૂલ ﷺના આજ્ઞાપાલન)માં જ સમાયેલી છે. ઈતિહાસ સાક્ષી છે કે એ જ મહોબ્બત તથા ઈતાઅતે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને કામયાબીના શિખરે પહોંચાડયા અને મુસ્લિમ ઉમ્મત એક અભેદ શક્તિશાળી ઉમ્મત બનીને ઉભરાઈ આવી. ગુલામોની ફિતરત હોય છે કે તે દરેક મામલામાં પોતાના પ્યારા આક઼ા ﷺ પાસે દોડતા દોડતા જાય છે, ચાહે તે દીની મામલો હોય કે દુનિયવી. સહાબાએ કિરામ પણ આપણા હુઝૂર ﷺના સાચા દીવાના તથા ગુલામ હતા, જેથી તે પોતાની દરેક જરૂરતના માટે હુઝૂર ﷺના પાસે કેમ હાજર ન થતા ?! તેઓ

જાણતા હતા કે રબે પોતાના ખજાનાઓની કૂંચીઓ હુઝૂર ﷺને અતા ફર્માવી છે અને ફર્માવી આપ્યું કે : وَاَمَّا السَّآئِلَ فَلَا تَنْهَرْ ''અને માગનારાને ન ધમકાવો.''

સહાબાનો અક઼ીદો હતો કે રબની અતાથી હુઝૂર ﷺ આપનાર છે. ખૂદ આક઼ા ﷺએ ફર્માવ્યું : ''અલ્લાહ આપનાર છે અને હું વહેંચનાર છું.'' હુઝૂર ﷺને રબે વહેંચવાવાળા બનાવ્યા. એવું નથી ફર્માવ્યું કે રબ આ આપે છે અને હુઝૂર આ આપુ છું, બલ્કે મુત્લક઼ (બેક઼ૈદ) ફર્માવ્યું કે રબ આપનારો છે અને હું વહેંચનારો છું. એટલા માટે રબ જે આપે છે હુઝૂર ﷺ તે અતા ફર્માવે છે. એટલા માટે મન્સૂરે વક઼્ત આશિક઼ે રસૂલ હુઝૂર મુફતીએ આ'ઝમ હિંદ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ કહે છે :–

પણ મુનાફિક઼ોને શું કહીએ ? એમની કિ઼સ્મતમાં અલ્લાહે હુઝૂર ﷺની દુશ્મની જ લખી આપી છે ! એ મુનાફિક઼ો રિસાલતકાળમાં પણ મૌજૂદ રહ્યા. જાહેરમાં મુસલમાન જણાતા એ લોકોએ હમેશાં ઈસ્લામની રાહોમાં કાંટા બિછાવ્યા અને પોતાનાં દિલોને હુઝૂર ﷺથી નફરત કરવાનું શીખવાડયું. તેમની ઔલાદો આજે પણ જોવા મળે છે. તેમની ઓળખ એ છે કે તેઓ નમાઝ પઢે છે, રોઝા રાખે છે, ઝકાત આપે છે, અન્ય પણ દીની કામો કરે છે, પણ જ્યારે રસૂલુલ્લાહ ﷺની તરફ બોલાવવામાં આવે છે તો આઘાપાછા થઈ જાય છે. કુર્આને મુક઼દ્દસ એમના બારામાં ફર્માવે છે : ''અને જ્યારે તેમને કહેવામાં આવે કે અલ્લાહની ઉતારેલી કિતાબ અને રસૂલની તરફ આવો, તો તમે જોશો કે મુનાફિક઼ તમારાથી મોઢું ફેરવીને ફરી જાય છે.'' *(સૂરએ નિસાઅ્, આયત : ૬૧)*

જાણવા મળ્યું કે મુનાફિક઼ હુઝૂર ﷺના આસ્તાના પર હાજર થવા નથી ચાહતા. એમની કોશિશ એ જ રહે છે કે ન પોતે જાય અને ન કોઈને જવા દે. આજે પણ મુનાફિક઼ોની હરકતોને આપ આખા જગતમાં જોઈને તેમને ઓળખી શકો છો. તેમની કિતાબોને જુઓ, હજ્જની કિતાબોમાં લખે છે કે, ''હજ્જમાં જનારા માટે મદીના જવું જરૂરી નથી, અને જાય તો પણ મસ્જિદે નબવીની નિય્યતથી જાય, રસૂલે પાક ﷺના રોઝાની હાજરીની નિય્યતથી નહીં.'' અને જેઓ મદીના શરીફ પહોંચી જાય છે

અને આકાએ કરીમ ﷺના મવાજએ અકદસની સામે ઉભા રહે છે, ભીખ માગે છે તો એઓ શિર્કનો ફત્વો લગાડે છે. ખુદારા ! આ મુનાફિકોને ઓળખો ! તેમનાથી બચો ! ઉલમાએ અહલે સુન્નત બતાવતા રહ્યા, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمة الله عليه બતાવતા રહ્યા, અત્યાર સુધી ન ઓળખી શક્યા હતા તો હવે રોઝાએ રસૂલ ﷺને તબદીલ કરવાની ખબરો વાંચીને તો તેમની રસૂલ દુશ્મનીને સમજો ! સઊદી તથા ત્યાંના મુફતી મો'મિન નથી, પ્રથમ કક્ષાના મુનાફિક છે, જેમણે આ બદ્તર ખ્વાહિશને પ્રદર્શિત કરી છે અને બારગાહે રસૂલ ﷺમાં માગનારાઓને મુશ્રિક તથા બિદઅતી ખયાલ કર્યા છે.

યાદ રાખો ! રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : ''જેણે મારી કબરની ઝિયારત કરી મારી શફાઅત તેના માટે વાજિબ છે.'' યહૂદી ખયાલના અનુયાયી આ સઊદી, મુસ્તફા ﷺની શફાઅતથી મો'મિનોને મહેરૂમ રાખવા ચાહે છે. પરંતુ ન યહૂદી કામયાબ થયા અને ઈન્શાઅલ્લાહ! ન સઊદી કામયાબ થશે. જેથી બંને જહાનમાં કામયાબી માટે મુસ્તફાના દરના ભીખારી બનીને જાવ. રસૂલે કરીમનો આશિક ન બેઈજ્જત થયો છે ન નાકામ. જેણે જેણે પોતાના નબીથી મહોબ્બત કરી કામયાબ રહ્યો, પણ શર્ત એ છે કે ઈશ્ક સાચો હોય ! ઈન્સાન તો ઈન્સાન અન્ય મખ્લૂકાતે પણ આપણા હુઝૂરથી મહોબ્બત કરી. ઓહદ પહાડ, સુતૂને હન્નાના, કસ્વા એ તો ઈન્સાન ન હતાં પણ ઈતિહાસમાં એમની મહોબ્બતના કિસ્સા આજે પણ મેહફૂઝ છે અને તેમના એ જ ઈશ્કો મહોબ્બતના સબબે આજે પૂરી દુનિયા એમનાથી મહોબ્બત કરે છે, તેની ઝિયારતને પોતાની ખુશનસીબી સમજે છે, આજે પણ મહબ્બતે રસૂલથી જ આપણને પ્રતિષ્ઠા, ઈજ્જત, કામયાબી, કામરાની નસીબ થશે, અને મહબ્બતે રસૂલથી દૂરી પર બેઈજ્જતી તથા નાકામી નસીબ થશે. હિલાલે હિંદ ઈમામ અહમદ રઝા رحمة الله عليه એટલા માટે કહે છે :–

*જો તેરે દર સે યાર ફિરતે હૈં–દર બદર યૂંહી ખ્વાર ફિરતે હૈં*

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, ઓકટો. ૨૦૧૪,*

*બરકાતે ખ્વાજા –માસિક, ઓકટો.–૨૦૧૪)*

# કર્બલાના બનાવનો અતિ મહત્વનો સબક઼ : સબ્ર તથા અડગતા

ઈસ્લામી વરસનો છેલ્લો મહિનો ઝીલ હજ્જ વિદાય થઈ રહ્યો છે અને નવુ ઈસ્લામી વરસ શરૂ થવાની તૈયારી છે જેનો પ્રારંભ માહે મુહર્રમુલ હરામથી થાય છે. આ અજબનો જોગાનુ જોગ છે અથવા ખુદાની બેપનાહ હિકમતોનો નિર્દેશ કે બંનેવ મહિનાઓનો સંબંધ કુર્બાની સાથે છે, અને બંને કુર્બાનીઓની યાદ જેટલી આયોજનપૂર્વક મનાવવામાં આવે છે એટલી અન્ય કોઈ કુર્બાનીની નથી મનાવાતી. પ્રથમ કુર્બાની એક મહાન પુત્રની છે જ્યારે હઝરત ઈબ્રાહીમ علیہ السلام પોતાના પુત્ર હઝરત ઈસ્માઈલ علیہ السلامને ખુદાના હુકમ પર ઝબહ કરવા તૈયાર થઈ ગયા, અને બીજી કુર્બાની તાજદારે કર્બલા ઈમામ આલી મક઼ામ رضی اللہ عنہની છે જેમણે અલ્લાહની રાહમાં પોતાને પણ કુર્બાન કર્યા, પોતાની ઔલાદની પણ જાનોનાં નઝરાણા પેશ કર્યાં, અને પોતાના જાનથી પ્યારા હઝરાતની પણ કુર્બાની પેશ કરી.

હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ શરૂથી જ પોતાના પુત્ર હઝરત ઈસ્માઈલ علیہ السلامને સબ્રની ફઝીલત તથા મહત્વ તથા બરકતની સમજ આપી દીધી હતી એટલા માટે જ્યારે ખ્વાબનો ઉલ્લેખ કર્યો તો પુત્રએ વિના ખચકાટે અર્ઝ કર્યું :–

**يَآبَتِ افْعَلْ مَا تُؤْمَرُ سَتَجِدُنِيْٓ اِنْ شَآءَ اللّٰهُ مِنَ الصّٰبِرِيْنَ**

"હે મારા પિતા ! કરો જે વાતનો આપને હુકમ થાય છે, ખુદાએ ચાહ્યું તો નજીક છે કે તમો મને સાબિર પામશો." *(સૂરએ સાફ્ફાત–૧૦૨)*

આ ક઼ૌલ બતાવી રહ્યો છે કે કુમળી વયના આલમમાં પણ તે સબ્રના મહત્વને જાણતા હતા એટલા માટે કુર્બાન થવા માટે પણ તૈયાર થયા અને સબ્રનો દામન થામવાનો પણ ઉલ્લેખ કર્યો. અલ્લાહ عزوجلએ એનો બદલો એ અતા ફર્માવ્યો કે કુર્બાની પણ ક઼બૂલ કરી અને સબ્રના બદલામાં તેમને ક઼યામત સુધીના માટે યાદગાર પણ બનાવી દીધા.

એ જ પ્રમાણે હઝરત ઈમામે આલી મક઼ામ رضی اللہ عنہના હવાલાથી આક઼ાએ કરીમ ﷺ, હઝરત મૌલા અલી તથા હઝરત ખાતૂને જન્નત رضی اللہ عنہاને શહાદતનો ઈલ્મ હતો. તેમણે પોતાના પુત્રની કેળવણી જ એ જ તરીક઼ાથી કરી હતી, અને કેળવણી કેમ ન થતી કે એમના નાના મુઅલ્લિમે કાઈનાત ﷺ હતા ! અને એમના વાલિદા માજિદા (માતા) ખાતૂને જન્નત હઝરત ફાતિમતુઝ્ઝહરા હતાં, અને તેમના પિતા હઝરત અલી મુર્તઝા હતા. જાહેર છે કે જ્યારે પાકીઝા શખ્સિયતોના સાયામાં જે બાળક ઉછેર પામશે તેની બુલંદીનો શું કોઈ અંદાઝો કરી શકે છે ?! પરિણામ એ આવ્યું કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہએ કર્બલામાં પોતે પણ શહાદતનો જામ પીધો અને પોતાનાં ઘરવાળાંને પણ કુર્બાન કરી દીધાં. અને કેવળ એટલું જ નહીં બલ્કે જે જે જૌહર (કમાલ) તેમને માતા પિતા તથા પ્યારા નાના ﷺથી મળ્યું હતું તેની તલ્ક઼ીન પોતાનાં ઘરવાળાંઓને પણ કરી અને ક઼યામત સુધીના મુસલમાનો બલ્કે સર્વ માનવોને પણ તે જૌહરને સમજવાની અને તેને અપનાવવાની તલ્ક઼ીન (તાકીદ) કરી ગયા. તે જૌહર શું છે ?! એ જૌહરનું નામ સબ્ર તથા ઈસ્તિક઼ામત છે. એ જ કારણે આખરી સમયમાં હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની ઝબાને અક઼દસથી જે શબ્દો નીકળ્યા તે આ જ તો હતા: قَدْ رَضِيْتُ بِقَضَائِكَ يَارَبِّىْ "હે મારા રબ ! હું તારા ફૈંસલાથી રાજી છું."

યાદ રાખશો કે સબ્ર એક મહાન શક્તિનું નામ છે, જે એને અપનાવી લે તે એકલો નથી હોતો પણ એની સાથે અલ્લાહ جل جلالہ હોય છે. એનાથી ઉલ્ટુ જેને સબ્રના ઘૂંટડા પણ કડવા લાગે છે કે જેને તે આસાનીપૂર્વક ગળા નીચે ઉતારવાની હિંમત નથી ધરાવતો, એવા ઈન્સાનને કુર્આને મુક઼દસે નુકસાન પામનાર બતાવ્યો છે. ઈર્શાદ ફર્માવ્યો, "નુકસાનમાં છે તે ઈન્સાન જે ઈમાન તથા નેક અમલ અને હક્ક઼ તથા સબ્રની વસિયત નથી કરતો." *(સૂરએ અસ્ર)*

આપણે જોઈએ કે સબ્રના દામનને પકડીએ અને મુસીબતના મોક઼ા પર નમાઝ અને સબ્રથી મદદ માગીએ અને દરેક હાલતમાં સબ્રના

દામનને પકડેલો રાખવાની કોશિશ કરીએ. આપણને એ ખબર હોવી જોઈએ કે માનવમાં અમુક જૌહર (ખૂબીઓ) અલ્લાહે એવા રાખેલા છે કે જો તેને કામે લગાડે તો દરેક મોક઼ા પર તે તેને હિંમત આપે છે અને કામયાબીથી મિલાવી શકે છે. જેટલા પણ મહાન પયગંબરો عَلَيْهِمُ السَّلَام તશરીફ લાવ્યા સૌએ પોતાના અનુયાયીઓ, ઘરવાળાંઓ અને પોતાની ઔલાદને તે જૌહરને સમજવાની તા'લીમ આપી જેનો ઉલ્લેખ કુર્આન મજીદમાં ઠેકઠેકાણે મૌજૂદ છે. અલ્લાહ આપણને સબ્ર તથા અડગતાની તૌફીક઼ અતા ફર્માવે અને આપણા થકી તે જ કામ લે જે એની તથા એના પ્યારા મહબૂબ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمની રઝાને પાત્ર હોય. માહે મુહર્રમુલ્ હરામમાં કર્બલાના શહીદોની યાદમાં મહેફિલોનું આયોજન કરીએ, તેમાં શરીક થઈએ અને દરેક તે કામથી પોતે પોતાને બચાવીએ જેનાથી કર્બલાના શહીદોની રૂહોને તકલીફ પહોંચે. અંતમાં વિનંતિ છે કે ''સુન્ની દા'વતે ઈસ્લામી''નો ભરૂચ તથા મુંબઈનો ઈજતેમા નજીક થઈ રહ્યો છે તો ગુઝારિશ છે કે આપ પોતે પણ ઈજતેમામાં શરીક થવાનો પાકો નિશ્ચય કરશો અને આપના સંબંધીઓમાં એની દા'વત આમ કરશો.

*–(બરકાતે ખ્વાજા –માસિક, નવેમ્બર–૨૦૧૪)*

## શું આપણને નેકી કરીને ખુશી થાય છે ?!

જ્યારે કોઈ ક઼ૌમ ફિક્રી (વૈચારિક) એતબારથી મગ્લૂબ (કોઈથી પ્રભાવિત) થઈ જાય છે તો પછી તેની કૈફિયત બેઅક઼લ તથા બેઝુબાન જાનવર જેવી થઈ જાય છે કે કસાઈ તેને ચારો દેખાડે છે અને તે ચારાની લાલચમાં તેને પાછળ પાછળ ચાલી નીકળે છે, અને થોડીવાર પછી કસાઈ તેને પોતાની છરી વડે તેની ગરદન ઉડાડી મૂકે છે અને તે જાનવર મૌતને ઘાટ ઉતરી જાય છે. આજે વિશ્વ કક્ષાએ દુનિયાની ક઼ૌમો અને વિશેષત : મુસલમાનોની પણ એ જ હાલત છે. પશ્ચિમની વૈચારિક

ગુલામીનો પટ્ટો આપણે આપણા ગળામાં નાખી ચૂક્યા છીએ. જે કાંઈ પશ્ચિમ કહે કે બોલે એને આપણે સહી સમજીએ છીએ અને તેને જ કામયાબીનો આધાર સમજીએ છીએ. આ ચિંતન આમ લોકો તથા ખાસ લોકો સૌનું છે. ઈલ્લા માશાઅલ્લાહ !

પશ્ચિમનું એક શૈતાની ચિંતન (વિચારણા) એ પણ છે કે દુનિયામાં આવ્યા છો તો ખેલકૂદ અને મોજ મસ્તી કરો, એટલા માટે કે આ જિંદગી વારંવાર મયસ્સર થશે નહીં. સમાજની સ્થિતિ જોઈને એવું લાગે છે કે ગુનાહની દાસ્તાન, ગુનાહના પ્રચાર અને ગુનાહની ખરાબી વડે દામનને દાગદાર કરતા રહેવું એ આપણા ડાબા હાથનો ખેલ છે. આ સંકૂચિત વિચારધારા અને અંધાપાએ પૂરા માહોલને ખરાબ કરી નાખ્યો છે. તે હુસ્ને કિરદાર જે મુસલમાનોનું અલંકાર હતું આજે ક્યાંક ક્યાંક જ જોવા મળે છે, તે પણ ત્યાં જ્યાં કુર્આન હદીષ સાથે અમુક હદ સુધી સંબંધ મૌજૂદ છે. આવો ! આપણે કુર્આન તથા હદીષની રોશનીમાં આપણી સુધારણા કરીએ અને વિચારીએ કે શું આપણને દુનિયામાં એશો આરામ તથા ગુનાહ કરવાના માટે પેદા કરવામાં આવ્યા છે ?! શું ગુનાહ કરીને ખુશ થવું અને પછી પોતાના દોસ્તોમાં એને ગર્વભેર વર્ણન કરવું એ ઈસ્લામી વિચારધારા છે ?! શું ઈસ્લામ એવા શખ્સને સારો ગણે છે ? નહીં ! નહીં ! કતઈ તૌર પર નહીં !

અલ્લાહ ﷻ એ ઈન્સાનોને સદબુધ્ધિની અતિ મહાન દૌલત અર્પણ કરી છે અને એમાં એટલી કાબેલિયત રાખી કે તે ભલાઈ તથા બુરાઈની વચ્ચે ફરક કરી શકે. તેણે આપણને બંનેવ માર્ગો દેખાડી આપ્યા. ખુદ ફર્માવે છે : "અને તેને બે ઉભરેલી ચીજોની રાહ બતાવી." *(સૂ. બલદ–૧૦)*

એ જ પ્રમાણે મૌત તથા હયાતના સર્જનનો સબબ આ પ્રમાણે ફર્માવ્યો : "તે જેણે મૌત તથા જિંદગી પેદા કરી કે તમારી જાંચ થાય કે તમારામાં કોનું કામ અધિક સારું છે. અને તે જ ઈજ્જતવાળો બખ્શિશવાળો છે." *(સૂ. મુલ્ક–૨)*

યકીનન ! અલ્લાહ ﷻ નેકી કરવા પર અજ્ર અને ગુનાહ કરવા

પર સજા અતા કરશે. ગુનાહ કરીને મોમિન ખુશ થાય એ ઈસ્લામી વિચાર નથી, બલ્કે એ બુધ્ધિના દેવાળીયાપણાની નિશાની છે. મોમિનથી જો કોઈ ગુનોહ થઈ જાય છે તો તે તેની ખટક દિલમાં મેહસૂસ કરે છે, બલ્કે ઈમાનવાળાની નિશાની એ જ વર્ણવવામાં આવી છે. હઝરત અબૂ અમામા رضی اللہ عنہથી રિવાયત છે કે નબી અકરમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : "જ્યારે તારી નેકી તને ખુશ કરી આપે અને તારી બુરાઈ (ગુનોહ) તને ગમગીન કરી આપે તો તું મોમિન છે." *(મિશ્કાત)* ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاએ ફર્માવ્યું, નબી અકરમ صلی اللہ علیہ وسلم ફર્માવ્યા કરતા હતા, યા અલ્લાહ ! મને એ લોકોમાંથી બનાવ કે જ્યારે નેકી કરે તો ખુશ થાય અને જ્યારે બુરાઈ કરે તો બખ્શિશ માગે. *(મિશ્કાત)*આપણે વિચારવું જોઈએ કે શું આપણને નેકી કરીને ખુશી થાય છે અને ગુનાહ કરીને ગમ થાય છે ?! જો આ કૈફિયત છે તો ફર્માને રિસાલત મઆબ صلی اللہ علیہ وسلمની રોશનીમાં આપણે મોમિન છીએ, નહીં તો કુર્આને મુક઼દ્દસની રોશનીમાં ગુનાહ પર શર્મિંદા ન થનારની સજા જે વર્ણન કરવામાં આવી છે તેને વાંચો ! :– "અને તેઓ જેઓ બુરા દાવ કરે છે તેમના માટે સખત અઝાબ છે." *(સૂ.ફ઼ાતિર, આયત–૧૦)* એટલે કે ગુનાહો કર્યા બાદ જો તૌબા ન કરે, શર્મિંદા ન થાય તો તેમના માટે દર્દનાક અઝાબ છે.

જેથી આપણે જોઈએ કે આપણે પશ્ચિમી વિચારો તથા તેના અનુસરણથી તૌબા કરીએ અને ઈસ્લામી વિચારધારા અપનાવીએ. જો ગુનાહ થઈ જાય તો તરત જ શર્મિંદા બનીને તૌબા કરીએ. આપણે આપણી બુધ્ધિનો ઉપયોગ કરીએ, બુધ્ધિહિન જાનવરની જેમ અન્યોના બહેકાવામાં હરગિઝ ન આવીએ. અલ્લાહ આપણને સૌને રહમતે આલમ صلی اللہ علیہ وسلمના સદક઼ા વ તુફૈલ નેકીઓની તૌફીક઼ અતા ફર્માવે અને પશ્ચિમની આંધળી તક઼લીદ (અનુકરણ)થી મેહફૂઝ ફર્માવે, આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم

*(સુન્ની દાવતે ઈસ્લામી મંથલી– ડિસેમ્બર, ૨૦૧૪, મુંબઈ,*
*બરકાતે ખ્વાજા –માસિક, ડિસેમ્બર–૨૦૧૪)*

# ઈશ્કે રસૂલ ﷺ જાને ઈમાન છે !

અલ્લાહ ﷻની નેઅમતોની કદર કરવી અને તેનો શુક્ર અદા કરવો દરેક મો'મિન બંદાની જિમ્મેદારી છે. નેઅમતોની કદર કરવા તથા તેનો શુક્ર અદા કરવા પર અલ્લાહ તઆલા અજ્ર (બદલો) અતા કરે છે અને નેઅમતોમાં વધારો પણ કરી આપે છે, અને જે એવું નથી કરતો મહેરૂમી તેનું મુકદ્દર બની જાય છે.

અલ્લાહ કરીમે આપણને અગણિત નેઅમતોથી માલામાલ કર્યા છે અને કરી રહ્યો છે. એની અતાનો કોઈ હિસાબ નથી અને ન કોઈ ગણત્રી ! પરંતુ આપણે એ નઅમતોનો ઉપયોગ સહી તૌર પર એટલે કે તેના ફર્માનના પ્રમાણે નથી કરતા પણ પોતાની મરજી પ્રમાણે કરીએ છીએ અને સૌથી મહાન ગલતફહમીના શિકાર છીએ કે જે નેઅમતો આપણને મળી છે તે અમારી મહેનતોનું પરિણામ છે. એ જ કારણે આપણે સહીહ તૌર પર એના શુક્રગુઝાર બંદા નથી બનવા પામતા અને ન તો તેની આપેલી નેઅમતોની કદર કરીએ છીએ. એ વાતની આપણે ગાંઠવાળી લેવી જોઈએ કે આપણે જે નેઅમતોથી માલામાલ થઈએ છીએ એની પાછળ હકીકતમાં ખુદા તઆલાનો ફઝ્લ હોય છે. એટલા માટે તે ખુદ ફર્માવે છે કે, તમે મારી નેઅમતોની ગણત્રી નથી કરી શક્તા. એક જગાએ ફર્માવે છે કે, તમે મારી નેઅમતોની ખૂબ ચર્ચા કર્યા કરો. એ નેઅમતોના બારામાં કયામતમાં તમને પૂછવામાં આવશે, વગેરે.

કુદરતના કારખાનાની સૌથી મહાન નેઅમત ઝાતે રિસાલત મઆબ ﷺ છે. આ એવી મહાન નેઅમત છે જેનાથી આખા જગતને ફાયદો પહોંચ્યો. આ મહાન નેઅમતના મહત્વનો અંદાઝો એના પરથી લગાડો કે એના પર મૌલા ﷻએ એહસાન જતાવ્યું છે ! એ નેઅમતને રહમતુલ્ લિલ્ આલમીન બનાવ્યા, એ જ નેઅમતને عزیز علیہم ماعنتم حریص علیکم بالمومنین رؤف رحیم બનાવ્યા, એ જ નેઅમતને બશીર તથા નઝીર બનાવ્યા. એટલા માટે જેટલા પણ અંબિયા

તથા રસૂલો, સહાબા તથા તાબઈન તથા અવલિયાએ મુકર્રિબીન તશરીફ લાવ્યા સૌએ આ જ નેઅમતનું મહત્વ વર્ણવ્યું, એની જ ચર્ચા કરી, એના કમાલો તથા ફઝાઈલ વર્ણવ્યા જેથી લોકો એની કદર કરી શકે, અને એ નેઅમતના થકી અન્ય સર્વ નેઅમતોથી માલામાલ થઈ શકે અને બંનેવ જહાનમાં કામયાબ પણ થઈ શકે.

અફસોસ ! નામ માત્રનો મુસલમાન અને કલમો પઢવાવાળો એક તબક઼ો આ મહાન નેઅમતથી દૂર કરવાની કોશિશ કરી રહ્યો છે, એના ઉલ્લેખથી રોકી રહ્યો છે, ફઝાઈલ તથા કમાલો તથા મો'જિઝાઓથી બચવું તથા બચાવવું તેનો નિત્યક્રમ થઈ ગયો છે. આ એટલો ખતરનાક ફિત્નો છે કે જેણે પૂરા સમાજને બેચેન બનાવી દીધો છે. ભોળાભાળા મુસલમાનોને બહેકાવવું અને હુઝૂર ﷺના ઝિક્રથી રોકવું તેમનો પ્રિય ધંધો છે. સાચી વાત એ છે કે તેઓ યહૂદી ષડયંત્રોના શિકાર બની ગયા છે અને કમાલાતે મુસ્તફવી ﷺને છુપાવવામાં પોતાની જિંદગી ખર્ચી રહ્યા છે, અને વળી તમાશો એ છે કે તેઓ એને જ શુદ્ધ તૌહીદ સમજી રહ્યા છે ! તેમણે યાદ રાખવું જોઈએ કે નબી કરીમ ﷺની ઈત્તેબાઅ (અનુસરણ) તથા તેમના ઈશ્ક઼ વિના તૌહીદ સંપૂર્ણ નથી થઈ શકતી.

યાદ રાખશો ! અલ્લાહની મહાન નેઅમત રસૂલે ગિરામી વક઼ાર ﷺની ક઼દર, તેમનો ઝિક્ર, તેમની મહોબ્બત, તેમની ઉલ્ફત, તેમની યાદ અને તેમની અઝમત તથા બુલંદી જ ઈમાનની જાન છે. જેથી આપણા આક઼ા ﷺની મહોબ્બતનો ચિરાગ તમારા દિલમાં જલાવો અને તમારી પેઢીઓને એ જ મહોબ્બત શીખવાડો. મુસ્તફા ﷺની ગુલામી પર નાઝ કરો, એટલા માટે કે એમની મહોબ્બત બંનેવ જહાનમાં પ્રગતિ તથા કામયાબીની જામિન છે.

ઈતિહાસમાં કોઈ ગુલામે રસૂલ નિષ્ફળ જોવા નથી મળતો. દુનિયામાં જેટલા પણ આશિક઼ે રસૂલ થઈ ગયા ઈતિહાસે હમેશાં માટે એમનાં નામ મેહફૂઝ કરી લીધાં છે. આપણી સમક્ષ સહાબાએ કિરામના અમલનો તરીક઼ો હોવો જોઈએ. સહાબાએ કિરામની જિંદગીનો અભ્યાસ

દર્શાવે છે કે એમના દિલમાં ઈશ્કે મુસ્તફા કેટલા પ્રમાણમાં મોજાં મારતો રહેતો હતો. તેઓ જીવનભર હુઝૂર ﷺના કદમોમાં અને મૃત્યુ બાદ હુઝૂર ﷺના જ કદમોમાં રહેવાની ખ્વાહિશ કરતા રહ્યા. અલ્લાહ આપણા સૌના દિલમાં ઈશ્કે મુસ્તફાની શમ્અ ફિરોઝાં રાખે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ફેબ્રુઆરી–૨૦૧૫,*
*બરકાતે ખ્વાજા –માસિક, ફેબ્રુઆરી–૨૦૧૫)*

## સારાઓની સોહબત અપનાવો !

દઅવત તથા તબ્લીગ, નસીહત તથા સુધારણાનો ક્રમ કોઈ ન કોઈ રીતે દીનદાર તબકાના દરેક ક્ષેત્રોમાં ચાલુ છે. ઈસ્લામના વિકાસ અને ઉમ્મતની સુધારણાના કારવાંને દીનદાર હઝરાત પોતપોતાની વિસાત પ્રમાણે આગળ વધારી રહ્યા છે. કલામકાર કલમ વડે, ખતીબો બયાનો થકી, મશાઈખ પોતાની રીતે, ઉલમા, ફકીહો તથા મુહદ્દિષો પોતાની રીતે, તન્ઝીમો તથા તેહરીકો પોત પોતાની રીતે, સૌ પોત પોતાની વિસાત પ્રમાણે દીનના ઉત્કર્ષ માટે પ્રયત્નશીલ છે. પરંતુ સૌથી મોટો પ્રશ્ન એ છે કે આ કોશિશોથી સમાજમાં કેટલી ક્રાંતિ આવી રહી છે ?! અને તેની કેટલી સુધારણા થઈ રહી છે ? યકીનન ! ચિંતા સૌને છે કે આપણો માહોલ સંવરી જાય, સમાજ બુરાઈઓથી પાક થઈ જાય, અને દિલોમાં ખુદાના ડરની ભાવનાઓ ઉછરવા લાગે, પણ સચ્ચાઈ એ છે કે હાલતમાં જેવી કે હોવી જોઈએ તેવી તબદીલી નથી જોવા મળતી.

મેં જ્યારે એના પર વિચારણા કરી તો કેટલીક વાતો સમજમાં આવી. આકાએ કરીમ ﷺએ વ્યક્તિઓ તથા સમાજની સુધારણા માટે જે તરીકો અપનાવ્યો હતો તે એ હતો કે દરેક મળવાવાળાથી, નજીક

બેસવાવાળાથી અચ્છાઈ તથા ભલાઈની વાતો કરતા, બુરાઈઓથી બચવાની નસીહત કરતા અને પોતે પણ એના માટે અમલી નમૂનો પેશ કરતા. પરિણામ એ આવતું કે રસૂલે કરીમ ﷺની સોહબતમાં બેસનારો ભલાઈની વાતો સાંભળીને તેના પર અમલ કરવાને માટે કટીબદ્ધ થઈ જતો. જેથી જે લોકો રસૂલુલ્લાહ ﷺના દીદારથી માલામાલ થયા અને ઈમાનની જ હાલતમાં આ દુનિયાથી તશરીફ લઈ ગયા તેમને સહાબીના લક઼બથી યાદ કરવામાં આવે છે. "સહાબી"નો લક઼બ બતાવી રહ્યો છે કે તેમની જિંદગીની તબદીલી આક઼ાએ કરીમ ﷺની સોહબતની બુનિયાદ પર થઈ.

એના પરથી સારી સોહબતનો ફાયદો સમજમાં આવ્યો. કુર્આને મુક઼દસમાં અલ્લાહ ﷻથી ડરનારાઓની મહોબ્બત તથા મુઅદબના ફાયદા વર્ણન કરવામાં આવ્યા છે. "ગાઢ મિત્રો એ દિવસે એકબીજાના શત્રુ હશે, પણ પરહેઝગાર." *(સૂરએ ઝુખરફ, આયત : ૬૭, કન્ઝુલ ઈમાન)*

ક઼યામતમાં સર્વ સંબંધો તૂટી જશે સર્વ મિત્રતાઓ પણ ખત્મ થઈ જશે, બલ્કે ઘણા બધા મિત્રો એકબીજાના દુશ્મન થઈ જશે, પણ પરંતુ પરહેઝગાર ખુશ તથા ખુર્રમ (આનંદમાં) હશે, તેમને અને તેમની સાથે સોહબત કરનારાઓને અલ્લાહ ﷻના સાયામાં જગા નસીબ થશે. એ જ ખુશનસીબ લોકોના માટે આક઼ાએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :– એટલે કે, "માણસ જેની સાથે મહોબ્બત કરે છે તેનો હશ્ર (અંજામ) તેની સાથે થશે."

આજે આપણા માટે જરૂરી છે કે આપણે આપણી અંગત મજલિસોથી લઈને આમ મજમામાં સારી વાતો જ ન બતાવીએ, બલ્કે ખુદ એના પર અમલ કરવાની કોશિશ કરીએ. આપણે એ વાત દિમાગમાં રાખવી જોઈએ કે અલ્લાહ ﷻએ પોતાના બંદાઓને આપણાથી નિકટ તો કરી આપ્યા જેથી આપણે તેમને દીનની કાંઈક સારી વાતો બતાવીએ, એના પર અમલ કરીને દેખાડીએ જેથી કરીને આપણી વાતની એમના પર કાંઈ અસર થાય. અને અસર તે વખતે થશે જ્યારે તમારી વાણી

તથા વર્તનમાં એકરૂપતા હશે. પરંતુ આપણો મસ્અલો એ છે કે આપણે "કરવા" કરતાં "કહેવાને" અધિક અગ્રતા આપીએ છીએ. અને જો કોઈ નવો બંદો આપણી મહેફિલોમાં આવી જાય તો તેના ભરમનો જનાઝો જ નીકળી જાય !

બસ એક Target તથા Aim બનાવી લો કે આપણે સારા બનીશું અને બનાવીશું, બુરાઈથી બચીશું અને બુરાઈથી રોકીશું, ઈન્શાઅલ્લાહ ! અને ખુદાની મખ્લૂક઼ની સાથે હુસ્ને અખ્લાક઼ (સદ્વર્તાવ)થી વર્તીશું. એવી મહેફિલોથી બચીશું જ્યાંથી દિલો કાટવાળાં થઈ જાય અને એવાની મહોબ્બતમાં બેસીશું જ્યાં દિલ ઝિંદા હોય અને દિલની અંદર ભલાઈનો જઝબો જાગૃત હોય.

આક઼ાએ કરીમ ﷺના સદક઼ા વ તુફૈલ અલ્લાહ ﷻ આપણા પર કરમ ફર્માવે અને આપણને સારાઓની સોહબત નસીબ ફર્માવે અને બુરાઓની સોહબતથી બચાવે જેથી આપણી દુનિયા પણ સંવરી જાય અને આખેરત પણ સંવરી જાય.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, માર્ચ–૨૦૧૫, મુંબઈ,*
*બરકાતે ખ્વાજા –માસિક, માર્ચ–૨૦૧૫)*

## ગામડાંઓ પર ધ્યાન કરવાની ખાસ જરૂરત છે !

હિંદુસ્તાનની ભૂમી પર લગભગ ૨૫ કરોડ મુસલમાનો વસે છે, મોટા શહેરોથી લઈને નાનાં ગામડાંઓ સુધી એ ફેલાએલા છે. એમનામાં ઘણા બધા એવા પણ છે જેઓ ઈસ્લામની પ્રાથમિક તા'લીમથી પણ વંચિત છે. બસ, એમનાં મા બાપ મુસલમાન હતાં અને તેઓ મુસલમાનના ઘરે પેદા થયા એટલા માટે જાણે છે કે તે મુસલમાન છે. એમને ન ઈસ્લામી અક઼ીદાઓ વિશે કાંઈ જાણકારી છે ન મસાઈલના વિશે. હદ તો એ છે કે કુર્આને મુક઼દ્દસ તજવીદની સાથે પઢવું તો બહુ દૂરની વાત છે તેમને

અલિફ, બા, તા, ષા....પણ નથી આવડતુ. આવા લોકોની સંખ્યા લગભગ ૬૦ થી ૭૦ ટકા હશે. કદાચ આ સંખ્યા આપને ચોંકાવી દે પરંતુ આ હકીકત છે, એનો ઈન્કાર આપનો અનુભવ તથા તેહકીક નહીં કરી શકે. આપ દેશભરના ઈલાકાઓનું નિરીક્ષણ કરો તો મુસલમાનોની આબાદીની સ્થિતિ જાહેર થઈ જશે. મોટા શહેરોમાં મોટા ઈજતેમાઓ તથા જલસાઓમાં આવનારાઓની સંખ્યા જોઈને અને વર્તમાનપત્રોમાં વાંચીને આપણે એવું સમજીએ છીએ કે મુસલમાનો ખૂબ જ પ્રમાણમાં છે, પરંતુ તેમની જિંદગીમાં ઝાંકીને જોવામાં આવે તો સમજમાં આવશે કે તેઓ ઈસ્લામથી કેટલાક નજીક છે અને જેહાલતથી કેટલા નજીક છે ! તેમને પોતાના અકીદાઓ તથા અમલોથી કેટલી વાકેફિયત છે, તેમને કલ્મો વગેરે પણ યાદ છે કે નહીં ?! તેમને નમાઝના અરકાન તથા ગુસલના ફર્ઝો વગેરેની પણ માહિતી છે કે નથી ?! આ ચિતાર સાફ દર્શાવી રહેલ છે કે એક ઈસ્લામી માળખુ તો સામે છે પણ ઈસ્લામી હુંફ તેનામાં મૌજૂદ નથી ! જાહેર છે કે આવા લોકોને ઈસ્લામથી ફેરવી દેવાના માર્ગે લઈ જવા ખૂબ જ આસાન થઈ જાય છે.

હું તમને મારો અનુભવ બતાવી રહ્યો છું. રાજસ્થાનમાં એક મોટુ શહેર છે, ત્યાંના સુન્ની દા'વતે ઈસ્લામીના જિમ્મેદારોએ મને કહ્યું કે, હઝરત ! આજે તમો અમારી સાથે બે ગામોનો દૌરો કરો અને ત્યાં મસ્જિદ મદ્રસાનો પાયો પણ રાખો. હું તેમની સાથે પાલીથી લગભગ ૬૦ કિ.મિ. દૂર એક ગામડે પહોંચ્યો. મેં એ ગામની વસ્તીના બારામાં લોકોને પૂછયું તો તેમણે કહ્યું કે અહીં ૬૦ ઘરો મુસલમાનોનાં છે. મેં પૂછયું, નમાઝ, તરાવીહ તથા તા'લીમની શું વ્યવસ્થા છે ? જવાબ મળ્યો કે અમારા ગામમાં ન મસ્જિદ છે ન મદ્રસો અને ન મૌલાના છે ! મેં પૂછયું કે જુમ્આ તથા ઈદો વગેરેમાં શું કરો છો ? તો તેમણે કહ્યું કે ઈદ માટે નજીકના કોઈ ઈલાકાથી ઈમામ લઈ આવીએ છીએ અને તે ઈદની નમાઝ પઢાવી આપે છે. આ સાંભળીને હું આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. એ ૬૦ ખાનદાનોના વર્તમાન તથા ભવિષ્યના બારામાં વિચારીને તથા તેમના ઈમાન તથા ઈસ્લામની સલામતીના માટે એ જ વખતે ત્યાં નક્કી થયેલ

જગા પર મસ્જિદનો સંગે બુન્યાદ રાખવામાં આવ્યો. ફિલ્લાહિલ્ હમ્દ. પછી અમે લોકો ત્યાંથી લગભગ ૪૦ કિ.મિ.ના અંતરે એક ગામડામાં ગયા. ત્યાં પણ મુસલમાનોનાં ૫૦ ઘરો હશે પણ ઈસ્લામની તા'લીમ તથા ઈબાદતના સંબંધે પાયાની સહૂલતો બિલકુલ ન હતી. ત્યાં પણ જરૂરતને અનુલક્ષીને નિશ્ચિત જગાએ મદ્રસાનો સંગે બુન્યાદ રાખવામાં આવ્યો. આજે અલ્હમ્દુલિલ્લાહ ! બંનેવ ઈલાક઼ાઓમાં મસ્જિદ તથા મદ્રસાનું કામ સંપૂર્ણ થઈ ચૂક્યું છે અને ઈફતેતાહ પણ થઈ ચૂક્યો છે. અલ્હમ્દુલિલ્લાહ ! ''સુન્ની દા'વતે ઈસ્લામી'' પાલી શાખાના સંચાલન હેઠળ લગભગ ૨૫ ગામડાંઓમાં આ જ પ્રમાણે મસ્જિદ તથા મદ્રસા તથા મક્તબો સ્થાપ્વામાં આવ્યાં છે. આ તો અનુભવેલી વાત છે, આપ સર્વે કરો તો દેશમાં આ પ્રકારનાં સેંકડો બલ્કે હજારો ગામો મળશે જ્યાં આવા જ હાલાત હશે. જેથી આપણે પોત પોતાની શક્તિ અનુસાર એ ઈલાક઼ાઓનો સર્વે કરીને ત્યાં મુઅલ્લિમ, મુબલ્લિગ રાખીને મદ્રસા, મસ્જિદની સ્થાપ્ના કરવી જરૂરી છે જેથી એમનું ઈમાન પણ સલામત રહે અને નવી પેઢીઓમાં ઈસ્લામની હુંફ બાકી રહે.

હું તમામ ગુલામાને મુસ્તફા ﷺને ગુઝારિશ કરું છું, ખાસ કરીને દેશભરમાં ફેલાયેલા દારુલ ઉલૂમો તથા મસ્જિદો તથા સંસ્થાઓના જિમ્મેદારોને કે ખુદાને ખાતર ગામડાંઓ પ્રતિ ધ્યાન કરો ! તલબા, મુઅલ્લિમો, ઈમામો પોત પોતાના ક્ષેત્રમાં આવનારાં ગામડાંઓમાં જઈને લોકોને ઈસ્લામની પાયાની તા'લીમથી શણગારે, તેમને અક઼ીદાઓ, કુર્આનની તિલાવત, નમાઝ વગેરેના મસાઈલ બતાવીને તેમનું ઈમાન સુરક્ષિત કરે, અને જે અહલે સુન્નતની રસમો છે તેને રિવાજ આપે. જેમ કે હુઝૂર મુબલ્લિગે ઈસ્લામ અલ્લામા અબ્દુલ અલીમ મેરઠી رحمۃ اللہ علیہ (ખલીફાએ આ'લા હઝરત) એ આફ્રિકાનાં ગામડાંઓમાં મીલાદે મુસ્તફા ﷺની મહેફિલો ગોઠવી અને ઈસ્લામી તા'લીમની વ્યવસ્થા પણ કરી. જો એવું આપણે કરી લીધું તો અલ્લાહ عزوجل અને તેના પ્યારા હબીબ ﷺ રાજી થઈ જશે. ઈન્શાઅલ્લાહ ! *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, એપ્રિલ–૨૦૧૫, બરકાતે ખ્વાજા –માસિક, એપ્રિલ–૨૦૧૫)*

# વાતોની નહીં કામની જરૂરત છે !

પ્રતિકૂળ સંજોગો સબબોની કમી તથા ગૈરાના હુમ્લાઓના કારણે મુસ્લિમ કૌમ અત્યારે બેચૈન જ નહીં બલ્કે એ ચિંતામાં ડૂબેલી છે કે વર્તમાન તબાહકુન ભવંરમાંથી નીકળવાનો શું માર્ગ હશે અને પોતાની જાતને તેમજ ઉમ્મતને પ્રગતિના પંથે જોવી તથા લઈ જવી કઈ રીતે શક્ય થશે.

અહીં એ વાત દિમાગમાં રાખવી જોઈએ કે સંજોગો દરેક દૌરમાં મુસ્લિમ ઉમ્મતના માટે પરેશાન કરનારા રહ્યા છે અને દરેક દૌરમાં અલ્લાહ ﷻએ મુસ્લિમ ઉમ્મતની કશ્તી (નાવ)ને સમુદ્રના કિનારે લગાડી. ખાલિકે અર્દો સમા પોતાના કમજોર બંદાઓને નિષ્ફળ નથી કરતો બલ્કે સાચા દિલથી કમજોર બંદાઓ મહેનત કરે તો અલ્લાહ માર્ગો ખોલી આપે છે. જેમ કે ઈર્શાદ છે :–

"અને જેમણે અમારા માર્ગમાં પ્રયત્ન કર્યા, અવશ્ય અમે તેમને અમારા રસ્તા દેખાડીશું." *(સૂ. અન્કબૂત–૬૯)*

આજના આ હંગામાખેઝ પુર ફિતન માહોલમાં વાતોની નહીં કેવળ કામની જરૂરત છે, તે પણ ઈખ્લાસ તથા લિલ્લાહિયતની સાથે જેથી આપણુ કરવામાં આવતું કામ પાયાદાર પણ હોય ફાયદાકારક પણ હોય. આજે આપણે ગૈરોનાં કામ અને તેમની કોશિશોનો ઉલ્લેખ કરીએ છીએ અને જ્યારે મેદાન હાથથી નીકળી ચૂક્યું હોય છે તો કામની યોજના કરવાનું શરૂ કરીએ છીએ, અને વળી અમલી સ્વરૂપ આપવામાં પણ સુસ્તીથી કામ લઈએ છીએ. એટલા માટે જરૂરત એ છે કે કામ સમયસર શરૂ કરીએ. જો આપણે ઈખ્લાસ તથા ત્યાગની ભાવના હેઠળ કામ કર્યું તો અલ્લાહનો વાયદો સાચો છે : "તમે અલ્લાહના દીનની મદદ કરો અલ્લાહ તમારી મદદ કરશે." પરંતુ આપણે કદમ ઉપાડવો પડશે, આપણે કામોની ગોઠવણી કરવી પડશે અને એમાં **Priority** (અગ્રતા)ને લક્ષમાં રાખવી પડશે, જેમ કે કુર્આનની તાલીમ તજવીદના

મસાઈલની સાથે, અકીદા તથા મસાઈલની સારા તરીક઼ા વડે તબ્લીગ. આપણે કોશિશ કરીએ કે પબ્લિકને આ વાતોથી સૌ પ્રથમ માહિતગર કરીએ. આપણી દાવતી તથા તબ્લીગી સિસ્ટમને બેહતર બનાવીએ, સારા મોઅલ્લિમોની વ્યવસ્થા કરીએ, મકતબો તથા મદ્રસાઓ માટે જગાની યોગ્ય વ્યવસ્થા કરીએ, સ્કૂલ કોલેજ તથા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના માટે યોગ્ય લાયકાતવાળા મુદાર્રિસોની વ્યવસ્થા કરીએ જેઓ એમને ખૂબીપૂર્વક દીની તાલીમ આપી શકે. મુદર્રિસો, મુઅલ્લિમો પણ પોતાના ઈલ્મ તથા ઈખ્લાસ વડે લોકોને ફાયદો પહોંચાડે. બદલાની તમન્ના અલ્લાહ ﷻ અને તેના પ્યારા નબી ﷺથી રાખે. ક઼નાઅત પસંદી (થોડામાં રાજી રહેવાનું) અપનાવે અને લોભ લાલચથી દૂર રહે, એટલા માટે કે આ દુનિયા થોડાક જ દિવસોની છે અને આખેરત બાકી રહેનારી છે. એ દિમાગમાં બેસાડી લે કે જ્યારે અલ્લાહ ﷻ અજર અતા ફર્માવશે તો દુનિયા તથા આખેરત બંનેવ સંવરી જશે.

દરેક દૌર તથા દરેક જમાનામાં કામ કરનારાઓને યાદ રાખવામાં આવે છે અને તેમની મહોબ્બત મૌલા તબારક વ તઆલા પોતાની મખ્લૂક઼ના દિલમાં પેદા કરી આપે છે. આપણા પૂવર્જોએ કામ કર્યુ. વાત તો આમેય ઓછી કરતા હતા અને કામ વધુથી વધુ કર્યા કરતા હતા. પરંતુ આપણે મશ્વરાઓ તથા મનસૂબાઓમાં અટકી ગયા છીએ અને જમીન પર (હક઼ીક઼ી) કામમાં પાછળ છીએ. ઈલ્લા માશાઅલ્લાહ !

ઉઠો ! સંજોગો આપણને ચીસો પાડી પાડીને પોતાની તરફ બોલાવી રહ્યા છે, મુસ્લિમ ઉમ્મત ધ્રુસ્કાં ભરી રહી છે, ગફ઼તલતની ચાદર ઉઠાવીને ફેંકી દો. માલદારો ! આગળ આવો અને પોતાના માટે નજાતના ઝરીયાની વ્યવસ્થા કરો ! મુઅ઼લ્લિમો, મુસન્નિફ઼ો (લેખકો)ના પગારોની જિમ્મેદારીઓ ક઼બૂલ કરો, કિતાબોના પ્રકાશનની જિમ્મેદારી ક઼બૂલ કરો, મકતબોના માટે જગાઓ પૂરી પાડો કે મકતબો તથા મદ્રસાઓ ઈસ્લામની તે દર્સગાહો છે જ્યાં આપણા નાના બાળકો ઈસ્લામી અહકામથી સજ્જ કરવામાં આવે છે. પોતે પણ ઈલ્મ શીખો અને બીજાઓ

સુધી પહોંચાડવાનું કામ કરો જેથી તમારો ઈલ્મ તથા અકીદો પણ મેહફૂઝ રહે અને ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામની મહોબ્બત ફેલાતી જાય. જો તમે કમજોર છો તો કાંઈ વાંધો નહીં, પણ તમારો ખુદા ક્વી (શક્તિવાન) છે, તે દરેક બંદાને કામના બદલામાં સરબુલંદ ફર્માવે છે અને તેની મદદ ફર્માવે છે એનું જ ફર્માને આલીશાન છે : "અને અમે એવું ચાહતા હતા કે એ કમજોરો પર એહસાન કરીએ અને એમને પેશવા બનાવીએ (કે તેઓ લોકોને નેકીની રાહ બતાવે અને લોકો નેકીમાં તેમની પયરવી કરે) અને તેમના મુલ્ક તથા માલના તેમને વારસ બનાવીએ." *(અલ્કસસ-૫, કન્ઝુલ ઈમાન)*

*(સુન્ની દા'વતે ઈસ્લામી, મંથલી, મુંબઈ, મે-૨૦૧૫,*
*બરકાતે ખ્વાજા -માસિક, મે-૨૦૧૫)*

## મુસલમાનોની નાસમજી અને તેનો ઈલાજ

કોઈ નુકસાનને જાણવું અલગ છે અને એ જાણેલી ચીજને અનુભવવી અલગ વાત છે. જ્યારે માણસ કોઈ ચીજની અનૂભૂતિ કરે છે, એનો એહસાસ કરે છે તો તેના માટે દિલગીર પણ થાય છે. અને તે નુકસાનના નિવારણની કોશિશ પણ કરે છે. તમો જુઓ કે આજે દુનિયાભરમાં મુસ્લિમ ઉમ્મતનું શોષણ થઈ રહ્યું છે, તેની સાથે જુલ્મ તથા અન્યાય થઈ રહ્યો છે. દુનિયાનો કદાચ જ કોઈ મુસલમાન એવો હશે જે આ વાતથી વાકેફ ન હોય, પણ શું તેને એનો એહસાસ પણ છે ? જો સાચા અર્થમાં એહસાસ થઈ જાય તો યકીનન ! તો તે તેના માટે અમલી રીતે પ્રયત્નશીલ થઈ જશે, પડતી તથા જુલ્મ તથા જબરદસ્તીના માહોલમાંથી નીકળવાની કોશિશ કરશે. આજે હાલત એ છે કે દોસ્તોના રૂપમાં દુશ્મન હમદર્દીનો ઢોંગ રચીને મોટી મોટી મંડીઓમાં વ્યક્તિને નહીં બલ્કે કૌમોને વેચી રહ્યા છે અને આપણે ગફલતની નિદ્રામાં એટલા મસ્ત છીએ કે

આપણને એનો એહસાસ સુધ્ધાં નથી. જ્યારે આંખ ખુલે છે તો સર્વ કાંઈ લૂટાઈ ચૂક્યું હોય છે. છેવટે મુસ્લિમ ઉમ્મત હક્ક઼ તથા બાતિલ, હલાલ તથા હરામ, સત્ય તથા જૂઠ, દોસ્ત તથા દુશ્મનમાં ફરક કરવાની ક્ષમતાથી મેહરૂમ કેમ થઈ ગઈ છે ?! મુસલમાનોની શાન તો એ છે કે ન તે બેવકૂફ બને છે અને ન બેવકૂફ બનાવે છે. સાચો મોમિન કદી ધોકો નથી ખાતો. હદીષે નબવી છે. "મોમિનને એક દરથી બે વાર નથી દંશવામાં આવતો." *(સહીહ બુખારી, કિતાબુલ અદબ, હદીષ–૬૧૩૩)* આપણા દુશ્મનો આપણને વારંવાર દંશી રહ્યા છે પણ આપણે ખામોશ પ્રેક્ષક બનીને બેઠેલા છીએ. જરૂરત છે કે આપણે આપણામાં બસીરત (દ્રષ્ટિ) પેદા કરીએ, પર્દાની આરપાર જોવાનું શીખીએ, ભાવિની આંખોમાં ઝાંકીએ અને માજી તથા વર્તમાનની કડવી વાસ્તવિકતાઓને લક્ષમાં રાખીને ભવિષ્યનો તાગ કાઢીએ. પરંતુ યાદ રાખશ કે આ નિગાહે બસીરત (દ્રષ્ટિ શક્તિ) ત્યાં સુધી પેદા નથી થતી જ્યાં સુધી ઈન્સાનમાં તક઼્વા (ખુદાનો ડર)ની સિફત (ખૂબી) નથી પેદા થઈ જતી. કુર્આને મુક઼દસમાં અલ્લાહ ﷻએ નિગાહે બસીરતથી સજ્જ થવાના માટે એક ગુણનો ઉલ્લેખ કર્યો છે જેના કારણે ઈમાનવાળાઓમાં એ લાયકાત પેદા થાય છે અને તે છે તક઼્વો. ઈર્શાદ ફર્માવે છે : "હે ઈમાનવાળાઓ ! જો અલ્લાહથી ડરશો તો તમને તે આપશે જેના વડે હક્ક઼ને બાતિલથી અલગ કરી લો, અને તમારી બુરાઈઓ ઉતારી આપશે અને તમને બખ્શી આપશે, અને અલ્લાહ ઘણો જ ફઝ્લવાળો છે. " *(સૂ. અન્ફાલ, આ. ૨૯, કન્ઝુલ ઈમાન)*

ઉપરોક્ત આયતે કરીમાથી એ વાત સ્પષ્ટ થાય છે કે તક઼્વો એવો ગુણ છે કે જો કોઈ મોમિન એને અપનાવી લે તો અલ્લાહ તેને એવું નૂર અતા ફર્માવે છે જેના થકી દોસ્ત તથા દુશ્મન બંનેવને તે ઓળખી લે છે. બાતિલ હજાર પર્દા ઓઢીને આવે પણ મોમિનની નજરથી તે બચી નથી શકતો. તક઼્વાની મહાન દૌલતથી સહાબા, તાબઈન તથા તબેઅ તાબઈન તથા અવલિયાએ કામિલીન માલામાલ હતા, એટલા માટે તેઓ માણસોના કેવળ જાહેરને જોઈને એમના બાતિન (અંતર)નો અંદાજો કરી

લેતા હતા. ખૂદ આપણા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ લોકોના વુઝૂના પાણીનાં ટીપાંઓને જોઈને જાણી લીધા કરતા હતા કે વુઝૂ કયા ગુનાહને મિટાવી રહેલ છે ! આ નજર તક્વાના કારણે અલ્લાહે અતા કરી હતી. આજે આપણે દર દરની ઠોકરો ખાય રહ્યા છીએ અને આપણા હક્કોની પ્રાપ્તિના માટે ગલી ગલી ભટકી રહ્યા છીએ, છતાંય મેહરૂમી તથા નિષ્ફળતા સિવાય કાંઈ હાથ લાગતુ નથી. ખૂદ બદલાવું નહીં અને સંજોગોના બદલાવાની રાહ જોવી એ એવું સ્વપ્ન છે જે કદી પૂર્ણ થઈ શકશે નહીં. આપણે બધાથી ડરીએ છીએ સિવાય ખુદાના ! અને આપણે સૌનું સાંભળીએ છીએ, સિવાય ખુદાના ! જો આપણે તક્વો અપનાવી લઈએ તો તે કયુ કામ છે જે ન બને ?! તક્વો દરેક મુશ્કેલીનો હલ છે. કુર્આને મુકૃદ્દસમાં રોજીની તંગીનો ઈલાજ પણ તક્વાને દર્શાવવામાં આવ્યો છે. ફર્માવ્યું : "અને જે અલ્લાહથી ડરે, અલ્લાહ તેના માટે છૂટકારાનો માર્ગ કરી દેશે." *(સૂ. તલાક઼, આ : ૨)* કામની આસાનીનો ઈલાજ પણ તક્વાને જ બતાવવામાં આવ્યો, ફર્માવ્યું : "અને જે અલ્લાહથી ડરે, અલ્લાહ તેના કામમાં સરળતા કરી દેશે." *(સૂ. તલાક઼, આ : ૪)* જન્નતની પ્રાપ્તિનો ઝરીયો પણ તક્વાને જ ઠરાવવામાં આવ્યો, ફર્માવ્યું : "આ તે બગીચાઓ છે જેના વારસદાર અમે પોતાના બંદાઓમાંથી તેમને કરીશું જે પરહેઝગાર છે." *(સૂ. મરયમ, આ. ૬૩)*

જો આપણે આ ગુણને અપનાવી લઈએ જેથી કોઈ આપણને ધોકો ન આપી શકે, કોઈ આપણુ શોષણ ન કરી શકે અને કોઈ આપણને માનસિક ગુલામ ન બનાવી શકે. અલ્લાહ عزوجل આકૃાએ કરીમ صلی اللہ علیہ وسلمના સદકૃા વ તુફૈલ આપણને સૌને તક્વાવાળા બનાવે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم. *–(હવાલો : બરકાતે ખ્વાજા –માસિક, જુન–૨૦૧૫)*

# હમ ગરીબોંકે આક઼ા પે બેહદ દુરૂદ

દુનિયામાં ગરીબોનો કોઈ હાલ પૂછનાર નથી. ગરીબોની હમદર્દી તથા તેમની જરૂરતોની પૂર્ણતાના નારા તો ઘણા બધા લોકો તથા ઘણી સંસ્થાઓએ લગાડયા, પરંતુ કોઈ એવી વ્યવસ્થા જેમાં ગરીબીનો ઈલાજ હોય એ કોઈએ આજ સુધી નથી પેશ કરી . માનવ ઈતિહાસમાં આક઼ાએ કરીમ ﷺ એકલી તે હસ્તી છે જેમણે ગરીબીના ખાત્માના માટે એક સંપૂર્ણ બંધારણ રજૂ કર્યું. આક઼ાએ કરીમ ﷺ દરેક વ્યક્તિને ઉઠાવવાને માટે તશરીફ લાવ્યા જે સમાજમાં પ્રતિષ્ઠા વિહોણો તથા કિંમત વિનાનો હતો. અને ઈતિહાસ ગવાહ છે કે આપે એવી ક્રાંતિ સર્જી કે અઝમત તથા ઉચ્ચતા પર કેવળ માલદારોનો જ કબ્જો ન રહ્યો, બલ્કે ગરીબ કમજોર તથા હૈષિયત વિનાના લોકો પણ અઝમત તથા રિફઅતના મીનારા પર પહોંચી ગયા.

આજે શાદી વિવાહના મોક઼ા પર કોઈ પણ ખુશીના મોક઼ા પર ગરીબોની હાજરી ઘણા બધા માલદારોની પેશાની પર દાગ લગાડી જાય છે, એટલા માટે ગરીબોને પોતાની શાદી વિવાહની મેહફિલો અને ખુશીના હંગામાઓથી દૂર જ રાખે છે. પરંતુ રહમતે આલમ ﷺએ ગરીબોનો મક઼ામ અને તેમની સાથે સારા વર્તાવનું એવું આયોજન કર્યું સાથોસાથ ખુદ પોતાનો જ એવો અમલ પેશ કર્યો કે ક઼યામત સુધી દુનિયાનો કોઈ પણ ક઼દાવર શખ્સ પણ પેશ નથી કરી શક્તો.

દુનિયાની એકથી એક મહાન હસ્તીઓને જુઓ અને સાથોસાથ દુનિયાના સૌથી મોટા, મહાન, માનવ ઈતિહાસના સૌથી મહાન મોહસિન હઝરત રહમતે આલમ ﷺને જુઓ. હુઝૂર ﷺએ સર્વ કાંઈ હોવા છતાં ગરીબોની સાથે રહેવું અને તેમની જ સાથે હશ્રને પસંદ ફર્માવ્યો. હુઝૂર ﷺએ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاને આ નસીહત ફર્માવી :

હે આઈશા ! કદી પણ મોહતાજ તથા જરૂરતમંદને નિરાશ ન કરશો, ચાહે તમો ખજૂરનો ઠળિયો જ કેમ ન આપી શકો. વધુમાં એ કે ગરીબો મોહતાજોથી મહોબ્બત કર્યા કરો અને એનાથી નિકટતા અપનાવ્યા કરો, બેશક ! એના બદલામાં અલ્લાહ તઆલા કયામતના દિવસે તમને પોતાના કુર્બ (નઝદીકી)થી નવાઝશે *(તિર્મિઝી શરીફ)*

આકાએ કરીમ ﷺનો એક અન્ય ઈર્શાદ મુબારક હઝરત ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہથી રિવાયત કરેલ આ હદીષે પાકમાં મૌજૂદ છે :

ઘણા વેરવિખેર વાળોવાળાઓ એવા છે જેમને લોકો તુચ્છ સમજીને પોતાના દરવાજેથી ધક્કો આપી દે છે, પરંતું જો તેઓ કોઈ કામના માટે કસમ ખાય લે તો અલ્લાહ તઆલા એમની કસમને જરૂર પૂરી કરી આપે.

એ જ આયોજનનો એક હિસ્સો સદકએ ફિત્ર છે. હુઝૂર ﷺએ સદકએ ફિત્ર થકી ગરીબોને ઈદની ખુશી અતા ફર્માવી છે. સૌથી મોટો દરબાર મારા પરવરદિગાર અલ્લાહ ﷻનું ઘર છે, એટલે મસ્જિદ. પોતાના આ દરબારના માટે અલ્લાહ ﷻએ એવું આયોજન નક્કી કર્યુ કે જો ગરીબ જલ્દી પહોંચી ગયો તો તે પ્રથમ સફનો હક્કદાર છે અને મોટામાં મોટા માલદારે તેની પાછળ તેના કદમોમાં બેસવું પડશે.

એ જ પ્રમાણે તમો ઈસ્લામી બંધારણની ગહરાઈઓ પર વિચારણા કરશો તો અંદાજો થશે કે ઈસ્લામ ગરીબોની સાથે કેટલા પ્રમાણમાં હુસ્ને સુલૂક (સદ્ વર્તાવ)ની તાકીદ ફર્માવે છે. મોટા મોટા દીનદાર ગરીબ લોકોની સલામ પણ કબૂલ નથી કરતા, તેમને મળવું તથા મુસાફો કરવો એ તો બહુ જ દૂરની વાત છે ! અલ્અયાઝુ બિલ્લાહિ તઆલા કે જેમને હુઝૂર ﷺએ પ્યાર આપ્યો અને આપણને એમની સાથે પ્યાર કરવાનો હુકમ આપ્યો. પણ અફસોસ ! આપણે એમને નીચ સમજી લીધા અને મહોબ્બતથી મેહરૂમીના પાત્ર ગણ્યા.

અલ્લાહ ﷻ આપણને સૌને ગરીબોના હમદર્દ અને તેમની સાથે મહોબ્બત કરવાવાળા બનાવે અને આપણા સૌથી તે કામ લે જે તેના તથા તેના મહબૂબ ﷺની મરજીના પ્રમાણે હોય.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ઓગષ્ટ–૨૦૧૫, બરકાતે ખ્વાજા –માસિક, ઓગષ્ટ–૨૦૧૫)*

# યોગ્ય પરીક્ષણ (તપાસ) વિના ઈલાજ ફાયદામંદ નથી

ચોતરફ શોર છે કે માહોલ બગડી રહ્યો છે, નવયુવાન બગડી રહ્યા છે, આવારગી તથા ઐયારી (પ્રપંચ, ધોકાબાઝી) વધી રહી છે, બલ્કે જેમ જેમ સમય આગળ વધી રહ્યો છે તેમ એવું લાગી રહ્યું છે કે બુરાઈઓ ખૂબ જ ઝડપભેર આપણી અંદર પ્રવેશતી જઈ રહી છે. દર્દમંદ હઝરાત પરેશાન છે કે સમાજની સુધારણા માટે કાંઈ ન કાંઈ કરવું જોઈએ. ક્યાંક ઈસ્લાહે મુઆશિરા (સમાજ સુધારણા) કોન્ફ્રન્સનું આયોજન થઈ રહ્યું છે તો ક્યાંક ઉમ્મતની ઈસ્લાહના નામ પર જલસા ગોઠવાય રહ્યા છે. દર જુમ્આએ ઈમામ સાહબો તકરીરો કરી રહ્યા છે, કિતાબો લખવામાં આવી રહી છે, બયઅતો ઈર્શાદ (પીરી મુરીદી)નો માહોલ ગરમ છે. સારાંશ કે દરેક શક્ય તે કોશિશ કરવામાં આવી રહી છે. વિના શંકાએ એ તમામ હઝરાત મુબારકબાદને પાત્ર છે કે સૌ પોતપોતાની રીતે ઉમ્મતે મુહમ્મદિયહ્ની ઈસ્લાહ માટે કાંઈ ન કાંઈ રોલ અદા કરી રહ્યા છે. પણ અફસોસ! માહોલ તો જેમનો તેમ જ છે ! સંજોગો અધિક બગડી રહ્યા છે, નવયુવાનો પહેલાં કરતાં કાંઈક અધિક બુરાઈઓથી ચુંગાલમાં ફસાતા જઈ રહ્યા છે અથવા એવું કહો કે ફસાવવામાં આવી રહ્યા છે. છેવટે આવું શા માટે છે ? અને એનો ઈલાજ શું છે ? અને આટલી બધી કોશિશો કરવા છતાં કામયાબી કેમ નથી મળી રહી ?

કારણ એ છે કે જેવી રીતે તાવ આવતાં તેનો ઈલાજ જો આપણે કામચલાઉ કોઈ ટેબ્લેટના થકી કરીએ અને કારણ જાણવવાની કોશિશ ન કરીએ કે તાવ આવવાનું કારણ શું છે ? તો ઘણા મહત્વનાં અંગો એ ટેબ્લટોથી આડ અસર પામી શકે છે અને બીમારી ખતમ થવાને બદલે અધિક વધી શકે છે. બુદ્ધિશાળી તે છે જે પ્રથમ ચેકઅપ કરાવે, તેના થકી તાવનું કારણ જાણવાની કોશિશ કરે અને પછી એના પ્રમાણે ડોકટર થકી ઈલાજ કરાવે.

આપણી સુધારણાની કોશિશ પર બરાબર આ જ દષ્ટાંત ફિટ બેસે

છે. મામલો એ છે કે આપણે સમાજના બગાડનો સબબ જાણવાને બદલે ઈલાજ પર અધિક જોર આપી રહ્યા છીએ. બીમારીની યોગ્ય તપાસ વિના દવાઓની તજવીઝ પર આપણુ ધ્યાન કેન્દ્રિત કરી બેઠા છીએ. જાહેર છે કે એનાથી બીમારીનો ખાત્મો કદી થઈ શક્શે નહીં, બલ્કે બીમારની હાલત ઔર બગડી જશે. બસ ! આ જ કારણે ઈસ્લાહી ચળવળો તથા દા'વત તથા તબ્લીગની કોશિશોનું પરિણામ લગભગ તદ્દન ઝીરો જણાય છે.

આવો ! આક઼ાએ કરીમ ﷺના ઈર્શાદની રોશનીમાં એ જાણવાની કોશિશ કરીએ કે છેવટે માનવ શરીરના બગાડનું કારણ શું છે, આવારગી તથા બેહયાઈની વૃદ્ધિનો સબબ શું છે ? સરકાર રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''યક઼ીનન ! શરીરમાં એક ગોશ્તનો ટુકડો છે, જો તે સહીહ સલામત છે તો પૂરું શરીર સહી સલામત રહેશે. અને જો તે બેકાર છે તો આખુ પૂરુ શરીર બેકાર રહેશે. જાણો છો એ ગોશ્તનો ટુકડો શું છે ? ખબરદાર થઈ જાવ ! એ દિલ છે, ખબરદાર થઈ જાવ ! એ દિલ છે, ખબરદાર થઈ જાવ ! એ દિલ છે.''

જાણવા મળ્યું કે આજે મુસ્લિમ ઉમ્મતનું દિલ બગડી ચૂક્યું છે જેના કારણે પૂરુ અસ્તિત્વ બગડેલુ છે. જો દિલનો ઈલાજ ન થયો અને કેવળ આંખ, કાન તથા જીભની હિફાઝતની વાત કરવામાં આવી તો આંશિક રીતે તથા ટેમ્પરરી સમય માટે એ ઈલાજ ફાયદાકારક થઈ શકે છે પણ સંપૂર્ણપણે તથા કાયમી ધોરણે એ ઈલાજ લાભકારક નથી થઈ શક્તો. હવે દિલનો ઈલાજ અને એની બીમારી શું છે એને જાણવું જરૂરી છે, કેમ કે એને જાણ્યા વિના એની સહીહ તપાસ નથી થઈ શકતી, અને જ્યાં સુધી યોગ્ય દિશામાં તપાસ ન થશે તો ઈલાજ પણ લાભદાયી થઈ શક્શે નહીં.

ઈન્શાઅલ્લાહ ! આવતા અંકમાં એના પર કાંઈક અંશે વિગતે ચર્ચા કરવાની કોશિશ કરીશું. રબ તઆલા તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

*(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, સપ્ટે. ૨૦૧૫,*

*બરકાતે ખ્વાજા –માસિક, સપ્ટેમ્બર–૨૦૧૫)*

# નેક લોકોની સોહબતનું ઈનામ

માનનીય વાંચકો ! પાછલા અંકમાં આપ પયગામ વાંચી ચૂક્યા કે માનવ શરીરના બગાડનું મૂળ કારણ દિલનો બગાડ છે. જો દિલ સંવરી ગયું તો પૂરુ વજૂદ સમરી જશે. જો તમો અંબિયાએ કિરામ عَلَیۡهِمُ السَّلَام ના પવિત્ર જીવનનું નિરીક્ષણ કરશો તો જાણવા મળશે કે તેમના આગમનનો હેતુ પોતાની ઉમ્મતોની તા'લીમની સાથોસાથ તેમના દિલની સફાઈ પણ કરવાનો હતો. ખુદ રસૂલે ગિરામી વકાર صلی اللہ علیہ وسلم ના હવાલાથી કુર્આન મજીદમાં અલ્લાહ عزوجل એ ઈર્શાદ ફર્માવ્યો : "આપ લોકોનો તઝકિયો (દિલની સફાઈ) કરો છો." રસૂલે ગિરામી વકાર صلی اللہ علیہ وسلم એ દિલોનો ઈલાજ કર્યો, દિલોને સાફ સુથરાં કર્યાં, અને તબેઅ તાબઈન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ એ કામો અંજામ આપ્યાં અને આજ સુધી સૂફિયાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین એ એ જ કામ અંજામ આપતા આવી રહ્યા છે.

વર્તમાનકાળમાં કદાચ જ કોઈ તબકો એવો હોય જેનું દિલ બગડેલુ ન હોય, પરંતુ જો એના ઈલાજના માટે તબીબ તલાશ કરવામાં આવે તો બહુ થોડા જોવા મળશે. ઈસ્લામી સમાજમાં દિલનો તબીબ કોને માનવામાં આવે ? ઉલમા તથા મશાઈખને ? ઈલ્લા માશાઅલ્લાહ ! કદાચ જ ક્યાંક કોઈ નિષ્ણાત તબીબ મળી શકે ! એટલા માટે કે દિલની બીમારી દુનિયાની મહોબ્બત છે. તાજદારે કાઈનાત صلی اللہ علیہ وسلم એ સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن ના દિલોએથી એને કાઢી અને તેમને દુનિયા કરતાં આખેરતને અગ્રતા આપવાની તા'લીમ આપી, અને પોતાના કિરદાર તથા અમલ વડે પણ દુનિયાથી નિઃઆકર્ષણ પેશ કર્યું. એ જ કારણે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن પણ કાનૂને ઈલાહી તથા કાનૂને રસૂલ صلی اللہ علیہ وسلم ના પાબંદ હતા. એમના પર આખેરતની ફિકરનું એટલુ દબાણ હતું કે તેઓ હર પલ એમાં જકડાયેલા રહેતા હતા, બલ્કે એમની નજીક થનારો પણ આખેરતની ફિકરમાં ડૂબેલો રહેતો. એટલા માટે નબીએ કરીમ صلی اللہ علیہ وسلم એ પોતાના સહાબાઓની પયરવીને હિદાયતનો ઝરીયો

ઠરાવ્યો. ફર્માવ્યું :– "મારા સહાબા તારાઓની જેમ છે તમો એમનામાંથી જેમની પયરવી (અનુસરણ) કરી લેશો હિદાયતવાળા થઈ જશો."

અફસોસ કે આજે સ્થિતિ તદન ઉલ્ટી છે. આપણા તબીબ સમજવામાં આવતા ઈલાજ કરનારાની પાસે ગયા પછી આખેરતની ફિકરનો જઝબો આપણને નથી મળવા પામતો. ઈલ્લા માશાઅલ્લાહ ! એવું નથી કે આજે નિષ્ણાત તબીબો નથી, છે અને જરૂર છે ! પણ જરૂરત છે એમને તલાશ કરવાની અને એમની સોહબતથી ફાયદો ઉઠાવવાની. એ જ લોકો પાસે બીમાર દિલનો ઈલાજ છે કે એમની સોહબતમાં બેસીને દુનિયા તથા આખેરતની કામયાબીના સંબંધી જઝબો પેદા થાય છે અને તેમની સોહબતથી હક્ક઼ તથા બાતિલ અને સહીહ તથા ગલતના વચ્ચે ફરક પેદા થાય છે, ગુનાહોથી નફરત પેદા થાય છે અને આપણા ક઼દમો નેક અમલોની તરફ વધવા લાગે છે. બીમાર દિલના માટે એક ખાસ ઈલાજ નબીએ રહમત ﷺએ ખાસ દર્શાવ્યો છે. સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَએ પૂછયું કે યા રસૂલલ્લાહ ! ﷺ દિલ કાટવાળ થઈ જાય તો એનો ઈલાજ શું છે ? આક઼ાએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, અધિક પ્રમાણમાં કુર્આનની તિલાવત અને મૌતનું ઝિક્ર. બીમાર દિલના માટે આ બે ચીજો દવાની હેસિયત ધરાવે છે. શું આજના બીમાર બલ્કે ઈલાજ કરનારા પણ આ દવાનો ઉપયોગ કરે છે અને એનાથી ફાયદો ઉઠાવે છે ? આપ આપના માથાની આંખો વડે વાસ્તવિક સ્થિતિને જોઈ શકો છો અને પરિણામ તારવી શકો છો.

આવો ! આપણે સૌ પોત પોતાના બીમાર દિલનો ઈલાજ કરીએ અને આપણા વજૂદને જહન્નમની આગથી બચાવીએ. કુર્આને કરીમની અધિક રીતે તિલાવત કરીએ અને મૌતને અધિક્તર યાદ કરીએ. અને આ જઝબાને જીવંત રાખવાના માટે નેક લોકોની સોહબત અપનાવીએ. યક઼ીનન ! આપણુ દિલ સેહતમંદ (તંદુરસ્ત) રહેશે અને જ્યારે આપણુ દિલ સેહતમંદ હશે તો આપણુ પૂરું વજૂદ નેકીઓથી સુગંધીદાર રહેશે, ઈન્શાઅલ્લાહ ! અલ્લાહ તઆલા આપણને સૌને સાલેહીનની સોહબતથી

ફાયદો ઉઠાવવાના મોકાઓ અતા ફર્માવે અને તેમના પવિત્ર જીવનને દીવાદાંડી બનાવવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

*–(હવાલો : બરકાતે ખ્વાજા –માસિક, ઓકટોબર–૨૦૧૫)*

## નિરાશાઓનો ઈલાજ અલ્લાહ પર ભરોસો

દુનિયાભરના મુસલમાન વર્તમાન સંજોગોમાં સખત પ્રમાણમાં અજંપો તથા બેચેનીનો શિકાર છે. દેશના તથા વિશ્વના સંજોગોના નિરીક્ષણમાં જણાય રહ્યું છે કે દરેક મુસલમાન લાચારી તથા નિઃસહાયતા પ્રદર્શિત કરતો જોવા મળે છે. વિવિધ પ્રકારના પ્રતિબંધો, આપસમાં જ લડાઈમાં પડી ચૂકેલા મુસલમાન સત્તાધારીઓ, યૂરોપની ભૂમી પર શરણાર્થી મુસલમાનોની કફોડી હાલત અને પશ્ચિમી કૌમના વૈચારિક આક્રમણો....... આ સૌ એવા બનાવો છે જે દર્દમંદોને પલ પલ બેચેન કરી રહેલ છે. એવું લાગે છે કે વર્તમાનકાળના મુસલમાનોએ આનાથી પહેલાં કદી આવા સંજોગો નહીં જોયા હોય. અલ્લાહનો શુક્ર છે કે હજી પણ મુસલમાનનો સંબંધ અકીદાની રૂએ જ ભલે તૌહીદ તથા રિસાલત અને મૃત્યુ પછીના જીવન વગેરે સાથે કાયમ છે. કુર્આન તથા હદીષથી અજ્ઞાનતાના લીધે આજનો મુસલમાન પોતાને સખત ઈમ્તેહાન તથા નિઃસહાયતામાં સપડાયેલો મહેસૂસ કરી રહ્યો છે. ક્યારેક એવું વિચારે છે કે અમારી પાસે ઈલ્મ નથી, સરમાયો (સંપત્તિ) નથી, સત્તા નથી, શક્તિ નથી. તો હું સરસામાન વિનાની સ્થિતિમાં જિંદગી ગુજારનારા સર્વ મુસલમાનોનું ધ્યાન ઉમ્મીદથી ભરપુર કુર્આની આયતની તરફ કેન્દ્રિત કરવા ચાહુ છું.

હઝરત હૂદ عليه السلام ની દા'વત ઠુકરાવનારા જ્યારે એમની વિરુદ્ધ સાઝિશો રચી રહ્યા હતા અને તેમની જાનના દુશ્મન બનેલા હતા તો તેમણે એઓની સાઝિશોની પરવા કર્યા વિના જે કાંઈ કહ્યું તે સૂરએ હૂદ આયત નં. ૫૬માં મૌજૂદ છે :–

اِنِّی تَوَکَّلْتُ عَلَی اللّٰهِ رَبِّیْ وَرَبِّکُمْ مَامِنْ دَآبَّةٍ اِلَّا هُوَ اٰخِذٌ بِنَاصِیَتِهَا۔ اِنَّ رَبِّیْ عَلٰی صِرَاطٍ مُّسْتَقِیْمٍ

"મેં અલ્લાહ પર ભરોસો કર્યો જે મારો રબ છે અને તમારો રબ છે. કોઈ ચાલવાવાળો નથી જેની ચોટલી તેની કુદરતના કબજા હેઠળ ન હોય, બેશક ! મારો રબ સીધા રસ્તા પર મળે છે."

આકાએ કરીમ ﷺ પર જ્યારે દા'વતો તબ્લીગના બદલામાં કાંઈક વાક્યો (અવનવા શબ્દો) બોલાવા લાગ્યાં અને આપની મજાક ઉડાડવામાં આવી, તે સમયે પણ અમુક પવિત્ર હસ્તીઓ સિવાય હુઝૂર ﷺની સાથે કોઈ ન હતું. તો રબ્બે કદીર عزوجلએ ઈર્શાદ ફર્માવ્યો :–

قُلْ حَسْبِیَ اللّٰهُ عَلَیْهِ یَتَوَکَّلُ الْمُتَوَکِّلُوْنَ "તમો ફર્માવો ! અલ્લાહ મને બસ (પૂરતો) છે, ભરોસાવાળા એના પર ભરોસો કરે." *(સૂરએ ઝુમર, આ. ૩૮)*

એ જ પ્રમાણે મો'મિનની શાન આ રીતે વર્ણન કરવામાં આવી છે :–

"જેમણે સબ્રનું પ્રદર્શન કર્યું અને પોતાના રબ પર ભરોસો રાખે છે." *(નહ્લ–૪૨)* તવક્કુલ શબ્દ અસલ વકાલતથી નીકળેલ છે, એટલે કોઈ એવા વકીલની પસંદગી કરવામાં આવે જેના પર ભરોસો કરવામાં આવી શકે. ઈસ્લામની ઈસ્તેલાહ (બોલી)માં તવક્કુલનો ભાવાર્થ એ જ છે કે અલ્લાહ તઆલાને પોતાનો વકીલ અથવા પોતાનો કારસાઝ (કામો બનાવનાર) બનાવવામાં આવે, એના પર સંપૂર્ણપણે ભરોસો કરવામાં આવે અને દરેક મામલામાં પરિણામની ઉમ્મીદ એનાથી રાખવામાં આવે.

હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું, આપ ઈર્શાદ ફર્માવતા હતા કે, "જો તમે લોકો અલ્લાહ પર એવો તવક્કુલ અને ભરોસો કરો જેવો કે એના પર તવક્કુલ કરવાનો હક્ક છે, તો તમને તે એ રીતે રોજી આપશે જેવી રીતે કે પક્ષીઓને આપે છે. તેઓ સવારમાં ભૂખ્યાં પોતાના માળાએથી નીકળે છે અને સાંજે પેટ ભરીને પરત આવે છે. *(તિર્મિઝી, ઈબ્ને માજહ)*

ઉપરોક્ત આયતો તથા મુબારક હદીષ એ કાદિરે મુત્લક પર

તવક્કુલના બારામાં માર્ગદર્શન કરે છે જેની કુદરતના તાબા હેઠળ સર્વ મખ્લૂક઼ છે. અલ્હમ્દુલિલ્લાહ! આપણે એના માનવાવાળા છીએ, આપણે એના પર તવક્કુલ કરીને લાચારપણાને દૂર કરીએ અને શક્ય ત્યાં સુધી કામયાબીના માટે જદ્દો જેહદ (મહેનત તથા કોશિશ) પર ભરોસો કરવાને બદલે અલ્લાહની મદદ પર ભરોસો કરીએ. તેનું ફર્માન હક્ક છે : وَمَنۡ يَّتَوَكَّلۡ عَلَى اللّٰهِ فَهُوَ حَسۡبُهٗ "અને જે અલ્લાહ પર ભરોસો કરે તેને તે પૂરતો છે." *(સૂરએ તલાક઼, આ. ૩)* આપણો તવક્કુલ જેટલા પ્રમાણમાં મજબૂત હશે એટલા જ આપણે કામયાબ રહીશું. રબ તઆલા આપણને ગૈરોને બદલે તેની કરીમ ઝાત પર તવક્કુલની તૌફીક અતા ફર્માવે. (આમીન)

*(હવાલો : "સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી" મુંબઈ, નવેમ્બર–૨૦૧૫, બરકાતે ખ્વાજા –માસિક, નવેમ્બર–૨૦૧૫)*

## આવો ! વાદીએ નૂરની તરફ...

અત્યારે હું **Long Island New York America**માં છું. કાલે રાત્રે સંજોગોવસાત કેટલાક લોકો પોતાના અંગત મસાઈલના બારામાં મશવરા માટે મારી ક઼યામગાહ પર આવ્યા. એમના મસ્અલાના હલ પછી અમેરીકાની હાલત પર વાતચીત થવા લાગી. વાતચીત દરમ્યાન એક સાથીને મેં પૂછયું કે, અહીંયાં યહૂદી અને ઈસાઈ ઈબાદતગાહો આબાદ છે કે વેરાન ? એમણે કહ્યું કે વિરાન છે. યહૂદી અને ઈસાઈનાં ચર્ચ વગેરે આબાદ ન હોવાને કારણે વેચાઈ રહ્યાં છે અને કેટલાંકને મુસલમાનોએ ખરીદીને મસ્જિદમાં બદલી નાખ્યાં. પછી મેં એમને મસ્જિદ વિશે પૂછયું તો એમણે ઘણો હકારાત્મક જવાબ આપ્યો, અને મેં જાતે અનુભવ કર્યો કે અલ્હમ્દુલિલ્લાહ ! અહીંયાની લગભગ બધી જ મસ્જિદોમાં નમાઝી મોટી સંખ્યામાં હોય છે.

એના પછી અમેરીકાના લોકોની જિંદગીના ઉપર વાતચીત થવા લાગી. મેં પૂછયું, અહીંયાંના લોકો ખૂશહાલ હશે ? તો એમને જવાબ આપ્યો કે જો તમે સૌથી વધારે માયૂસ અને ગમગીન લોકોને જોવા માંગતા હોવ તો અહીંયાંની પબ્લિકને જોઈ શકો છો. મેં પૂછયું, એનું કારણ શું છે ? બતાવવામાં આવ્યું કે **Depression** અને ગુનાહોમાં સુકૂન (શાંતિ) મેળવવાની તલાશ ! દરેક જ લોકો ભૌતિક વસ્તુઓને સુકૂનનો ઝરીયો સમજી રહ્યા છે, અને એટલા માટે વધુમાં વધુ ધન પ્રાપ્તિના માટે અને માલની અધિકતાના માટે વધારેમાં વધારે ગુનાહોમાં સપડાયેલા જોવા મળે છે.

મજલિસમાં આમ તેમની પણ વાતો થઈ અને પછી મહેમાન વિદાય થયા. મેં વિચાર્યું અમેરીકા જેવો પ્રગતિ પામેલ દેશ અને અહીંયાં ઉદાસીનું પુર ?! એનું ખાસ કારણ શું કોઈ શકે છે ?! વિચારતાં વિચારતાં એક વાત દિમાગમાં આવી કે **જ્યારે કોઈ કૌમનો સંબંધ અલ્લાહથી કમજોર થઈ જાય તો પછી તે પરેશાનીમાં પડી જાય છે.** આક઼ાએ કરીમ ﷺની પેદાઈશ પહેલાં ખાસ કરીને અરબના ક઼બીલાઓની હાલત જોવામાં આવે તો ત્યારનો માહોલ પણ અત્યારના પ્રગતિ પામેલા દેશોની જેમ જ હતો, પરંતુ મારા આક઼ાએ કરીમ ﷺએ આયતે કરીમા **اُدۡعُ اِلٰی سَبِیۡلِ رَبِّکَ بِالۡحِکۡمَۃِ وَ الۡمَوۡعِظَۃِ الۡحَسَنَۃِ** ની રોશનીમાં લા ક઼ાનૂનિયત અને ખુદા ફરામોશીમાં ડૂબેલા એ ક઼બીલાઓને આ લા'નતથી કાઢીને અલ્લાહની તરફ વાળી દીધા જેના કારણે એમનો સમાજ સુકૂન અને શાંતિથી ભરાઈ ગયો અને એમને એવું સુકૂન અને સંતોષ મળ્યો કે જમાનો એનું દૃષ્ટાંત રજૂ નથી કરી શકતો.

સાચી વાત છે કે સુકૂન (શાંતિ) અને સંતોષ ફકત અને ફકત અલ્લાહના ઝિક્રથી મળે છે, એના સિવાય બીજી કોઈ વસ્તુ શાંતિ અને સુકૂન નથી આપી શકતી.

આજે જરૂરત છે કે તૌહીદ તથા રિસાલતના અક઼ીદાને સારી રીતે દિમાગમાં બેસાડી લેવામાં આવે. આપણા રબની શાન અને એની તાક઼ત

તથા શક્તિ અને ક઼બજા તથા ઈખ્તિયારના બારામાં જાણવામાં આવે. અને એ જ પ્રમાણે રહમતે આલમ ﷺની અઝમત તથા શાનને સમજવામાં આવે કે જેથી આપણે કદી ઉદાસીની ચુંગાલમાં ન ફસાઈ જઈએ. દરેક જગાએ દરેક ક઼દમ પર આપણે અલ્લાહ ﷻ પર હોસલો, ભરોસો અને તવક્કુલ રાખીએ. ખુદાની બારગાહમાં શરીરને ઝુકાવવાની સાથોસાથ મનને પણ ખુદા વ રસૂલની મહોબ્બતથી તરબોળ કરીએ. ડો. ઈકબાલે સાચુ લખ્યું છે :

**ઝબાં સે કેહ ભી દિયા લા ઈલાહ તો ક્યા હાસિલ**

**દિલો નિગાહ મુસલમાં નહીં તો કુછ ભી નહીં**

અલ્લાહ તઆલાની શાન એ છે કે يَعْلَمُ خَآئِنَةَ الْاَعْيُنِ وَمَا تُخْفِى الصُّدُوْر એ નિગાહો અને દિલોમાં છુપાયેલ વાતોને પણ જાણે છે. આપણો ફકત દેખાવ મુસલમાન હોય તો તેનો કોઈ ફાયદો નથી, જ્યાં સુધી અંતર પણ મુસલમાન ન થઈ જાય.

પશ્ચિમી દુનિયાની દરો દીવાર તો રોશન છે, પરંતુ દિલમાં અંધકાર છે ! ઈસ્લામ દિલને મુનવ્વર કરવાની તા'લીમ આપે છે. દિલ અલ્લાહ અને એના રસૂલની મહોબ્બતથી મુનવ્વર હશે તો બેચૈની પણ દૂર થશે અને દિલોનું સુકૂન આપણી જિંદગીમાં દાખલ થશે. દિલોને મુનવ્વર કરવા અને ખુદાની મઅરેફતની દોલતથી માલામાલ થવા માટે થોડાક ક઼દમો ચાલો અને વાદીએ નૂર આઝાદ મેદાન, મુંબઈમાં થનારા **''સુન્ની દા'વતે ઈસ્લામી''**ના સુન્ની ઈજતેમા (૧૧,૧૨,૧૩, ડિસેમ્બર–૨૦૧૫)માં હાજરી આપો ! આ એ મેહફિલો છે કે જેમાં આવ્યા બાદ મુર્દા દિલ ઝિંદા થાય છે અને નેકીઓથી મહોબ્બત અને ગુનાહોથી નફરત થાય છે, અને દિલ મુનવ્વર થાય છે. *(૪ નવેમ્બર–બુધ, મુ. : લોંગ આઈસલેન્ડ, ન્યુયોર્ક–અમેરીકા)*

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ડિસે.–૨૦૧૫,*
*બરકાતે ખ્વાજા –માસિક, ડિસેમ્બર–૨૦૧૫)*

# નબી ﷺની બેઅદબી કૌમોની તથા દેશોની તબાહીને નિમંત્રે છે

*વર્તમાન સમયમાં મુસ્લિમોની વિરૂધ્ધ બોલવા માટે જાણે કે ઝબાનો આઝાદ થઈ ચૂકી છે. મુસ્લિમો વિરૂધ્ધ બોલવાની જાણે હરીફાઈ ચાલી છે. અને રાજકરણીઓ તથા કોમવાદી સંગઠનો આમને સામને એકબીજા પર આક્ષેપબાજીમાં મુસ્લિમોને ભાંડતા રહે છે. એવા વાતાવરણમાં લખ્નૌના એક કમ અક્લ કમલેશ તિવારી નામના બદબખ્ત શખ્સે મઆઝલ્લાહ! નબી કરીમ ﷺની શાનમાં અતિ ભયાનક બેઅદબીભર્યા શબ્દો પ્રસિધ્ધ કર્યા, જેનો વિરોધ દેશભરમાં રેલીઓ કાઢી તથા આવેદનપત્રો આપીને મુસલમાનોએ કર્યો છે. અમો પણ એ જાનવરથીય બદતર સિફતવાળા કમલેશ તિવારીના કૃત્યને સખત શબ્દો વખોડીએ છીએ અને ગવર્નમેન્ટ કાનૂની રીતે એના સામે કડકથી કડક પગલાં ભરે એ માંગ કરીએ છીએ. શરીઅતના કાનૂનમાં તો એ નબીનો ગુસ્તાખ મુબાહુદ્દમ ઠરે છે.*

*અત્રે અમો મુંબઈમાં આલમી તેહરીક **સુન્ની દાવતે ઈસ્લામી**ના આલમી ઈજતેમામાં લાખોના મજમામાં તા. ૧૩–૧૨–૨૦૧૫ના રોજ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરીએ** જે શબ્દોમાં એને વખોડી કાઢીને ગવર્નમેન્ટ પાસે યોગ્ય પગલાં લેવા માંગ કરી છે, તેને આપના શબ્દોમાં રજૂ કરીએ છીએ.–તંત્રી*

આજ મૈં હુકૂમતે હિંદકે યહાં નુમાઈન્દે ભી હોંગે ઉનસે ભી ગુઝારિશ કરુંગા કે "કમલેશ તિવારી"કા મસ્અલા જો ગુસ્તાખીએ રિસાલત મઆબ ﷺકે મુતઅલ્લિક અખ્બાર કે અંદર ઔર દુસ્રે અંદાઝસે જો લોગોં કે સામને આયા હૈ, તો મૈં સિર્ફ ઉન્હેં ઈત્ના કહના ચાહુંગા કે **રૂએ ઝમીન પર જિત્ને ભી ઈન્સાન પેદા હૂએ આજ તક, ઉનમેં સિર્ફ મેરે આક઼ા ﷺકી ઝાત હી ઐસી હૈ જિસ્કી હર મઝહબ કે માનનેવાલોંને તઅરીફ કી હૈ.** ઔર મૈં ઉન્હેં કુર્આન પઢનેકી દઅવત

દેતા હૂં. મૈંને કુછ દિનોં પહલે એક કિતાબ લિખ્ખી હે "કૌમોંકી તબાહીકા અસલી સબબ" ઉસ કિતાબકો પળ્હેં. ઈંગ્લિશમેં ભી વો હે. કૌમ તબાહ કબ હોતી હે ? મુલ્ક તબાહ કબ હોતા હે ? વજહ સબસે બળી યહ હોતી હે કે **જબ જબ અલ્લાહકે કિસી ફરિશ્તાદા પયગંબરકી તૌહીન કી જાતી હૈ તો અલ્લાહ ઉસ ચીઝકો ગવારા નહીં ફર્માતા ઔર ફિર અલ્લાહ કૌમ કો ભી તબાહ કરતા હૈ ઔર મુલ્ક કો ભી તબાહ કરતા હૈ.** ઔર યકીન ન આતા હો તો કૌમે આદકી દાસ્તાન પળ્હકે દેખ લો ! કૌમે ષમૂદકી દાસ્તાન પળ્હકે દેખ લો ! કૌમે નૂહકી દાસ્તાન પળ્હકે દેખ લો ! **સબને જબ જબ નબીકી ગુસ્તાખી કી તો અઝાબ આયા ! ઈસ લિએ કે કોઈ હમારા મહબૂબ હોગા, હુઝૂર તો અલ્લાહકે મહબૂબ હૈં !** ઔર ઉસીકે કબ્ઝેમેં સારી કાઈનાત હે. ઐસા રસૂલ જિન્કે આનેસે પહલે બચ્ચીયાં ઝમીનમેં ઝિંદા દફન કી જાતી થીં, ઝરા સોચો તો સહીહ ! ઝરા ગૌર તો કરો ! સબ યહ દેખ લે કે અગર નબીકે આનેકા ફાઈદા ઈન્સાનોંમેંસે કિસીકો સબસે પહલે મિલા હે તો વો ઔરત હી કો મિલા. ક્યા યહ સચ નહીં કે અબૂ લહબકો જબ યહ ઈત્તેલા મિલી કે હઝરત અબ્દુલ્લાહકે ઘર સરકાર ﷺકી વિલાદત હૂઈ હે, ઔર યહ ખબર કિસને દી થી ? ષુવૈબા (લોંડી)ને દી થી વોહ ઔરત હી તો થી ! ઉસને આકર કે ખબર દી કે મુબારક હો તુમ્હારે ભાઈકે યહાં બેટા પેદા હુવા ! ઉસી વક્ત ઉસને અપની ઉંગલીસે ષુવૈબાકો આઝાદ કિયા. ગોયા હુઝૂર ફર્માતે હૈં કે ઔરતો ! ગમ ન કરના ! અબ મૈં આ ગયા હૂં ! તુમ પર ઝુલ્મ નહીં હોગા ! મૈં આયા હી ઈસ લિએ હૂં કે તુમકો ઝુલ્મસે નજાત દિલાઉં. આતે હી હુઝૂરને અપના સબસે પહલા ફાયદા બતાયા ઔર ઔરતકો સરકારને ઝુલ્મકી ચક્કીસે પીસે જાનેસે નિકાલા. કિસી સહાબીને રસૂલસે કહા, યા રસૂલુલ્લાહ ! ﷺ મૈંને એક ઘરકો દેખા કે જિસમેંસે અન્વાર નિકલ રહે થે ઔર ઉપર તક જા રહે થે, સરકાર ક્યા વજહ હોગી ? ઈર્શાદ ફર્માયા, જાકર દેખો વહાં કોઈ બચ્ચી પેદા હૂઈ હોગી ! જિસ રસૂલકી પાકીઝગીકા આલમ યહ કે કભી કિસી ગૈર ઔરતકે હાથમેં હાથ દેકર હુઝૂરને કભી બયઅત નહીં કી, (ઉન પર

ઈલ્ઝામ ?!) જિસ રસૂલને બચ્ચીયોંકો ઈત્ના ઉંચા મર્તબા દિયા કે અગર કોઈ અપની તીન બચ્ચીયોંકી પરવરિશ સહીહ તૌર પર કરે યા દો બચ્ચીયોંકી યા એક બચ્ચીકી, તો હુઝૂર ઉન્હેં જન્નતકી ઝમાનત અતા ફર્માતે હૈં, ઉસે બખ્શિશકા ઝરીયા અતા ફર્માતે હૈં. તો મૈં સિર્ફ ઈત્ના કહના ચાહૂંગા કે મુસલમાન ઈસ સિલસિલેમેં ક્યા કરતે હૈં ઈસ પર તવજ્જોહ દેનેકે બજાય, **ઈસ ચીઝ પર તવજ્જોહ દી જાયે કે જિસ્કે બારેમેં કહા ગયા વો હૈ કોન ?! ઔર ઉસ્કા મર્તબા ખુદાકે નઝદીક ક્યા હૈ? યહ હુઝૂર કે ખિલાફ નહીં યહ ખુદાકે ખિલાફ એલાને જંગ હૈ !** ઈસ લિયે ચાહિયે યહ કે હુકૂમત સમઝદાર હૈ ઉસે ક્યા કરના ચાહિયે વો બેહતર જાનતી હૈ.

## ખૂદગર્ઝી (સ્વાર્થીપણા)થી બચો !

બારહ રબીઉલ અવ્વલનો પવિત્ર દિવસ આપણાથી વિદાય થયો. આ મહાન તથા મુબારક દિવસ અને અસામાન્ય તારીખ પર પૂરી દુનિયામાં આશિક઼ાને રસૂલ ﷺએ ઝબુકિયાં લગાડીને, ઝંડાઓ લહેરાવીને, જુલૂસો કાઢીને અને દીની મહેફિલો ગોઠવીને આક઼ાએ કરીમ ﷺની આગમનની ખુશી મનાવી. મહોબ્બતના પ્રદર્શનનો આ તરીક઼ો યક઼ીનન ! ઘણો જ સારો છે. પરંતુ સાથોસાથ જો આક઼ાએ કરીમ રઉફો રહીમ ﷺનાં મહાન ચિંતનોને પણ દિલમાં જગા આપતા અને પોતાની જિંદગીમાં એને સામેલ કરી લેતા તો રિસાલત મઆબ ﷺની ખુશ્નૂદી યક઼ીની તૌર પર હાંસલ થાત.

હુઝૂર રહ઼મતે આલમ ﷺની મુબારક જિંદગીના દરેક પાસામાં એક મહાન સબક઼ (બોધ) છે અને હુઝૂર ﷺની અદાઓને અપનાવનારાઓના માટે બંને જહાન (દારૈન)ની અનહદ ખુશીઓ તથા ફઝીલતો છે. મેં હુઝૂર ﷺની એક અદા જેને સર્વ સહાબાએ કિરામ

તથા અવલિયાએ એઝામની જિંદગીઓમાં સ્પષ્ટપણે પઢી તે છે પોતાની જરૂરતને બીજાની જરૂરત પર કુર્બાન કરી દેવી, એટલે કે સ્વાર્થીપણાથી પાક હોવું. એમાં કોઈ શંકા નથી કે સ્વાર્થીપણુ માણસની ફિતરતમાં સામેલ છે. એના માટે ઉમરની પણ કોઈ શર્ત નથી, ત્યાં સુધી કે નાનુ સરખુ દૂધ પીતુ બાળક કે જેનામાં બુદ્ધિ કે તમીઝ નથી હોતી છતાં આપે મહેસૂસ કર્યુ હશે કે એની ફિતરતમાં પણ સ્વાર્થવૃત્તિ સામેલ હોય છે. તેની માં જ્યારે પોતાના બીજા બાળકને પોતાની ગોદમાં ઉઠાવી લે છે તો તે બાળક પોતાના ભાઈ કે બહેનને પોતાની માને તુરંત ઉતારવાનું કહે છે ! મતલબ કે એની નાની સમજમાં એ વાત હોય છે કે આ મારી મા છે તો એણે શા માટે બીજા બાળકને પોતાની ગોદમાં ઉઠાવી લીધો !

એ જ પ્રમાણે તે પોતાની કોઈ ચીજને પોતાના ભાઈ બહેનોને આપવા માટે રાજી નથી થતો. સર્વ કાંઈ મારું મારું ને મારું એ જ એની ભાવના હોય છે. પરંતું આકાએ કરીમ રઉફુર્રહીમ ﷺનું મુબારક બચપન પણ દુનિયાના સર્વ માનવો અને સર્વ બાળકોથી ઉલ્ટુ છે. આકાએ કાઈનાત ﷺએ બચપનથી જ એ બતાવ્યું કે હું અન્યોની જરૂરત પર મારી જરૂરતને કુર્બાન કરવાનું પસંદ કરું છું. એ વાત ઐતિહાસિક નોંધમાં છે કે હુઝૂર ﷺ હઝરત હલીમા સઅદિયાના એક પિસ્તાનથી દૂધ પીતા અને બીજો પિસ્તાન ભૂખ હોવા છતાં પોતાના દૂધ ભાઈના માટે છોડી આપતા. આ મહાન વિચાર હુઝૂર ﷺએ આપ્યો છે. એ જ ચિંતનને આપ હુઝૂરની પૂરી જિંદગીમાં ભ્રમણ કરતુ જોશો. કુર્આને મુકદ્દસની આયતે કરીમા : (અર્થ) : ''અને પોતાના પ્રાણો કરતાં (પણ) તેમને પ્રથમ પસંદગી આપે છે, ભલે ને તેમને સખત મોહતાજી હોય.'' *(સૂરએ હશ્ર, આ. ૯)*

એ જ પ્રમાણે : (અર્થ) : ''અને તેના પ્રેમમાં મિસ્કીન અને યતીમ તેમજ કેદીને ખાવા ખવડાવે છે.'' *(સૂરએ દહર, આ. ૮, ૯)* એ જ ચિંતન પર અમલ કરનારાઓનો નિર્દેશ કરે છે. પરંતું પશ્ચિમી જગતની વૈચારિક (માનસિક) ગુલામીએ સ્વાર્થીપણાના કીચડમાં ઉમ્મતે મુહમ્મદિયહ્‌ને ધકેલી દીધી અને આજે ચોતરફ ઉઠનારા તોફાનો એ એજ સ્વાર્થીપણાનું

રિઝલ્ટ છે. ઈદે મીલાદુન્નબી ﷺ મનાવો પણ ફિક્રે મુસ્તફા ﷺ પણ અપનાવો. રસૂલુલ્લાહ ﷺની ખુશનૂદી હાંસલ કરવાની કોશિશ કરો.

પીરાને પીર હુઝૂર શયખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہની મુબારક જિંદગીમાં પણ ત્યાગભાવના (ઈષાર)ના જલ્વા ઠેક ઠેકાણે જોવા મળે છે. હઝરત શયખ તલ્હા બિન મુઝફ્ફર વર્ણવે છે કે હઝરત શયખે મને ફર્માવ્યું કે બગદાદમાં રોકાણ દરમ્યાન મને વીસ દિવસ સુધી ખાવા પીવા માટે કોઈ મુબાહ ચીજ હાથ ન લાગી તો હું કિસ્રાના મહેલો તરફ ચાલી નીકળ્યો. ત્યાં જોયું કે ચાલીસ અવલિયા અલ્લાહ એ જ તલાશમાં મારાથી પહેલાં ત્યાં પહોંચેલા છે. એ જોઈને હું તેમના વચ્ચેથી બગદાદ તરફ પરત થઈ ગયો. પણ માર્ગમાં મને મારો એક હમવતન મળી ગયો જેને હું તદ્દન ઓળખતો ન હતો. એણે મને અમુક રકમ આપીને બતાવ્યું કે આ આપનાં વાલિદાએ મોકલેલ છે. જેથી હું તે રકમ લઈને પાછો કિસ્રાના મહેલો તરફ પરત થયો અને એ રકમમાંથી અમુક હિસ્સો પોતાના ખર્ચ માટે રાખીને બાકીની રકમ તે અવલિયા અલ્લાહમાં વહેંચી આપી જેઓ ત્યાં રોજીની તલાશમાં ઉભેલા હતા, અને તેમને એ પણ બતાવી દીધું કે આ રકમ મારાં વાલિદાએ મોકલી છે. પછી મેં બગદાદ આવીને બાકી બચેલી રકમથી ખાવા ખરીદયું અને ફકીરોને ભેગા કરીને તેમની સાથે ખાવા ખાધું. *(કલાઈદુલ જવાહિર મુતર્જિમ, પેજ : ૩૪)*

અંબિયાએ કિરામ હઝરાત علیہم السلام તથા અવલિયાએ એઝામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની મહોબ્બતનો દમ ભરનારાઓને ગુઝારિશ છે કે એમના નામનો જુલૂસ કાઢીને તેમની બારગાહમાં ખિરાઝે અકીદત પેશ કરીને સાથોસાથ તેમની તા'લીમાત પર અમલ કરે અને તેમના અખ્લાક તથા કિરદારને પોતાની જિંદગીઓમાં લાગુ કરે. રબ તઆલા સર્વને તૌફીક અતા ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ફેબ્રુઆરી–૨૦૧૬,*
*બરકાતે ખ્વાજા –માસિક, ફેબ્રુઆરી–૨૦૧૬)*

# અમલોમાં ઈખ્લાસ બેહદ જરૂરી

આજના દૌરમાં ઈન્સાનોની ખુશામદ તથા તેમની ખુશી હાંસલ કરવી એ દરેક કામનો મક઼સદ બનતો જઈ રહ્યો છે. લોકો ખાલિક઼ને ભૂલીને મખ્લૂક઼ની ખુશી હાંસલ કરવાના ખયાલમાં માથાથી પગ સુધી ડૂબતા જઈ રહ્યા છે. શું નમાઝ, શું રોઝા, શું હજ્જ તથા ઝકાત, તથા સખાવત, અને શું દાવત તથા તબ્લીગ ?! ઈલ્લા માશાઅલ્લાહ !

આપણે બગડતા સમાજ અને ઉમ્મતની પડતી પર આંસૂ વહાવીએ છીએ અને તેના નિવારણ માટે યથા શક્તિ કોશિશ તથા તેની પ્રગતિ માટે પ્રયત્નશીલ છીએ. પણ આપણામાં એક ચીજની કમી છે જે હેતુની પરિપૂર્ણતામાં મહાન રુકાવટ છે. મારા ખયાલમાં તે ચીજ જેની ઉણપ વર્તાય છે તે ઈખ્લાસ (નિખાલસતા) છે. એટલા માટે કે આપણે સારાં કામો શા માટે કરીએ છીએ તેને અલ્લાહ ﷻ તથા ખુદ આપણા કરતાં અધિક કોઈ નથી જાણતું. ભલે આપણે આપણી જીભ વડે લોકો વચ્ચે પોતે મુખ્લિસ (નિખાલસ, નિઃસ્વાર્થ) હોવાનો ઉલ્લેખ કરીએ પણ આપણે ખુદ આપણા દિલમાં ઝાંકીને જોઈએ. એટલા માટે કે કુર્આને મુક઼દ્દસમાં છે : અનુભવ સાક્ષી છે કે તે છોડ ઉગી નથી શકતો જેને પાણી ન મળે, એ જ પ્રમાણે તે ઈબાદત ફાયદામંદ થઈ જ નથી શક્તી જેનો પાયો ઈખ્લાસ પર ન હોય. મૌલા અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે : ઈલાહી ! હું જહન્નમના ડર કે જન્નતની લાલચમાં તારી ઈબાદત નથી કરતો, બલ્કે તું ઈબાદતનો મુસ્તહિક઼ છે એટલા માટે તારી ઈબાદત કરું છું. *(રૂહે તસવ્વુફ)*

આક઼ાએ કરીમ ﷺએ સહાબાએ કિરામની તર્બિયતમાં ઈખ્લાસ પર ખાસ ધ્યાન આપ્યું, અને ખુદ આક઼ાએ કરીમ ﷺના ઈખ્લાસને કુર્આને કરીમે શું સરસ રીતે વર્ણવ્યો છે ! ઈર્શાદ ફર્માવ્યો : "તમે ફર્માવો, બેશક ! મારી નમાઝ અને મારી કુર્બાનીઓ અને મારું જીવવું અને મારું મરવું સૌ અલ્લાહના માટે છે જે રબ સર્વ જહાનનો."

*(સૂ. અન્આમ, આ.-૧૬૨)*

આ આપણા ﷺના ઈખ્લાસનો જઝબો છે કે કેવળ નમાઝ તથા કુર્બાની ખુદાના માટે નથી બલ્કે "મારું જીવવું મારું મરવું સૌ ખુદાના માટે છે" ફર્માવ્યું. જ્યારે કે આપણુ સર્વ કામ દુનિયાના માટે છે. હે કાશ ! આપણે આપણી નિય્યતોને ઠીક કરી લઈએ અને પોતાની અંદર ઈખ્લાસ પેદા કરી લઈએ.

પીરે પીરાં હુઝૂર સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ શું સરસ કહ્યું : "ખુદાની સાથે મખ્લૂક વિના, અને મખ્લૂકની સાથે નફસ વિના મામલો કરો." *(રૂહે તસવ્વુફ)*

એટલે કે ઈબાદતો મખ્લૂકની ખુશ્નુદીના વિના થાય અને મામલાઓ નફસની ખ્વાહિશની વિરૂધ્ધ, ઈખ્લાસ પર આધારિત હોય.

અબૂ મુહમ્મદ બગદાદી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે કે તું તારા અમલને જોવાનું છોડી દે.

હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ ઈખ્લાસની અલામતો (નિશાનીઓ) વર્ણન કરતાં ફર્માવે છે : ઈખ્લાસની ત્રણ નિશાનીઓ છે, પબ્લિકની પ્રશંસા કે ટીકા (બુરાઈ) બંદાની દૃષ્ટિમાં સરખી હોય, અમલોમાં પોતાના અમલોને જોવાનું ભૂલી જાય, અને આખેરતમાં પોતાના બદલાનો બેચેનીથી રાહ જોનાર ન હોય.

યાદ રાખશો ! પોતાનામાં ઈખ્લાસ પેદા કરવો કોઈ મામૂલી કામ નથી, બલ્કે ઘણુ જ કઠિન કામ છે. કોઈ પણ કામને કેવળ રબની ખુશી માટે કરવું આસાન નથી, પરંતું અશક્ય પણ નથી, બસ ધ્યાન કરવાની તથા કોશિશ કરવાની જરૂરત છે. અને એ મશહૂર છે કે, "મન જદ વ જદ" એટલે જે કોશિશ કરે છે તે પામી લે છે, જેથી નફસ સાથે જંગ કરો, દિલને ગૈરની ખુશ્નુદી (ખુશી)થી ખાલી કરો તો થોડો અમલ પણ બારગાહે સમદિયતમાં મકબૂલ થશે.

એક મુસલમાનની જિંદગીની દરેક પળ ઈબાદત બની શકે છે, શર્ત એ છે કે તે ફર્ઝોની અદાયગીના પછી દરેક અમલનો પાયો ખુલૂસ (નિખાલસતાભરી) નિય્યત પર રાખે, ચાહે તે અમલનો સંબંધ દીની

મામલાથી હોય કે તદ્દન દુનિયવી મામલા સાથે હોય. અમલો મુદ્દલે ત્યારે જ બદલાને પાત્ર બને છે જ્યારે એની પાછળ ખૂલુસ નિય્યત કાર્યરત હોય. નિય્યત જ એક એવી કસૌટી છે કે જેની ખરાબીના કારણે તદ્દન દીની અમલ પણ અઝાબનો સબબ બની જાય છે, અને એના (નિય્યતના) ખુલૂસના પરિણામે તદ્દન દુનિયવી કામ પણ નજાતનો સબબ બની શકે છે. નિય્યત વિના ઈખ્લાસની કલ્પના અશક્ય છે. અલ્લાહ તઆલા આપણને સૌને આકાએ કરીમ ﷺના ઈખ્લાસનો સદકો અતા કરે. આમીન બિજાહિન્નબીકરીમ ﷺ

*(સુન્ની દા'વતે ઈસ્લામી-મંથલી, માર્ચ-૨૦૧૬,*
*બરકાતે ખ્વાજા -માસિક, માર્ચ-૨૦૧૬)*

## દૌલતનો સહીહ ઉપયોગ કરો

અતિશય આશ્ચર્ય તથા હેરતની વાત છે કે જન્મજાત મુસલમાન આજ સુધી કુર્આને મુકદ્દસના નુઝૂલના મકસદો નથી સમજી શક્યો. જો કોઈ સામાન્ય મુસલમાનને કુર્આને મુકદ્દસના વિશે પૂછવામાં આવે કે આ કિતાબ શા માટે નાઝિલ થઈ? તો મોટાભાગે એ જ જવાબ મળશે કે સવાબ પામવા અથવા ઈસાલે સવાબના માટે આ કિતાબ નાઝિલ થઈ. જ્યારે કે કુર્આને મુકદ્દસ પોતાની અઝમત તથા મકસદ આ પ્રમાણે વર્ણવે છે :

"બેશક ! કુર્આન હિદાયતનો માર્ગ બતાવે છે જે સૌથી સીધો છે અને ખુશી સંભળાવે છે ઈમાનવાળાઓને જેઓ સારાં કામ કરે, કે એમના માટે મહાન સવાબ છે." *(અસ્રા-૯, કન્ઝુલ ઈમાન)*

રાહે હિદાયતથી ભટકેલા હોય કે પરેશાનીઓમાં ઘેરાયેલા માનવો, દરેકના માટે કુર્આને મુકદ્દસ સૌથી વિશેષ સીધી રાહ દેખાડનારી કિતાબ છે. પણ અફસોસ! આપણી પાસે કુર્આને મુકદ્દસ જેવી મહાન કિતાબ હોવા છતાં મુસલમાન રાહે નજાતની તલાશમાં ન જાણે કયા કયા

દરવાજાઓ પર ટકોરા મારતો જોવા મળે છે. આજે હું કુર્આને પાકની કેવળ બે મુક઼દ્દસ આયતો વડે સમાજમાં ફેલાય રહેલા એક ગલત ખયાલની સુધારણાની કોશિશ કરીશ.

શું માલદારોને અલ્લાહ તઆલાએ અધિકાર આપ્યો છે કે પોતાના માલને જે રીતે ચાહે ખર્ચ કરે ? આજના માલ દૌલતવાળા વર્ગને દૌલતના પ્રદર્શન અને ફુઝૂલ ખર્ચીથી રોકવામાં આવે તો તેઓ ઉઘાડે છોગે કહેતા જોવા મળે છે : "શું અમે અમારી કમાયેલી દૌલત પણ અમારી મરજીથી ખર્ચી નથી શક્તા ?" આવું કહેનારા તથા વિચારનારાઓએ કુર્આન મજીદની રોશનીમાં જાણવું જોઈએ કે આ પ્રકારની વિચારધારા ક્યા લોકોની છે. કુર્આન વર્ણવી રહ્યું છે કે જ્યારે હઝરત શોઐબ علیہ السلامએ પોતાની ક઼ૌમને માલ તથા દૌલતના સહીહ ઉપયોગનો હુકમ આપ્યો અને ખર્ચ કરવાની ગલત જગાઓને નિર્દેશ કર્યો તો તેમણે જવાબ આપ્યો : "બોલ્યા, હે શોઐબ ! શું તમારી નમાઝ તમને એવો હુકમ આપે છે કે અમે અમારા બાપદાદાના ખુદાઓને છોડી દઈએ અથવા અમારા માલમાં જે ચાહીએ તે ન કરીએ. હા જી ! તમે ઘણા બુદ્ધિમાન નેકચલન છો." *(હૂદ–૮૭)*

કાફિરોએ જે વાત હઝરત શોઐબ علیہ السلامને કહી કહી, આજે મુસલમાન પણ એ જ કહેતો જોવા મળે છે. ઈલ્લા માશાઅલ્લાહ !

એ વાત યાદ રાખશો કે દૌલત આવે છે તો ફુઝૂલખર્ચી અને અલ્લાહનાં નાપસંદીદા કામોમાં ખર્ચ કરવાનો જઝબો પણ પેદા થઈ જાય છે, જેથી ખબરદાર! માલ જરૂર કમાવ, બલ્કે એના માટે બજારો તરફ જાવ, પરંતુ માલ મળવા પર ઘમંડ ન કરો, અને ન એને હરામ તથા નાજાઈઝ કામોમાં ખર્ચ કરો, બલ્કે ક઼ાનૂને ઈલાહીને લક્ષમાં રાખો, નહીં તો વસ્તીઓ તબાહ થઈ જશે, અને નાક઼દરી તથા નાશુક્રીના કારણે નેઅમતોના ચાલ્યા જવાનો ખૌફ પણ છવાયેલો રહેશે. દૌલતના મળવા પર ન તો ઘમંડ કરવો જોઈએ, ન તો તકબ્બુરમાં સપડાવું જોઈએ, એટલા માટે કે એ અલ્લાહ સુબ્હાનહૂ તઆલાને બેહદ નાપસંદ છે અને તબાહીનો

સબબ પણ છે. કુર્આને પાકમાં રબ તઆલાનું ફર્માન છે : ''અને કેટલાંય શહેરો અમે હલાક કરી નાખ્યાં જેઓ પોતાના એશ પર ઘમંડમાં આવી ગયાં હતાં. તો આ છે એમનાં મકાનો કે એમના બાદ એમનામાં રહેઠાણ ન થયું પણ ઓછુ, અને અમે જ વારસ છે.'' *(ક઼સસ–૫૮)*

દૌલત પર નાઝ કરવો અને પોતાની મરજી મુજબ ખર્ચ કરવો એ તબાહીનો સબબ છે. અલ્લાહ ﷻ આપણને સૌને રહ઼મતે આલમ ﷺના સદક઼ામાં પોતાની આપેલી નેઅમતોની ક઼દર કરવાની તૌફીક઼ અતા ફર્માવે. આમીન

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, એપ્રિલ–૨૦૧૬,*
*બરકાતે ખ્વાજા –માસિક, એપ્રિલ–૨૦૧૬)*

## બોલો નહીં ! કરીને બતાવો !

આ ઘણી જ મુબારક તથા ખુશી ઉપજાવનાર વાત છે કે વર્તમાનકાળમાં સંપૂર્ણ ધ્યાન તાલીમ તથા તાલીમી સંસ્થાઓ તરફ આપવા તથા અપાવવામાં આવી રહ્યું છે. દરરોજ નવા નવા ઈદારા અસ્તિત્વમાં આવતા દેખાય રહ્યા છે, અને દરેક પાયો રાખતા પહેલાં એ જ કહેતો જોવા મળે છે કે અમારે આ ઈદારાથી બેહતરીન ક્વૉલિટી (**Quality**) તૈયાર કરવી છે ! અલહમ્દુલિલ્લાહ ! એમની કોશિશો પણ ચાલુ છે અને ક્યાંક ક્યાંક પઢવા પઢાવવાની વ્યવસ્થા પણ કેટલાક અંશે બેહતર જોવામાં આવી રહી છે. પરંતુ આના અનુસંધાનમાં એક અન્ય પાસાથી વિચારણા કરીએ તો અંદાજો થાય છે કે ક્યાંક ને ક્યાંક અને કાંઈ ને કાંઈ જરૂર બાકી રહી ગયેલ છે જેના કારણે તે પરિણામો નથી મળતાં જે થવાં જોઈએ. દા.ત. ફિક્ર તથા નજર (ચિંતન તથા દૃષ્ટિ) અને અમલના એતબારથી જોવામાં આવે તો દરેક જગાએ ઉણપ જોવા મળે છે, ઈલ્લા માશા અલ્લાહ ! તર્બિયતના

પાસાએથી નિરીક્ષણ કરીએ તો પણ મેહરૂમીનો એહસાસ થાય છે, ઈલ્લા માશા અલ્લાહ !

હું કોઈને આક્ષેપનું નિશાન નથી બનાવતો, પરંતું જે હક઼ીક઼ત છે તેના પ્રતિ ધ્યાન દોરી રહ્યો છું. આપણી પાસે ક઼ૌલ (વાણી)ની ભરમાર છે પરંતુ અમલના એતબારથી ખાલીપણુ જોવા મળે છે. આપણે સારી સારી વાતો તથા લફ્ફાઝીના ખજાનાઓથી માલામાલ છીએ, પણ આપણો દામન અમલથી ખાલી છે. આપણી એક મોટી સમસ્યા એ છે કે આપણે વાત ફક્ે અબૂઝર رضی اللہ عنہ (અબૂઝરની ગરીબી)ની કરીશું પણ તબીઅતમાં લાલચ હશે. આપણે વાત ઈમામ ગિઝાલી رضی اللہ عنہની કરીશું, અને વાત જ્યારે જીભ તથા અમલ થકી દલીલ પેશ કરવાની આવશે તો એવું જણાશે કે એ ચીજો સાથે આપણે દૂરનો પણ કોઈ વાસ્તો નથી. મેં બેઅમલીના કારણો પર વિચારણા કરી તો સમજમાં આવ્યું કે સૌથી વધુ આપણે લોકો જ કુસૂરવાર છીએ, કેમ કે આપણે લોકોની સમક્ષ ક઼ૌલની સાથે અમલ પેશ નથી કરી શક્યા. અમલ કેટલો અસરકારક હોય છે અને કેટલા પ્રમાણમાં રહનુમાઈ કરે છે એને કુર્આને પાકની આ આયતે કરીમા થકી સમજો જેથી આપણને પોત પોતાની જિમ્મેદારીઓનો એહસાસ થઈ શકે. ફર્માવ્યું : "હે ઈમાનવાળાઓ ! કેમ કહો છો તે જે નથી કરતા ?! કેટલી સખ્ત નાપસંદ છે અલ્લાહને તે વાત કે તે કહો જે ન કરો!" *(સૂ. સફ્ફ, આ. ૨–૩)*

હઝરત પીર મુહમ્મદ કરમશાહ અઝહરી આ આયતની તફસીરમાં લખે છે : કેટલાય લોકોનો એ દસ્તૂર હતો કે જ્યારે ભેગા બેસતા તો ઘણી ડિંગો હાંકતા અને કહેતા કે જો અમને ખબર થઈ જાય કે અલ્લાહ તઆલાની નજીક સૌથી વધુ કયો અમલ પસંદીદા છે તો અમે એના પર અમલ કરતા અને તેના ખાતર પોતાનું સર્વસ્વ લૂટાવી દેતા ! જ્યારે જેહાદના બારામાં હુકમ નાઝિલ થયો અને ઓહદની જંગ સામે આવી તો વધી વધીને વાતો બનાવનારા મેદાનમાં રોકાઈ ન શક્યા. આ આયત વડે આ પ્રકારના લોકોને શરમ અપાવવામાં આવી રહી છે અને

મુસલમાનોને તર્બિયત આપવામાં આવી રહી છે કે નેકીની દાવત જે ઘણા જ જોશભેર તેઓ લોકોની સામે રજૂ કરે છે તો પોતે પણ એના પર અમલ કરીને બતાવે જેથી સાંભળનારાઓને તેમની વાતનું યક઼ીન આવે. *(ઝિયાઉલ કુર્આન)*

સૂફિયાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین નો એ જ તરીક઼ો રહ્યો છે કે તેઓ કહેતા ઓછુ હતા અને કરતા વધારે હતા, અને આપણે કરીએ ઓછુ છીએ અને કહીએ અધિક છીએ ! અસલમાં માનવની પ્રકૃતિ છે કે એને અમલ અધિક **Apeal** કરે છે, એને અખ્લાક઼ અધિક **Inspire** કરે છે. લફ્ફાઝી, ખુશ ગુફતારી અને હુસ્ને ખિતાબત કેવળ કાનોને જ સારી લાગે છે. એની હેસિયત કેવળ એ છે કે એ અમલનો માર્ગ જરૂર દેખાડે છે, પણ અમલની રાહનો રાહી બનાવવા તથા મંઝિલ સુધી પહોંચાડવાનો ફરીઝો અંજામ નથી આપતી. માનવોને મંઝિલ સુધી પહોંચાડવા અને સમાજને ઈસ્લામી સમાજ બનાવવાના માટે જરૂરી છે કે આપણો અમલ આપણા ક઼ૌલના પ્રમાણે હોય, નહીં તો પરિણામો એ જ આવશે જે સામાન્યત : આપણી સમક્ષ આવે છે. જ્યારે આપણો અમલ આપણા ક઼ૌલ પ્રમાણે થઈ જાય છે તો પછી એક સમય તે આવે છે કે કહેવાની જરૂરત જ નથી પડતી, આપણો અમલ જ સરાપા ક઼ૌલ બની જાય છે, અને આપણો કિરદાર અને આપણા અખ્લાક઼ ખૂદ બ ખૂદ તબ્લીગ કરવા મંડી પડે છે. આવો ! આપણે સૌ દુઆ કરીએ કે અલ્લાહ عزوجل પોતાના હબીબ صلی اللہ علیہ وسلم ના સદક઼ા તથા તુફૈલથી આપણા દિલને અમલની તરફ ફેરવી આપે અને આપણને લાભદાયક ઈલ્મ અતા કરે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મે–૨૦૧૬,*
*બરકાતે ખ્વાજા –માસિક, મે–૨૦૧૬)*

# દુઃખિયારી ઉમ્મતની પરેશાની દૂર કરો !

નમાઝ, રોઝા, હજ્જ તથા ઝકાત વગેરે ઈબાદતોનો મકામ યકીનન ! ખૂબ જ ઉચ્ચ તથા આ'લા છે અને એ ઈસ્લામના અરકાન (સ્તંભો) છે, પરંતુ એમના સિવાય એક એવો અમલ છે જે હુઝૂર ﷺને અતિશય પ્રિય અને તેમની ખુશ્નૂદીનો ઝરીઓ છે, અને તે છે ખુદાની મખ્લૂક સાથે ખૈર ખ્વાહી (ભલાઈ કરવી) અને ખાસ કરીને મો'મિનોની ખૈરખ્વાહી. એ જ કારણે હુઝૂર રહ્મતે આલમ ﷺએ મુસ્લિમ ઉમ્મતની ખૈરખ્વાહીના માટે ભાગદોડ (કોશિશ) કરવાવાળાની ખૂબ ફઝીલત વર્ણવી છે અને ઠેક ઠેકાણે એના પ્રતિ આકર્ષિત કરેલા છે. જો કોઈ શખ્સ કોઈ મો'મિનની પરેશાનીના નિવેડા માટે થોડાંક ડગલાં ચાલે તો રહ્મતે આલમ ﷺએ તેને પોતાની મસ્જિદમાં એ'તેકાફથી બેહતર ફર્માવ્યું. *(અત્તરગીબ વત્તરહીબ)*

ખુદ હુઝૂર રહ્મતે આલમ ﷺ વિલાદતથી લઈને વિસાલ સુધી ઉમ્મતી ! ઉમ્મતી ! કહેતા રહ્યા. એક દુઆ જેનો ઈખ્તિયાર દરેક નબીને અલ્લાહે અતા ફર્માવ્યો છે તે દુઆ સરકાર ﷺ આખેરતમાં ઉમ્મતના માટે ફર્માવશે. હુઝૂર علیہ الصلوٰۃ والسلام પર મુસીબતોના તથા તકલીફોના પહાડો તોડવામાં આવ્યા તેમ છતાં તેમણે (તેને દૂર કરવા)ને દુઆ ન ફર્માવી બલ્કે આખેરતમાં પોતાની ઉમ્મતના હક્કમાં એ દુઆ કરશે. આપણા નબી પોતાની ઉમ્મતનો કેટલા પ્રમાણમાં ખયાલ કરતા હતા કે આપે મિસ્વાક કરવાને કેવળ એ કારણે ફર્ઝ ન કર્યું કે આપની ઉમ્મત તકલીફમાં પડી જશે ! ટૂંકમાં એ કે ઉમ્મતે મુહમ્મદિયહ્ની ખૈરખ્વાહી એવો અમલ છે જે રબ્બુલ આલમીન તથા રહ્મતુલ્ લિલ્ આલમીનની ખુશ્નૂદીનો ઝરીઓ છે. જરૂરત એ વાતની છે કે આપણે સરકાર ﷺની આ સુન્નત પર પણ અમલ કરીએ.

આપણે અત્યારે માહે રમઝાનની નેક નસીબીઓ તથા બરકતોથી ફયઝયાબ થઈ રહ્યા છીએ. આકાએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ એનું નામ

"શહરુલ મુવાસાત" પણ રાખ્યું છે એટલે ગમખ્વારીનો મહીનો. વાંચકો ! ખુદાને ખાતર મુસ્લિમ ઉમ્મતના દુઃખ દર્દનું નિવારણ કરીને હુઝૂર રહમતે આલમ ﷺની ખુશ્નુદી હાંસલ કરીએ. અંબિયાએ કિરામ, સહાબાએ એઝામ અને અસ્લાફે કિરામે ઈબાદતની કાળજીની સાથે સાથે ઉમ્મતે મુસ્લિમાની ખૈરખ્વાહીના થકી રસૂલે અકરમ ﷺને રાજી કરવાની ભરપુર કોશિશ કરી.

આ મહીનામાં લોકોની સાથે ગમખ્વારીનો ખાસ દર્સ મળે છે. ગરીબો તથા મિસ્કીનોની સાથે સારી રીતનો વર્તાવ કરો. ઈફતારના માટે જે કાંઈ તૈયાર કરો એમાંથી અમુક હિસ્સો ગરીબોનો પણ કાઢો. એની જેટલા પ્રમાણમાં પણ હિંમત થઈ શકે એને પોતાના અમલનો હિસ્સો બનાવો. ગરીબો, વિધવાઓ તથા યતીમોની ખબરગીરી કરો. એ ખબરગીરી માલી હમદર્દી પણ થઈ શકે છે અને ઝબાની હમદર્દી પણ. ત્યાગવૃત્તિ તથા કુર્બાનીના સંબંધે સહાબાએ કિરામના સેંકડો બનાવો છે જેને વાંચીને કેવળ આશ્ચર્ય જ કરી શકાય છે. હુઝૂર નબી علیہ الصلوٰۃ والسلامના એક ઈર્શાદ મુબારકનો ભાવાર્થ છે કે મારી ઉમ્મતમાં દરેક વખતે ૫૦૦ બરગુઝીદા બંદા રહે છે. જ્યારે કોઈ શખ્સ એમાંથી મૃત્યુ પામે છે તો બીજો એની જગા લઈ લે છે. સહાબાએ અર્ઝ કરી કે તે લોકોના ખાસ અમલો શું છે ? તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે જુલ્મ કરનારાઓથી દરગુઝર કરે છે, અને બુરાઈનો મામલો કરનારાઓથી પણ એહસાનનો વર્તાવ કરે છે, અને અલ્લાહના અતા કરેલા રિઝ્ક઼માં લોકોની સાથે હમદર્દી તથા ગમખ્વારીનો વર્તાવ કરે છે.

જેથી આપણે પણ આ મહિનામાં ખાસ કરીને વાણી તથા વર્તનમાં કાળજીપૂર્વક નરમી પેદા કરવી જોઈએ. નોકરોને પણ છૂટછાટ આપવી જોઈએ, અને પછી તેને આવતા પૂરા વરસ માટે પોતાનો નિયમ બનાવી લેવો જોઈએ. આવો ! આપણે પણ માહે રમઝાનુલ મુબારકમાં હુઝૂર રહમતે આલમ ﷺની દુઃખિયારી ઉમ્મતની ભલાઈના માટે ક઼દમ ઉઠાવીએ, તેમની પરેશાનીઓને દૂર કરીએ, તેમનો ગમ હલકો કરીએ,

તેમની ખુશીઓને ઓળખીએ, તેમના ચહેરા પર મુસ્કુરાહટ લાવીએ અને તેમના દિલોમાં ખુશી ઉત્પન્ન કરીએ. અલ્લાહ સૌને તૌફીક઼ બખ્શે. (આમીન) *–(હવાલો : બરકાતે ખ્વાજા –માસિક, જુલાઈ–૨૦૧૬)*

# મુસલમાનો ! ગમ ન કરો !

અત્યારે દુનિયાભરનો મુસલમાન ડર તથા ગભરાહટ અને ભય તથા દહશતની ભયાનક વાદીઓમાંથી પસાર થઈ રહ્યો છે. ક્યારે, ક્યાં અને શું થઈ જાય ? કાંઈ ખબર નહીં ! માલી તથા જાની દરેક રીતે તબાહી જોવા મળે છે. કાલે જે લોકો એક થોડા સરખા બનાવમાં સરાપા વિરોધકર્તા બની જતા હતા, આજે મોટાથી મોટા બનાવથી ખામોશ છે ! અને તેમને એકાંત ખૂણામાં જ પોતાની ભલાઈ નજર આવે છે, એ ડરના કારણ કે ક્યાંક અમે પણ ગઝબના શિકાર ન બની જઈએ. ઉગનારી દરેક સવારની સાથે એક નવી આઝમાઈશ, નવી સમસ્યા અને એક નવી ચેલેંજ સામે ખડી હોય છે. આજે શું થશે ? કાલે શું થશે ?

આ સર્વ છતાં નિરાશ થવાની જરૂરત નથી, એટલા માટે કે અલ્લાહની રહમતથી નિરાશા કુફ્ર છે. હિંમત મો'મિન બંદાનું હથિયાર છે, તવક્કુલ તેની સૌથી મોટી મૂડી છે. અને સાથોસાથ આપણી પાસે આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلام નો ઉસ્વએ હસના છે, આપણે એનાથી નસીહત હાંસલ કરીએ. કેમ કે પરેશાની તથા મુસીબતની ઘાટીઓમાંથી જેટલા હુઝૂર રહ્મતે આલમ ﷺ પસાર થયા છે એટલુ કોણ પસાર થયું હશે ! આપણા આક઼ા ﷺએ આપણી દરેક મોડ પર રહનુમાઈ ફર્માવી અને હિંમત બંધાવી છે. ગમ તથા અજંપામાં ડૂબેલા ઈન્સાનોના માટે હુઝૂરની શું તા'લીમ છે, એને વાંચો અને અમલ કરો, ઈન્શાઅલ્લાહ ! બેચૈનીની કેફિયત ખત્મ થઈ જશે.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ વર્ણવે છે કે એક દિવસે હુઝૂર ﷺ

મસ્જિદમાં દિવસના સમયે તશરીફ લાવ્યા, તો એક અન્સારી સહાબી હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہને જોયા અને પૂછયું કે નમાઝ સિવાયના સમયમાં તમે કેવી રીતે આવી ગયા ? તેમણે જવાબ આપ્યો કે, યા રસૂલલ્લાહ ! કરજો અને ગમોએ પરેશાન કરીને અહીં લાવીને બેસાડી આપ્યો છે ! નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે શું હું તમને એવી વાત ન બતાવું જેનાથી અલ્લાહ તમારા ગમોને દૂર કરી આપે અને તમારાં કરજો અદા થઈ જાય ?! કહેવા લાગ્યા, જરૂર ઈર્શાદ ફર્માવો! ફર્માવ્યું, દરેક સવાર સાંજ આ પઢયા કરો :

اَللّٰهُمَّ اِنِّی اَعُوْذُ بِكَ مِنَ الْهَمِّ وَالْحُزْنِ، وَاَعُوذُبِكَ
مِنَ الْعَجْزِ وَالْكَسْلِ، وَاَعُوذُبِكَ مِنَ الْجُبْنِ وَالْبُخْلِ،
وَاَعُوْذُ بِكَ مِنْ غَلَبَةِ الدَّيْنِ وَقَهْرِ الرِّجَالِ

**અલ્લાહુમ્મ ઈન્ની અઊઝુબિક મિનલ્ હમ્મિ વલ્હુઝ્નિ વ અઊઝુબિક મિનલ્ અજ્ઝિ વલ્કસ્લિ વ અઊઝુબિક મિનલ્ જુબ્નિ વલ્બુખ્લિ વઅઊઝુબિક મિનલ્ ગ઼લબતિદ્દૈનિ વક઼હરિર્રિજાલ.**

**અર્થાત** : "હે અલ્લાહ ! હું પનાહ માગુ છું ગમ તથા ડરથી, હું પનાહ માગુ છું કમજોરી તથા સુસ્તીથી, હું તારી પનાહ માગુ છું કંજૂસી તથા બુખ્લથી, અને પનાહ માગુ છું કરજોના બોજ અને લોકોના સિતમથી."

તે કહે છે કે મેં હિદાયત પ્રમાણે તેને સવાર સાંજ પઢયું તો મારો ગમ જતો રહ્યો અને કરજો ઉતરી ગયો. *(અબૂ દાઊદ, ૧/૮૫)* હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રિવાયત કરે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જેને ગમ તથા ચિંતા વધારે હોય તે વારંવાર આ પઢતો રહે : **لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ 'લાહૌલ વલા કુવ્વત ઈલ્લાબિલ્લાહ !'**

આ હદીષમાં ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લિમ رضوان اللہ تعالٰی علیہم اجمعینએ વધારો કર્યો છે કે આ કલમો જન્નતના કિંમતી ખજાનાઓમાંથી છે. જ્યારે કે ઈમામ તિર્મિઝીએ એને જન્નતનો દરવાજો

ઠરાવ્યો છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ વર્ણવે છે કે હુઝૂર રહમતે આલમ ﷺને જ્યારે કોઈ ગમ તથા ખૌફ લાગુ પડતો તો આસ્માનની તરફ ચહેરો ઉઠાવીને ત્રણવાર سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ **'સુબ્હાનલ્લાહિલ્ અઝીમ'** પઢતા. *(મવાહિબે લદુન્નિયહ)*

પોતાની યથાશક્તિ કોશિશ સાથે ઉપર વર્ણવેલ તા'લીમાતે નબવી પર અમલ કરીને આપણે આપણે ગમોને હલકા કરવાની કોશિશ કરીએ અને દુઆ કરીએ કે પરવરદિગાર પૂરી ઉમ્મે મુસ્લિમાના ગમોને દૂર ફર્માવી આપે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, ઓકટો. ૨૦૧૬,*
*બરકાતે ખ્વાજા –માસિક, ઓકટો.–૨૦૧૬)*

## નવા ઈસ્લામી વર્ષમાં આપણે શો મનસૂબો બનાવ્યો ?

સન હિ. ૧૪૩૭ આપણાથી વિદાય થયું અને આપણને એ પયગામ આપી ગયું કે ઘણુ બધું તમો ગુમાવી ચૂક્યા છો, તમારા ઘણા બધા દેશો તબાહ થઈ ગયા અને કરોડો લોકો બેઘર થઈને રેફયુજી (શરણાર્થી) કેમ્પોમાં સૂકા નાનની આશામાં તાકી તાકીને દરેક આવનારાને જોઈ રહ્યા છે ! સર્વ મિલ્કતો તબાહ તથા બર્બાદ કરી દેવામાં આવી અને દેશો ખંડેરોમાં તબદીલ થઈ ચૂક્યા છે. પઢવા પઢાવવાનો (દરેક પ્રકારની તાલીમ)નો ક્રમ કપાય ગયો છે. વિદ્યાર્થીઓ તથા ટીચરો માટે શિક્ષણ કેન્દ્ર સુધી પહોંચવું મુશ્કેલ થઈ ગયું છે. ગયું ઈસ્લામી વરસ આપણા માટે અજંપા તથા બેચૈની અને જાન તથા માલની બર્બાદીનું રહ્યું કે જેની સર્વ હકીકત જાહેર છે કાંઈ છુપી નથી.

હવે આપણે નવા ઈસ્લામી વરસમાં કદમ રાખ્યો છે તો આપણા શું મનસૂબાઓ છે ? જો મુસ્લિમ ઉમ્મતને એ પૂછવામાં આવે કે આપણે

નુકસાનની ભરપાઈ માટે શું આયોજન કર્યું છે ? તો જવાબ મળશે, કેવો પ્લાન ? હું સમજુ છું કદાચ જ જવલ્લે જ અમુક લોકોને એનો એહસાસ હોય, નહીં તો મોટાભાગના લોકો બેપરવાઈ તથા બિન જિમ્મેદારીભર્યી જિંદગી પસાર કરી રહ્યા છે. આજે સામૂહિકપણે આપણે હોશિયાર થવાની જરૂરત છે, આપણી અંદર મુસ્લિમ ઉમ્મતનું દર્દ તથા રંજોગમ પેદા કરવાની જરૂરત છે, તેમની તકલીફોના નિવારણ માટે યથાશક્તિ કોશિશ કરવાની જરૂરત છે. આર્થિક, શૈક્ષણિક, ઈસ્લાહી (સુધારણમય) તથા અખ્લાક઼ી (સંસ્કારિક્તાને લગતી) ઉચ્ચતા તરફ લઈને જવા માટે આયોજન કરવાની જરૂરત છે. વિલાદત (જન્મ)ના સમયથી લઈ મહશરના દિવસ સુધી આક઼ાએ કરીમ ﷺનો મહાન પયગામ તથા અમલ એ જ છે અને એ જ રહેશે, ''ઉમ્મતની ફિક્ર !'' જો તમે પણ ઉમ્મતનું ભલુ ચાહશો તો ઈન્શાઅલ્લાહ ! આપનુ પણ જરૂર ભલુ થશે.

પરંતું અફસોસ ! સેંકડો અફસોસ ! આજે આપણે સ્વાર્થી બની ગયા છીએ. પોતાની ઈચ્છાઓને પૂરી કરવા માટે ગમે તે હદે કાંઈ પણ કરવું પડે, અમે કરવા તૈયાર થઈ જઈએ છીએ, પરંતુ મુસ્લિમ ઉમ્મતની ભલાઈ તથા બેહતરી તથા તેની હાજતરવાઈ (મદદગારી) માટે અમુક ક઼દમ ચાલવું પણ આપણા માટે મુશ્કેલ છે !

ખુદારા ! આ નવા વરસમાં પોતાની સોચને બદલો ! નિશ્ચિય કરો કે જ્યાં સુધી જીવંત રહીશું ત્યાં સુધી કેવળ પોતાના માટે નહીં, બલ્કે પૂરી મુસ્લિમ ઉમ્મતના માટે પણ ચિંતાતુર રહીશું. હુઝૂર રહમતે આલમ ﷺએ આ ભાવના સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના દિલોમાં ભરી આપી હતી, ત્યારે જ તો એમની શાનમાં આયતે કરીમા નાઝિલ થઈ :–

وَ يُؤْثِرُوْنَ عَلٰٓى اَنْفُسِهِمْ وَلَوْ كَانَ بِهِمْ خَصَاصَةٌ وَمَنْ
يُّوْقَ شُحَّ نَفْسِهٖ فَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ

''અને પોતાનાથી એમને અગ્રતા આપે છે, ભલે તેમને સખત

મોહતાજી હોય, અને જે પોતાના નફસથી બચાવવામાં આવ્યો તે જ કામયાબ છે.'' *(સૂ. તગ઼ાબૂન, આ. ૧૬, પારા : ૨૮)*

શું કદી આપણે વિચારણા કરી કે સૈયદુશ્શોહદા ઈમામે હુસૈન رضی اللہ عنہએ કુર્બાની કેમ આપી ? એ તો પેદાઈશી જન્નતી હતા ! બલ્કે જન્નતના નવજવાનોના સરદાર હતા ! અસલમાં તેમણે તથા અહલે બયતના ખાનદાને કુર્બાની એટલા માટે આપી કે જેથી અસલ દીન આપણા સુધી પહોંચે. પરંતું અફસોસ ! સેંકડો અફસોસ! ઈમામ હુસૈન رضی اللہ عنہની શહાદત પર ગમ મનાવનારા એમનો પયગામ તથા એમનો મક઼સદ ભૂલી ચૂક્યા છે.

ખુદાને ખાતર સ્વાર્થીપણાની દુનિયાથી બહાર નીકળો ! હુઝૂર صلی اللہ علیہ وسلمની ઉમ્મતના માટે ઈખ્લાસ (નિખાલસતા) સાથે કાંઈ કરી જાવ, અલ્લાહ عزوجل તથા તેના પ્યારા નબી صلی اللہ علیہ وسلم રાજી થઈ જશે.

પાકો નિશ્ચિય કરો કે આ નવા વરસમાં દીની, તાલીમી, અખ્લાક઼ી તથા સંસ્કારિક કામોમાં આગળ વધી વધીને હિસ્સો લઈશું અને બેચૈનીની ખીણોમાં થઈને પસાર થનારાઓના માટે અમ્નો ચૈનની દુઆ કરીશું. કેમ કે હુઝૂર રહમતે આલમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે શખ્સ કોઈ મુસલમાનના માટે તેની પીઠ પાછળ દુઆ કરે છે, એ દુઆનો મક઼ામ મુસલમાનનું એહરામની હાલતમાં અરફાતના મેદાનમાં દુઆ કરવા બરાબર છે.

હે અલ્લાહ ! તારા નબી તાજદારે કૌનૈન صلی اللہ علیہ وسلم અને આપના મુક઼દ્દસ સહાબાઓના સદક઼ા વ તુફૈલ મુસલમાનોને ચૈન તથા સુકૂનની દૌલતથી માલામાલ ફર્માવી આપ. અને આ નવુ ઈસ્લામી વરસ મુસલમાનોના માટે બરકતવાળુ બનાવી આપ. (આમીન)

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, નવેમ્બર–૨૦૧૬,*
*બરકાતે ખ્વાજા –માસિક, નવેમ્બર–૨૦૧૬)*

# મદ્રસાના ફારિગો સાથે કેટલીક વાતો !

અલ્હમ્દુલિલ્લાહ ! આજે જમાઅતે અહલે સુન્નતમાં બાસલાહિયત ઉલમાએ ઝી એહતેરામ (કાબેલ માનપાત્ર આલિમો)ની કમી નથી. આપણા ઈદારાઓથી દર વર્ષે હજારોની સંખ્યામાં તલબા ફારિગ થાય છે અને મદરસાઓ તથા મસ્જિદોમાં પોતપોતાની જિમ્મેદારીઓને સરઅંજામ આપતા જોવા મળે છે. પરંતું એક વાત ખાસ કરીને તેમની સોચ તથા તેમના દર્દ તથા અકળામણ પરથી જે મને સમજમાં આવે છે તે એ છે કે બદઅક઼ીદગી તથા બેઅમલીના તોફાનને સમાજમાં વધવાથી રોકવું ખૂબ જ મુશ્કેલ થઈ રહ્યું છે, નવયુવાનો તથા આમ લોકો ઉલમાએ કિરામથી તથા મસ્જિદોથી નજીક નથી થતા. અમે એમને કેવી રીતે નજીક કરીએ અને તેમને ઈસ્લામ પર અમલ કરવાના માટે કેવી રીતે તૈયાર કરીએ ?! દેશના વિવિધ વિસ્તારોના દૌરાઓ પછી નવયુવાન ઉલમામાં આ અજંપાની હાલત જોવા મળી, જેથી મેં વિચાર્યું કે મારા અનુભવોની રોશનીમાં કેટલીક લાભદાયી વાતો રજૂ કરું, કદાચ એના પર અમલ કરવો આપણા માટે પણ અને પૂરી મુસ્લિમ ઉમ્મત માટે પણ લાભદાયી સાબિત થાય. જો નિખાલસતાપૂર્વક નચે જણાવેલ વાતો પર અમલની કોશિશ કરવામાં આવશે તો ઈન્શાઅલ્લાહ ! સારાં પરિણામો પ્રાપ્ત થશે.

**(૧)** આપણને અલ્લાહ ﷻએ ઈલ્મ અતા ફર્માવ્યો છે જેથી આપણે આપણા વજૂદ (સ્વજાત)ને અમલી સાંચામાં ઢાળવાની કોશિશ કરીએ, બાજમાઅત નમાઝ તથા સુન્નતોની પાબંદીની સાથે તિલાવતે કુર્આનની આદત પણ અપનાવીએ, કે કુર્આન મુક઼દ્દસમાં બે અમલોના બદલામાં મુસ્લેહીન (સુધારકો)ની કામયાબી તથા અજ્ર (બદલા)નો વાયદો ફર્માવવામાં આપ્યો છે :–

وَالَّذِيْنَ يُمَسِّكُوْنَ بِالْكِتٰبِ وَاَقَامُوا الصَّلٰوةَ ۔ اِنَّا لَا
نُضِيْعُ اَجْرَ الْمُصْلِحِيْنَ

"અને તેઓ જેઓ કિતાબને મજબૂતીથી થામે છે, અને તેમણે નમાઝ ક઼ાયમ રાખી, અમે નેકોનું ફળ નથી વેડફતા. *(સૂ. અઅ્રાફ, આ. ૧૭૦)*

**(૨)** આપણાથી કોઈ પ્રભાવિત થઈને જો આપણી પાસે આવે તો સૌ પ્રથમ તેની ઈલ્મી તથા અમલી કમજોરી દૂર કરવાની કોશિશ કરીએ, ભલે એક જણ પણ કેમ ન હોય, અને ચાહે તેને તશહહૂદ (અત્તહિય્યાત) જ કેમ ન યાદ કરાવવું પડે. તેને ગુસ્લ તથા વુઝૂ અને નમાઝનો સંપૂર્ણ તરીક઼ો દુઆ વગેરે સહિત શીખવાડીએ.

**(૩)** બેકાર તથા નિરર્થક વાતોથી પરહેઝ કરીએ, ખાસ કરીને સમયનો વ્યય કરવાથી બચીએ. નજીક થનારાઓને આપણી વાણી તથા વર્તન થકી ઈલ્મી તથા અમલી શોખ અપાવીએ.

**(૪)** તેમની વૈચારિક સુધારણા પણ કરીએ, તેમની સાથે સદવર્તન સાથે વર્તીએ, અને કદી પણ આપણા આલિમ અને તેના જાહિલ હોવાનો ખયાલ ન કરીએ, બલ્કે હુઝૂર ﷺની સહનશક્તિ, માફી તથા દર ગુઝર, પ્યાર મહોબ્બત જેવી સુન્નતોને અપનાવીએ. રબ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો છે :

فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ لَهُمْ ۔ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ
الْقَلْبِ لَانْفَضُّوْا مِنْ حَوْلِكَ

"તો કેવીક અલ્લાહની મહેરબાની છે કે હે મહબૂબ ! તમે એમના માટે નરમ દિલ થયા. અને જો તુંડમિજાઝ સખ્ત દિલ હોત તો તેઓ જરૂર તમારી પાસેથી વિખેરાય જાત." *(આલે ઈમરાન–૧૫૯)*

**(૫)** ઈખ્લાસ તથા લિલ્લાહિયતની સાથે પોતાની મસ્જિદમાં આસાન બોલીમાં દર્સની વ્યવસ્થા કરો. બલ્કે બેહતર થશે કે શનિ કે રવિવારે અક઼ીદાઓનો કોર્સ, નમાઝનો કોર્સ, હદીષનો કોર્સ વગેરે નામોથી દર્સ શરૂ કરો. આ દર્સ ફક્ત એક કલાક માટે હોય અથવા એનાથી પણ ઓછો, અને તદ્દન સરળ ભાષામાં હોય.

**(૬)** અભ્યાસ (વાંચન)માં ખૂબ જ મહેનત કરીએ, અને જરૂરત વિના વોટ્સ એપ, ફેસબુક તથા અન્ય સાઈટોના ઉપયોગથી પરહેઝ કરીએ કે એમાં ઘણો સમય વેડફાઈ જાય છે, વિચારશો તો મેહસૂસ થશે કે એ સમયોમાં તિલાવત તથા કિતાબોનો અભ્યાસ કેટલો બધો થઈ શકતો હતો !

**(૭)** પૂર્વજ બુઝુર્ગ (અસ્લાફ)ની જિંદગી વિશે વાંચન કરીએ, તેમની કનાઆત (જે હોય તેમાં રાજી)થી ભરેલી જિંદગીથી સબક઼ હાંસલ કરીને એમના નક઼શે ક઼દમ પર ચાલીએ, અને પબ્લિકથી કાંઈ આશા રાખવાને બદલે પરવરદિગાર ﷻથી ઉમ્મીદ રાખીએ ઈન્શાઅલ્લાહ ! એનાથી ઘણી હદે ફાયદો થશે, અને આપના દર્દ તથા અજંપાને સુકૂન નસીબ થશે, અને અલ્લાહ ﷻ ગયબથી મદદ ફર્માવશે. આપની નઝર કેવળ અને કેવળ મકીંને ગુંબદે ખદ઼રા ﷺ અને તેમના નક઼શે ક઼દમ પર ચાલનારાઓ પર જ હોય.

**(૮)** જુમ્આ તથા જલ્સાના ખુત્બાઓ (તક઼રીરો)માં પબ્લિકની પસંદ નહીં, બલ્કે પબ્લિકની જરૂરતનો ખયાલ રાખીએ, અને અક઼ીદા તથા અમલોની સુધારણાના હેતુથી બયાન કુર્આન તથા હદીષની રોશનીમાં કરીએ, અને બયાનની તૈયારી ખૂબ જ મહેનતપૂર્વક પહેલેથી જ કરી લઈએ, ઈન્શાઅલ્લાહ ! ખૂબ જ ફાયદો થશે. અહીં પણ રબ તઆલાની રઝા જોઈ (રાજીપણા)નો હેતુ હોય. અલ્લાહ ﷻ આક઼ાએ કરીમ ﷺના સદક઼ા તથા તુફૈલ આપણને સૌને ઉપરોક્ત વાતો પર અમલની તૌફીક઼ બખ્શે. (આમીન)

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ડિસે.૨૦૧૬, બરકાતે ખ્વાજા –માસિક, ડિસેમ્બર–૨૦૧૬)*

## દુઆમાં અંબિયાએ કિરામની સુન્નત અપનાવો !

દુઆ માગવામાં આજીજી તથા નિયાઝમંદીના પ્રદર્શન સાથે એ પણ જરૂરી છે કે દુઆ માગનાર પર ખૌફ તથા ઉમ્મીદની કૈફિયત છવાયેલી હોય.

બારગાહે સમદિયતમાં માણસોની દુઆનો મક઼ામ અલગ અલગ છે. મા બાપની દુઆ ઔલાદના હક્ક઼માં, ઉસ્તાદની દુઆ શાર્ગિદના હક્ક઼માં, મુર્શિદે કામિલની દુઆ મુરીદના હક્ક઼માં, એ જ પ્રમાણે

મુસાફિરની દુઆ હાજીની દુઆ, બીમારની દુઆ તથા મો'મિનની બીજા મો'મિનના હક્કમાં દુઆ. એ જ કારણે આપણે રોજ બરોજની જિંદગીમાં મુસીબતના માર્યાઓને નેક લોકો તથા બુઝુર્ગોથી દુઆ કરાવતા જોઈએ છીએ. એટલા માટે કે લોકોની દિલી માન્યતા છે કે દુઆથી કામ બની જાય છે. બલ્કે કહેનારે સાચુ કહ્યું છે કે જે કામ મહેનત તથા તકલીફ કરવાથી નથી બનતુ તે કેટલીકવાર દુઆથી બની જાય છે. એ જ પ્રમાણે જે કામ દુશ્મનોના કારણે નથી બગડતુ તે ઘણીવાર બદદુઆથી બગડી જાય છે.

જો આપણે કુર્આને મુકદ્દસની તિલાવત કરીએ તો એમાં ઠેક ઠેકાણે મહાન પયગંબરો عَلَيْهِمُ السَّلَام ની દુઆઓ મળશે. તેમના દુઆના શબ્દો તથા દુઆના અંદાઝથી આપણને માગવાનો તરીકો મળશે. હઝરત આદમ عليه السلام એ બારગાહે સમદિયતમાં આજીજી તથા ઈન્કેસારીનું એવું અઝીમુશ્શાન પ્રદર્શન કર્યું કે મૌલા તઆલાની રહમતને પ્યાર આવી ગયો. અર્ઝ કરે છે :–

رَبَّنَا ظَلَمْنَا اَنْفُسَنَا وَ اِنْ لَّمْ تَغْفِرْ لَنَا وَ تَرْحَمْنَا لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ

"હે અમારા રબ ! અમે અમારા માટે બુરુ કર્યું, જો તું અમને ન બખ્શે અને અમારા પર રહમ ન કરે તો અમે જરૂર નુકસાનવાળાઓમાં થયા." *(સૂ. અઅ્રાફ–૨૩)*

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ નબી કરીમ صلى الله عليه وسلم ની ખિદમત કરીને આપની દુઆ લીધી. એ જ પ્રમાણે આજ્ઞાંકિત પુત્ર, મુરીદ તથા શાર્ગિદ વગેરેમાં જે હઝરાત પણ પાત્રતા તથા લાયકાતવાળા મળશે તો તેમની કામયાબી તથા કામરાનીમાં કોઈ ન કોઈની દુઆની અસર જરૂર જોવા મળશે. યાદ રાખો ! દુઆઓ ખિદમતથી મળ્યા કરે છે, વાતોથી નહીં. બુઝુર્ગોને દીનની સીરત તથા જીવન ચરિત્ર એના માટે સાક્ષી છે.

હઝરત યૂનુસ عليه السلام એ માછલીના પેટમાં દુઆ કરી તો આ પ્રમાણે અર્ઝ કર્યું :–

لَا اِلٰهَ اِلَّا اَنْتَ سُبْحَانَكَ اِنِّىْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ

"કોઈ મઅબૂદ નથી સિવાય તારા, પાકી છે તને, મારાથી અયોગ્ય થયું." *(સૂ. અંબિયા–૮૭)*

હઝરત ઐયૂબ علیہ السلام એ દુઆ કરી તો આ પ્રમાણે ગુઝારિશ કરી :–

اِنِّیۡ مَسَّنِیَ الضُّرُّ وَاَنۡتَ اَرۡحَمُ الرّٰحِمِیۡنَ

મને તકલીફ પહોંચી, અને સર્વ મહેરવાળાઓથી વધીને મહેરવાળો છે. *(સૂ. અંબિયા–૮૩)*

આકાએ કરીમ ﷺ એ દુઆને ઈબાદતનું મગ્ઝ (મૂળ) ઠરાવ્યું છે. اَلدُّعَاءُ مُخُّ الْعِبَادَةِ અને આપણા નબીએ દુઆ કરી : رَبِّ زِدۡنِیۡ عِلۡمًا "હે મારા રબ ! મને અધિક ઈલ્મ આપ !" *(સૂ. તાહા–૧૧૪)*

હદીષના ભંડારમાં પણ હુઝૂર ﷺ ની દુઆઓ મૌજૂદ છે જે વિવિધ પ્રસંગોએ આપે કરી. અંબિયાએ કિરામ તથા ઔલિયાએ કિરામની જે પણ દુઆઓ પઢશો એમાં આજીજી તથા ઈન્કેસારી (પોતાને તુચ્છ પ્રદર્શિત કરવું) સ્પષ્ટપણે જોવા મળશે, અને આ જ બંદગીની શાન પણ છે. પરિણામમાં અલ્લાહ કરીમના કરમની જે વર્ષા થઈ તેનો અંદાઝો લગાડવો મુશ્કેલ છે.

અફસોસ ! જેવી રીતે આપણે ઘણી બાબતોમાં નબીએ કૌનેન ﷺ ના નક્શે કદમને છોડી આપ્યો છે, એ જ પ્રમાણે દુઆ માગવાના તરીકામાં પણ નબી ﷺ ની સુન્નત તથા તેમના તરીકાને છોડી આપ્યો છે. અલ્લાહ પાક દરેક પોકારનારની પોકારને સાંભળે છે, પરંતુ આપણા શબ્દોની સાથે સાથે આપણે અદઈય્યહ માષૂરા (દુઆએ માષૂરા)નો સહારો પણ લેવો જોઈએ. દુઆ માગવામાં આજીજી તથા નિયાઝમંદી સાથે રિયા તથા દેખાડાથી બચવાની સાથોસાથ એ પણ જરૂરી છે કે દુઆ માગવાવાળા પર ખૌફ તથા ઉમ્મીદ (રિજા)ની કૈફિયત છવાયેલી હોય. એક બાજુ તમને તમારી ખતાઓ તથા ખામીઓની ફિકર લાગેલી રહે, તો બીજી તરફ મુજીબુદ્દાઅવાત ખુદાની આમ તથા વિશાળ રહમત પર તમારી આશ તથા ઉમ્મીદ બંધાયેલી હોય. જે પણ અરબી દુઆઓ કરો તેનો અર્થ સમજીને કરો, દુઆના સમયે ગિર્યાઓ ઝારી (રૂદન) કરો, રબની બારગાહમાં પોતે મુજરિમ હોવાનો ખયાલ જમાવીને દુઆ કરો તો રબ તઆલા આપની દુઆઓને જરૂર કબૂલિયતનો શરફ અતા ફર્માવી આપશે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુઆરી–૨૦૧૭,*
*બરકાતે ખ્વાજા –માસિક, જાન્યુઆરી–૨૦૧૭)*

# મેં અમેરિકામાં શું જોયું ?!

મેં અમેરિકાના એક મહિનાના દૌરામાં મહેસૂસ કર્યું કે હાલના સમયે એજ્યુકેટેડ નવયુવાન પશ્ચિમી દુનિયામાં ઈસ્લામથી પોતાનું અંતર વધારવાની કોશિશમાં લાગેલો છે અને ઈસ્લામ પર અમલ કરવાને બદલે તે કેવળ નામ માત્રનો મુસલમાન રહેવાનું પસંદ કરે છે. (ઈલ્લા માશાઅલ્લાહ !) એનાં કેટલાયે કારણો છે. એક કારણ તો એ છે કે જેનો મુસલમાનો વિરુદ્ધ પૂરી દુનિયામાં પ્રોપેગન્ડો (દુષ્પ્રચાર) કરવામાં આવી રહ્યો છે. બીજુ કારણ વિશ્વ સ્તરે એકબીજાની કૃત્લે આમમાં અમુક નામ માત્રના મુસલમાનોનું સંડોવાયેલા હોવું છે. ત્રીજુ કારણ મુસલમાનોમાં શૈક્ષણિક લાયકાતોનો અભાવ છે. તદ્ ઉપરાંત હું સમજુ છું કે ઘણી બધી આપણી અંગત ખામીઓ છે જેના કારણે નવયુવાન આપણી નજીક થવાનું પસંદ નથી કરતા અને ન તો ઈસ્લામ પર અમલ કરવાનું પસંદ કરી રહ્યા છે. જો આજે આપણે તેમની સુધારણાની કોશિશ ન કરી તો એ વાત આપણે દિમાગમાં બેસાડી લેવી જોઈએ કે આવનારા દિવસોમાં પેદાઈશી મુસલમાનોનો એક ઘણો જ મોટો વર્ગ ઈસ્લામથી પોતાના અંતરોને (દૂરીને) વધારવા માટે તૈયાર છે, અને કદાચ ઈસ્લામથી હાથ ધોઈ બેસે.

વાસ્તવમાં આજે જે રીતે દા'વત તથા તબ્લીગની ફરજો અંજામ આપવામાં આવી રહી છે અથવા મસ્જિદોએથી જે તક્રીરો થઈ રહી છે એમાં તર્જીહાતનો (કઈ ચીજને બયાનમાં અગ્રતા આપવી એનો) ખયાલ નથી રાખવામાં આવતો. દા.ત. આપણે સૌ પ્રથમ નવયુવાનને કઈ ચીજની તરફ વાળવો જોઈએ અને તેને શું શીખવાડવું જોઈએ, એના બારામાં આપણી પાસે બયાનના વિષયની અગ્રતા પ્રમાણે પસંદગી ન હોવાના કારણે પાયાની ચીજોથી તે વાકેફ નથી થવા પામતો. અને એના પરિણામે એની અંદર ઘણી બધી ઉણપો રહી જાય છે. દા.ત. દરેક મુસલમાન જાણે છે કે નમાઝ મારા પર ફર્ઝ છે, તો પ્રથમ આપણે તેને નમાઝ શીખવાડવાની કોશિશ કરીએ, નમાઝ છોડવાથી શું ચેતવણીઓ છે તે

દર્શાવીએ. જલસાઓમાં તક઼રીર કરીને કે જુમ્આમાં બયાન કરીને આપણે એવું ન સમજી લઈએ કે આપણે મેસેજ પહોંચાડી આપ્યો, બલ્કે આપણે પર્સનલ એપ્રોચની કોશિશ કરવી પડશે. તેમનાથી અંગત રીતે મુલાક઼ાત કરીને તેમને બેસાડીને સમજાવવાની કોશિશ કરવી પડશે.

એ વાતને પણ દિમાગમાં રાખવી જોઈએ કે આપણે પ્રથમ જ મુલાકાતમાં તેને એવું ન કહીએ કે તમે દાઢી રાખી લો, અમામા શરીફ બાંધી લો, બલ્કે પ્રથમ એની અંદરથી પાયાની ખામીઓ તથા ઉણપોને દૂર કરવાની કોશિશ કરીએ, આપણી ચર્ચાનું કેન્દ્ર કુર્આન તથા હદીષ હોય, રસમોને બદલે ફરજોની તરફ એને આકર્ષિત કરવામાં આવે. એપ્રોચ એકેડમિક હોય, વાતચીતની શૈલી મધ્યમ પ્રકારની હોય, વાતચીતનો અંદાજ ખૂબ જ માપસરનો હોય, અને સાથોસાથ આપણે પોતે બેઅમલ ન હોઈએ. અહલે સુન્નતના આંત્રિક મતભેદોની ચર્ચાથી પરહેઝ કરીએ, લોભ લાલચથી પરહેઝ કરીએ અને અલ્લાહની રઝા તથા રસૂલ ﷺની રઝાના માટે આપણે મહેનત કરીએ. કુદરતે આપણને જે જિમ્મેદારી ફર્માવી છે એનો એહસાસ પેદા કરીએ. એટલા માટે કે એક વાત તો નિશ્ચિત છે કે કેવળ પશ્ચિમી જગત જ નહીં બલ્કે વિશ્વ કક્ષાએ આપણે જોઈએ તો ગુનાહોની અધિક્તા અને તેના વિવિધ આસાન ઝરીયાઓના કારણે નવયુવાન પેઢી બદ્કારીની અંદર ડૂબતી જઈ રહી છે અને એના કારણે એમની રૂહ પ્યાસી થઈ ચૂકી છે. જો આપણે એમના પ્રતિ ધ્યાન ન આપ્યું તો ગુનાહ કરતાં કરતાં આ જ બેઅમલી તેમને બેઈમાનીના દ્વારે ખડી કરી આપશે, ત્યારબાદ આપણે અફસોસમાં હાથ ઘસતા રહી જાશું. મારી દર્દમંદાના ગુઝારિશ છે કે નવયુવાન પેઢી તરફ ભરપુર ધ્યાન આપવામાં આવે, કેમ કે ખૂબ જ તીવ્રતાપૂર્વક આખા જગતમાં નવી પેઢી ઈસ્લામ બેઝારીની લહેરમાં વહેતી જઈ રહી છે. આપણે તે જ તબ્લીગનો તરીક઼ો અપનાવીએ જે પયગંબરે રહ઼મત ﷺએ અપનાવ્યો, નહીં તો એ વાત આપણે દિમાગમાં રાખવી જોઈએ કે આપણે જો પૂરાણો ચીલા ચાલુ તરીક઼ો ચાલુ રાખ્યો તો એ તરીક઼ાથી નવયુવાન પેઢીને ઈસ્લામ પર કાયમ રાખવી મુશ્કેલ બનશે.

આજે આપણી જિંદગી, આપણી મેહફિલો, આપણી ચર્ચાઓ દૂર દૂર સુધી કુર્આને મુકદ્દસથી ખાલી જોવા મળે છે. મારી વિનંતિ છે કે જો આપણે નવયુવાનોને ઈસ્લામ પર ચાલતા રાખવા ચાહીએ છીએ તો આપણે આ ચીજ પર ખાસ ધ્યાન કરવું પડશે. આ જ મારો પયગામ છે. મને આશા છે કે આપ મારી રજૂઆતોને સારી રીતે દિલમાં બેસાડવાની કોશિશ કરશો. આ ખાસ કરીને આપણા એ સાથીઓ માટે છે જેઓ દા'વત તબ્લીગના કામમાં લાગેલા છે, જુમ્આમાં તક્રીરો કરે છે તથા જલસા જુલૂસોમાં તક્રીરો કરે છે. એમનામાં જો આ ચીજની તરફ ધ્યાન થઈ ગયું તો ઈન્શાઅલ્લાહ ! બેહતર પરિણામ જાહેર થશે.

*-(સુન્ની દા'વતે ઈસ્લામી, ફેબ્રુઆરી-૨૦૧૭,*
*બરકાતે ખ્વાજા -માસિક, ફેબ્રુઆરી-૨૦૧૭)*

## અશ્રફિયાની ચળવળની ક્રાંતિકારી અસરો

અલ્લાહ ﷻએ ઘણા બધા એવા બંદાઓને પેદા કર્યા જેમણે ભગ્નહૃદયી ઈન્સાનોને સાંત્વન આપ્યું અને તેમની વૈચારિક તથા અમલી નિષ્ક્રિયતાને તોડવાની ભરપુર કોશિશ કરી. જેમ કે આપ જાણો છો કે ઈસ્લામ પર યૂરોપના મુસ્તશ્રિકો (**Orientalist** = અંગ્રેજોનું ઈસ્લામમાં ખામી કાઢનારાઓનું ગૃપ)નો એક ઘણો જ મહાન વાંધો એ છે કે, ''ઈસ્લામ શિથિલતા (સુસ્તીપણા)નો મઝહબ છે, એના માનવાવાળાઓમાં સક્રિયતા નથી, અથવા એમનામાં કાંઈક કરી જવાની કાબેલિયત તથા ક્ષમતા નથી.'' પરંતુ કુર્આને મુકદ્દસના અભ્યાસથી એ હકીકત ધોળા દિવસની જેમ જાહેર થઈ જાય છે કે ઈસ્લામ શિથિલતા તથા નિષ્ક્રિયતાનો મઝહબ નથી, બલ્કે કાર્યરતપણા તથા અમલનો મઝહબ છે. ખાલિકે કાઈનાત અલ્લાહ ﷻએ શિથિલતા (ઢીલાપણા)ને તોડવાના સંબંધે ફર્માવ્યું : ''અને તમે ફર્માવો ! કામ કરો હવે તમારાં કામ

જોશે અલ્લાહ અને તેના રસૂલ અને મુસલમાન, અને નજીકમાં એની તરફ પલટશો જે છુપા તથા જાહેર સૌને જાણે છે તો તે તમારાં કામો તમને જતાવી દેશે.'' *(સૂ. તૌબા–૧૫, કન્ઝુલ ઈમાન)*

એ જ પ્રમાણે હુઝૂર ﷺના થકી આ પણ ફર્માવ્યું : ''તમે ફર્માવો, હે મારી કૌમ ! તમે પોતાના સ્થાને કામ કર્યે જાવ, હું મારું કામ કરું છું. તો હવે જાણવા ચાહો છો કે કોનુ રહે છે આખેરતનું ઘર ?! બેશક ! જાલિમ ભલાઈ નથી પામતા.'' *(સૂ. અન્આમ–૧૩૫, કન્ઝુલ ઈમાન)*

اعملو તથા اِنِّی عَامِلٌ (તમે પણ કામ કરો, હું કામ કરવાવાળો છું)ના શબ્દોથી જાણવા મળ્યું કે ઈસ્લામ શિથિલતાની તાલીમ નથી આપતો, સક્રિય રહેવાની તાલીમ આપે છે. એ જ કારણે નજીકના ભવિષ્યના મહાન બુઝુર્ગ જલાલતુલ ઈલ્મ હાફિઝે મિલ્લત અલ્લામા અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہએ તોફાનોના માહોલમાં કામ કરવાની સાથોસાથ સોનેરી કથનો ઈર્શાદ ફર્માવ્યાં જે દીનના કામમાં વ્યસ્ત લોકો માટે પ્રોત્સાહન પૂરુ પાડતાં જોવા મળે છે. જેમ કે ''દરેક વિરોધનો જવાબ કામ !'' હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہનું આ તે વાક્ય છે જે પોતાનામાં અર્થોનો સમંદર ધરાવે છે. એમાં એ દર્સ છે કે જો કોઈ મુસીબતોમાં સપડાયેલો હોય તો તેણે મુસીબતો પ્રતિ ધ્યાન આપવાને બદલે કામ પ્રત્યે ધ્યાન આપવું જોઈએ. જયારે તે કામ પ્રતિ ધ્યાન આપશે તો મુસીબતો આપોઆપ દૂર થઈ જશે. એ જ પ્રમાણે હુઝૂર હાફિઝે મિલ્લતનો એક કૌલ છે, ''જમીનની ઉપર કામ, જમીનની નીચે આરામ.'' હું સમજુ છું કે હાફિઝે મિલ્લતનું આ વાક્ય યૂરોપના ઓરિએન્ટલિસ્ટના તરફથી કરવામાં આવેલ વાંધાનો મુંહતોડ જવાબ છે. હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ આકાએ કરીમ ﷺના ફર્માનો પર અમલ કરતાં પોતાના માનવાવાળાઓને સક્રિય (એક્ટિવ) રાખવા ચાહે છે અને એ વાતની તાકીદ કરી રહ્યા છે કે પૃથ્વીના પટ પર કામ કરો, ત્યારબાદ આરામ કરો. એટલે તે પોતાના માનવાવાળાઓને સતત સક્રિય રાખવા ચાહે છે. હુઝૂર હાફિઝે મિલ્લતે પૂરી જિંદગી મુશ્કેલીઓમાં પસાર કરી.

તે વખતે આટલાં સાધનો તથા ઝરીયા ન હતા જેટલા આજે જોવા મળે છે, પણ આપે અલ્જામિઅતુલ અશ્રફિયા–મુબારકપુરના સ્વરૂપમાં એ મહાન કારનામુ અંજામ આપ્યું છે કે પૂર્વથી લઈને પશ્ચિમ સુધી અને ઉત્તરથી લઈને દક્ષિણ સુધી એમના શાગિર્દોની જાળ બિછાએલી છે. જો એવું કહેવામાં આવે તો અયોગ્ય ન ગણાશે કે વર્તમાનકાળમાં ઈસ્લામ તથા સુન્નિયત તથા મસ્લકે આ'લા હઝરતના વિસ્તરણમાં હુઝૂર હાફિઝે મિલ્લતનો તથા મિસ્બાહીઓનો ઘણો જ ચાવીરૂપ રોલ છે. આજે એમના શાગિર્દો પછી શાગિર્દોના શાગિર્દો પૂરી દુનિયામાં ઈસ્લામની તરક્કીનું કામ અંજામ આપી રહ્યા છે અને ગૈરો પર હમેશાં તેમનો પ્રભાવ છવાયેલો રહે છે. જો ગૈરોને ખબર પડી જાય કે ફલાણા ઈલાકામાં એક મિસ્બાહી છે તો તે પ્રભાવિત થઈ જાય છે અને એ સમજી લે છે કે ફલાણા ઈલાકામાં કોઈ પઢેલો ગણેલો આવ્યો છે. આ હાફિઝે મિલ્લતનો ઘણો જ મહાન ફયઝ છે અને તેમના ઈખ્લાસ તથા લિલ્લાહિયતનું પરિણામ છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત હુઝૂર હાફિઝે મિલ્લતના દરજાઓને બુલંદ ફર્માવે અને આપણને તેમના નક્શે ક઼દમ પર ચાલવાની તૌફીક઼ આપે.

*–(માહનામા સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી,માર્ચ–૨૦૧૭,*

*બરકાતે ખ્વાજા –માસિક, માર્ચ–૨૦૧૭)*

## યા અલ્લાહ ! અમને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ના સાચા ગુલામ બનાવી દે

ઈખ્લાસ (નિખાલસતા, નિઃસ્વાર્થપણુ) એક મહાન શક્તિનું નામ છે. રબની બારગાહમાં તે જ અમલ સ્વીકારને પાત્ર છે જેમાં ઈખ્લાસ હોય. એટલા માટે કુર્આને પાકમાં ઠેકઠેકાણે ઈખ્લાસ માટે પ્રોત્સાહિત કરવામાં આવેલ છે. એ જ પ્રમાણે રસૂલે પાક ﷺની હદીષોમાં પણ એના પ્રતિ આકર્ષિત કરેલા છે. આજે દુનિયામાં ઘણા બધા ક્ષેત્રોમાં કામ કરવાવાળા પોતાને મુખ્લિસ (નિખાલસતાવાળા) કહે છે અથવા એ

સાબિત કરવાની કોશિશ કરે છે. પરંતું તેઓ પોતાના દાવામાં કેટલા સાચા છે એ તો એઓ જ બતાવી શકે છે, કે પછી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતને એનો ઈલ્મ છે. પરંતું આજે એવી શખ્સિયતના ઉલ્લેખનો હેતુ છે જે સરાપા (માથેથી પગ સુધી) ઈખ્લાસ હતા. એમના ઈખ્લાસ માટે એનાથી મોટી દલીલ અન્ય શું હોઈ શકે છે કે ખુદ આકાએ કરીમ ﷺએ એની ગવાહી આપી ?! ખલીફએ અવ્વલ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના બારામાં કોણ નથી જાણતું ?! તેમણે આક઼ાએ કરીમ ﷺની જાતમાં ગુમ થઈને તેમની દરેક અદાને અપનાવી અને દુનિયાને એવું કહેવા માટે મજબૂર કરી કે આજે અંબિયાએ કિરામ علیہم السلام પછી જો પૃથ્વીના પટ પર કોઈ અફઝલ તથા આ'લા છે તો તે સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે. એમના ઈખ્લાસને સમજતાં પહેલાં કુર્આને મુક઼દ્દસની રોશનીમાં આક઼ાએ કરીમ ﷺના ઈખ્લાસને જુઓ. રબ તઆલા ફમાવે છે :

قُلْ اِنَّ صَلَاتِیْ وَنُسُکِیْ وَمَحْیَایَ وَمَمَاتِیْ لِلّٰهِ رَبِّ الْعٰلَمِیْنَ۔

"તમે ફર્માવો કે બેશક઼ ! મારી નમાઝ અને મારી કુર્બાનીઓ, અને મારું જીવવું અને મારું મરવું સર્વ અલ્લાહના માટે છે જે રબ સર્વ જહાનનો." *(સૂ. અન્આમ–૧૬૨)*

હુઝૂર રહમતે આલમ ﷺની નમાઝ, કુર્બાની બલ્કે જિંદગી તથા વિસાલ સર્વ કાંઈ અલ્લાહ રબ્બુલ આલમીનના માટે હતું. જાણવા મળ્યું કે હુઝૂર ﷺની સંપૂર્ણ જિંદગી ઈખ્લાસથી ભરપુર હતી, કેવળ અલ્લાહ રબ્બુલ આલમીનના માટે હતી જેની ગવાહી ખુદા ખુદ આપી રહ્યો છે. એ જ પ્રમાણે આપના આશિકે સાદિક઼ સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہના ઈખ્લાસની ગવાહી પણ કુર્આન આપી રહ્યું છે. જ્યારે સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہએ હઝરત બિલાલ હબ્શી رضی اللہ عنہને ઊંચી કિંમત આપીને આઝાદ કરાવ્યા તો લોકોએ એ વાત ઉડાડી કે બિલાલનું કાંઈક એહસાન સિદ્દીકે અકબર પર હશે એટલા માટે તેમણે બિલાલને આઝાદ કરાવ્યા છે. તો ક઼ાદિરે મુત્લક઼ે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના ઈખ્લાસની

ગવાહી કુર્આનમાં આપી અને ફર્માવ્યું : اِلَّا ابْتِغَآءَ وَجْهِ رَبِّهِ الْاَعْلٰى "(આઝાદ કરવામાં) કેવળ પોતાના રબની રઝા ચાહતો જે સૌથી બુલંદ છે." *(સૂ. લૈલ–૨૦)*

આપણે એ વાત દિમાગમાં રાખવી જોઈએ કે સાચો ઈશ્ક઼ મહબૂબની અદાઓ અપનાવવાનો તક઼ાદો કરે છે. જો આપણા કિરદારમાં મહબૂબની અદાઓની ઝલક નથી, તો આપણો આશિક઼ હોવાનો દાવો બેકાર છે. આપણે કેવા આશિક઼ે રસૂલ છીએ કે દાવો તો ખૂબ કરીએ છીએ પણ આપણા ઝમીરની અદાલતેથી ફૈંસલો કદી નથી લેતા કે શું ખરેખર આપણને આપણા આક઼ા ﷺથી મહોબ્બત છે ? આપણે ડગલે ને પગલે તેમની નાફર્માની કરીએ છીએ, તેમની રૂહ મુબારકને તકલીફ પહોંચાડીએ છીએ, અને પોતાને આશિક઼ પણ બતાવીએ છીએ ! આ કેવો ઈશ્ક઼ છે ? આ કેવી મહોબ્બત છે ?! યાદ રાખશો કે ઈશ્ક઼ની આગ તે આગ છે જે એકવાર લાગી જાય છે તો દિલ હમેશાં મહબૂબની યાદમાં તડપતુ રહે છે, તેને કોઈ પળે ચૈન નથી મળતું. અને આ ઈશ્ક઼ તો તે આગ છે જે જહન્નમની આગથી નજાત આપે છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ક઼ાદરી رحمۃ اللہ علیہનો સાચો ઈશ્ક઼ જુઓ ! ફર્માવે છે :–

*અય ઈશ્ક઼ ! તેરે સદક઼ે, જલનેસે છૂટે સસ્તે*
*જો આગ બુઝા દેગી, વો આગ લગાઈ હૈ*

ઈશ્ક઼ની આગ, ઈશ્ક઼ની ઉષ્મા આપણને સાચા અર્થમાં મુસલમાન બનાવે છે. જો આપણને આપણા આક઼ા વ મૌલા ﷺ થી ઈશ્ક઼ નથી તો પછી આપણે આપણા મુસલમાનીના દાવા પર પણ ફેર દષ્ટિ કરવી જોઈએ, કેમ કે ઈશ્ક઼ વિના કાંઈ હાંસલ થશે નહીં, ઈશ્ક઼ જૌહર છે, ઈશ્ક઼ પાયો છે. જ્યારે પાયો જ ખરાબ હોય તો ઈમારતની સ્થિરતાની જિમ્મેદારી કોણ લઈ શકે છે ?! આવો ! આપણે સૌ દુઆ કરીએ કે હે અલ્લાહ ! عزوجل તું અમને તારા પ્યારા મહબૂબ ﷺના પ્યારા સાથી હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہના ઈશ્ક઼ તથા ઈખ્લાસનો સદક઼ો અતા ફર્માવ, અમારું નામ એ ગુલામોમાં લખી લે, અને અમને હઝરત સિદીક઼ે અકબર رضی اللہ عنہના સદક઼ામાં ઈશ્ક઼માં સાચા બનાવી દે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી, મંથલી, એપ્રિલ–૨૦૧૭,*
*બરકાતે ખ્વાજા –માસિક, એપ્રિલ–૨૦૧૭)*

# નિષ્ફળતાનું મૂળ કારણ

દરેક માનવી સારી રીતે વાકેફ છે કે બાતિલ શક્તિઓ મૂળભૂત રીતે ઈસ્લામ તથા મુસલમાનોની વિરૂધ્ધ સક્રિય રીતે કાર્યરત છે. એઓ સૌ ઈસ્લામ તથા મુસલમાનોને પૃથ્વીના પટ પરથી મિટાવી દેવાના માટે સંગઠિત થયેલી છે. વર્તમાન સમય પૂરા ઈસ્લામી જગતના મુસલમાનો માટે કઠણાઈઓ તથા કસૌટીઓનો દૌર છે. નિર્દોષ મુસલમાન પુરૂષો સ્ત્રીઓ તથા બાળકોનું લોહી પાણીથી પણ વધુ સસ્તુ થઈ ગયું છે. આવા સંજોગોમાં ચો તરફથી દરેક મુસલમાનનો એક જ સૂર છે કે જ્યારે આપણો રબ સાચો, આપણા રસૂલ સાચા, આપણો દીન સાચો, આપણો અક઼ીદો સાચો, તેમ છતાં દુનિયાભરમાં મુસ્લિમ ક઼ૌમ પરેશાન શાથી છે ? પૃથ્વીના પટ પર ક્યાંય પણ મુસ્લિમ ઉમ્મત પર સુકૂન જોવા નથી મળતુ, બલ્કે બેચૈની તથા બેક઼રારી જોવા મળે છે. દાનિશ્વર હોય કે આમ મુસલમાન, પુરૂષો હોય કે સ્ત્રીઓ સૌને રહી રહીને એ જ ખયાલ આવે છે. મને આ મોક઼ા પર એક કહાની યાદ આવે છે.

એક ગામડાવાસી એક શહેરમાં પહોંચ્યો. ત્યાં એક મેદાનમાં લોકોને ફૂટબોલ રમતા જોયા તો એને આશ્ચર્ય થયું કે છેવટે સર્વ લોકો આ બોલને લાતો કેમ મારી રહ્યા છે ? એ જ અસમંજશમાં હતો કે છેવટે આનું કારણ શું હોય શકે છે ? જ્યારે કાંઈ સમજમાં ન આવ્યું તો દૂર એક ઉમરવાળા માણસને બેઠેલા જોયા. તો તેમને પૂછયું કે હઝરત ! આ સૌ લોકો દડાને લાતો કેમ મારે છે ? દડાનો શો વાંક છે ? તે વડીલે એક ઠંડો શ્વાસ ખેંચ્યો અને ફર્માવ્યું, બેટા ! દડાનો એક જ વાંક છે ! કે તે અંદરથી ખાલી છે. જો તે અંદરથી ભરેલો હોત તો કોઈ તેને લાત મારવાની હિંમત ન કરતા !

આ કહાનીથી એ પરિણામ નીકળ્યું કે આજે મુસલમાન પૂરી દુનિયાની ઠોકરોમાં આવી રહ્યો છે, એનું કારણ એ છે કે તે અંદરથી પોલો થઈ ચૂક્યો છે. ઝબાન પર ઈસ્લામ છે પણ દિલો જિગરમાં કેવળ નામનો ઈસ્લામ રહી ગયો છે. જો આ જ ઈસ્લામ સંપૂર્ણપણે આપણા

અસ્તિત્વમાં પ્રવેશી જાય અને આપણે માથાથી પગ સુધી મુસ્લિમ બની જઈએ તો જમાનાની ઠોકરોમાં કદી ન આવી શકીએ. અફસોસ ! **આપણે ઈસ્લામથી મહોબ્બતની વાત તો કરીએ છીએ પરંતું ઈસ્લામના પાબંદ બનવા નથી ઈચ્છતા !** આજે ગુનાહોની ચુંગાલમાં ફસાયેલી કૌમ પ્રગતિ કેવી રીતે હાંસલ કરી શકે છે ? આજે સોશિયલ મીડિયા પર ગીબત, આપસમાં મુનાઝરાની ચેલેંજો, કોઈની આબરૂથી ખેલ કરવું, હાલના દેશ તથા જગતના સંજોગોથી અભાનતા, અને એકબીજાની ઈજ્જતને પાયમાલ કરવું, આ બધું આપણને કેવી રીતે કામયાબ બનાવી શકે છે ?!

આજે આપણે ચાહીયે છીએ કે આપણી હાલતો બદલાય જાય, પરંતુ શું આપણે પોતે પોતાને બદલ્યા ! શું આપણે પોતે પોતાને સંવાર્યા ? શું આપણે ગુનાહોથી દૂરી અપનાવી ? શું આપણે નેકીઓની તરફ કદમ વધાર્યા ? શું આપણે સૌના હક્ક અદા કર્યા ? આપણે ચાહીએ છીએ કે સંજોગો સુધરી જાય પરંતુ આપણે પોતાને સુધારવા નથી ચાહતા ! યાદ રાખો ! રબનું ફર્માન હક્ક છે : "બેશક ! અલ્લાહ કોઈ કૌમથી પોતાની નેઅમત નથી બદલતો જ્યાં સુધી તે પોતે હાલત ન બદલી નાખે, અને જ્યારે અલ્લાહ કોઈ કોમથી બુરાઈ ચાહે તો તે ફરી નથી શકતી. અને એના સિવાય કોઈ હિમાયતી નથી." *(સૂ. રઅ્દ, આ.૧૧)*

એક બીજા ઠેકાણે આપણા સૌનો ખાલિક તથા માલિક અલ્લાહ ﷻ ઈર્શાદ ફર્માવે છે : "ચમકી ખરાબી ખુશ્કી તથા તરીમાં એ બુરાઈઓથી જે લોકોના હાથોએ કમાઈ જેથી તેમને તેમના અમુક કરતૂતોની મજા ચખાડે કે ક્યાંક તેઓ રોકાય જાય." *(સૂ. રૂમ, આ. ૪૧)*

આવો ! આ બંધારણ પર અમલ કરીને આપણે અલ્લાહની તરફ પરત થઈએ, કુર્આને કરીમને જીવન બંધારણ બનાવીએ, સાચા દિલથી તૌબા તથા ઈસ્તિગફાર કરીએ, ગુનાહોથી પરહેઝ કરીને નેકીઓ તરફ આગળ વધીએ. અલ્લાહ ﷻ પોતાના ફઝ્લો કરમ તથા હુઝૂર રહમતુલ્ લિલ્આલમીન ﷺના સદકામાં જરૂર સંજોગોને બદલી નાખશે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મે–૨૦૧૭,બરકાતે ખ્વાજા –માસિક, મે–૨૦૧૭)*